આવતી કાલનાં નાગરિકો ઘડતું આજનાં ઘરોનું પત્ર

કુમાર

વર્ષ પંદરમું • અંક દસમો • આસો • ૧૯૯૪

તંત્રી • રવિશંકર રાવળ

સંપાદક • બચુભાઈ રાવત

સળંગ અંક

૧૭૮



ઉદય • બે રંગી વૂડકટ : (રસિકલાલ પરીખ)

કુમાર
આસો ૧૯૯૪
અંક ૧૭૮

મુદ્રક · બચુભાઇ રાવત; તંત્રી અને પ્રકાશક · રવિશંકર રાવળ કુમાર પ્રિન્ટરી કુમાર કાર્યાલય ૧૪૫૪ રાયપુર અમદાવાદ; વાર્ષિક લવાજમ રૂ. ૬, પરદેશના ૧૨ શિ.: છ માસિક લવાજમ રૂા. ૩; છુટક નકલના ૧૦ આના. મુંબાઇના એજન્ટો · આર.આર શેઠની કંપની, અને રી. જમનાદાસની કંપની, પ્રિન્સેસ સ્ટ્રીટ. જાહેરખબરના સોલએજન્ટ રાવળ બ્રધર્સ પ્રિન્સેસ સ્ટ્રીટ










ફોટોગ્રાફી હરીફાઈનું પરિણામ

ઉપરઃ ડાબી બાજુ, 'કુદરતને ખોળે'-ભાઈ હાસમ સુતાર (નડીઆદ) ત્રીજું ઇનામ; જમણી બાજુ. 'ટોચે'-ભાઈ પુનમચંદ કમાણી (જમશેદપુર), **પહેલું ઈનામ**; નીચેઃ ડાબી બાજુ, 'હંસ'-ભાઈ રાવજીભાઇ પટેલ (નડીઆદ) બીજું ઈનામ; જમણી બાજુ, 'એકારી'-ભાઈ ચતુરભાઈ પટેલ (ખાનપુર), ઉત્તેજના ઈનામ.



ગોઠડી

કાંગરા (પહાડી) કલમનું ચિત્ર

(શ્રી કાર્લ ખંડાલાવાળાના કલાસંગ્રહમાંથી તેમના સૌજન્યથી)



હું તો ચહું

- પૃથ્વી -

મને શિશુતણી ગમે સરળ સૃષ્ટિ સ્નેહેભરી,
નિખાલસ સમત્વ ને અનઘ એક આનન્દની;
અભાન થકી જેહની જીવનધન્યતા નિર્ઝરે,
સદા મુદમયી જ મૂર્તિ જગની ઘડી જે રહે.

અને હૃદય આ નમે પુનિત શ્વેત વાર્ધક્યને,
સહી કટુ ય ઓજ કૈં, જગતનાં વિષો જીરવી,
નિહાળી વળી અન્ત્ય મંગલ સુયોજના વિશ્વની,
ધરે, અનુભવે વિશાળ, નયનો સમાધાનનાં.

છતાં ય દિલ તો ચહે તન યુવાનની તાઝગી,
ખુમારી નયનો તણી, ગરવ ઉચ્ચતા ડોકની;
અને અધિક એથી યે અમર એની આત્માકણી,
સમત્વ શુભ કાજ જે જીવનવિગ્રહે ઝૂઝતી.

અખૂટ રસ, પૌરુષે સભર આત્મ હું તો ચહું,
જહીં મરણ યે મહોત્સવ અપૂર્વ જેવું થતું.

મનઃસુખલાલ મ. ઝવેરી

વર્ષ પંદરમું
અંક દસમો
આસો
૧૯૯૪

નિખાલસતાભર્યું શૈશવ જગતમાં નિર્વ્યાજ આનંદ લઇ શકે છે; જગતની કટુતા અને સૌજન્ય જોઇને સંશુદ્ધ થએલી દ્દષ્ટિ વૃદ્ધાવસ્થામાં, વિશ્વની યોજનાનું અંતિમ ધ્યેય શુભ પરિણામી છે એમ સમજી શકે છે. એ બંને અવસ્થા પ્રત્યે કવિને આદર છે. પરંતુ એનું દિલ તો યુવાનીની તાઝગી ચહે છે. જે વખતે, એ જ કવિના એક બીજા કાવ્યમાં કહ્યા પ્રમાણે:


આંધી યદા ચહુદિશે ચડતી અને એ
ગાંડો મહાબ્ધિ જવ તાંડવ રુદ્ર ખેલે
ને મત્ત એક જવ અબ્ધિ પ્રચંડ હાસે
મ્હાલે અનન્ત પ્રલયંકર ગીત ગુંજી
ત્યારે યુવાન ઉર તારું ચહે જયશ્રી.

એને કશાની મહેચ્છા નથી. માત્ર એક જ તમન્ના હોય છે:

પોતાનું પૌરુષ જ માત્ર ચકાસવાનું,
ને એ વિધે કરવું યૌવનને કૃતાર્થ

એવા યૌવનને મરણ એક મહોત્સવ જેવું છે.

-ઉ૦



સપરમા દિવસો

● દીવાળી અને બેસતા વર્ષના આનંદોની પાછળ વર્ષ જેટલો કાળ પસાર કરી પાર ઉતાર્યાનો સંતોષ અને કલ્પી લીધેલી પ્રગતિની આશાઓ છૂપાએલાં હોય છે, પણ ભાગ્યે જ કોઇ તેનાં સાચાં માપ કે મૂલ્ય રજૂ કરી શકશે. દર વર્ષે આપણે દેશ, સમાજ, ભાષા, કળા તથા સાહિત્યનાં સરવૈયાં અને નવા વર્ષના અંદાજો કાઢયા કરીએ છીએ, પણ એકસાથે વીતી ગએલાં બધાં વર્ષોના ભંડોળ તરફ નીરખીને જગતની પ્રગતિ સાથે સરખાવીએ તો શું દેખાશે? દેશના આર્થિકને ઔદ્યોગિક પ્રશ્નો સંભાળવાનું રાજદ્વારી નેતાઓ માટે છોડી દઇને વિદ્યા, જ્ઞાન, તાલીમ, શિસ્ત કે સંગઠનમાં તૈયાર થતી પેઢીઓએ શું અને કેટલું કર્યું છે તે દરેક ગામનાં યુવકમંડળો કે વિદ્યાર્થી સમાજો વિચારી શકે તો કેવું સારૂં?

આપણે આપણા મિત્રોની જ પરીક્ષા લઇશું તો જણાશે કે દરેક જણે હજુ પોતાના જીવનનો ક્રમ વિચાર્યો હોતો નથી. અમુક પરીક્ષા પસાર કર્યા પછી કંઇક વિચાર કરીશું, કોઇને કહીશું, કોઇની લાગવગથી નોકરીની તજવીજ કરીશું વગેરે સંદિગ્ધ ભાવિનાં સૂચનો જ સાંભળીશું. દરેક માણસે આ જગતમાં પોતાનો આયુષ્યનો ક્રમ ગુજારવાનો છે જ, અને પોતાના કુટુંબ તથા દેશના એક અવિભાજ્ય ઘટક રૂપે કંઇક કરી બતાવવાનું રહેશે જ. તેનો વિચાર અને યોજનાઓ કર્યા વિના દિવાળી અંગેનાં અને નૂતન વર્ષાભિનંદનોનાં ખોખાં ટપાલમાં ને ચોપાનિયામાં ઉડાડયે રાખ્યે શો ફલિતાર્થ?

દુનિયામાં બધી બાબત સંપૂર્ણતાએ પહોંચી ગઈ છે એમ માની લેનારને કદાચ કંઇ કરવાનું સૂઝતું નહિ હોય. એવો વિચાર કરનાર મોટો ફિલસૂફ અથવા મૂર્ખશિરોમણિ જ હોઇ શકે. આ યુગમાં સર્વ સિદ્ધિ અને સમૃદ્ધિ ધરાવનારા અમેરિકા, જર્મની કે ઇંગ્લંડ જેવા દેશોમાંથી યે અવિરતપણે જગતના પદાર્થો અને જ્ઞાનની સમૃદ્ધિમાં નવા ઉમેરા તથા સુધારા થતા જ જાય છે, તો સતયુગનાં સ્વપ્નાં ઉડાડી કલિયુગમાં આંખ ઉઘાડતા હિંદુસ્તાન માટે હજુ તો કેટલાં પગથિયાં ચડવાનું બાકી ગણાય? એકેએક માનવીને ભાગે આવે એટલી કામગરી ને જવાબદારીના ઢગલા પડયા છે; છતાં તેની તાલીમ ને સંગઠનના પાયા ક્યાં? વિદ્યાર્થીઓ પોતાનાં જીવનનાં ભાતાં ભરવા પોતાની શાળાના પાંચસાત શિક્ષકો સામે રાતદિવસ નજર માંડી બેઠા છે. એ શિક્ષકોએ જીવનસંગ્રામનાં સાહસો ખેડયાં નથી; અક્ષર છોડી પદાર્થોના અભ્યાસ કર્યા નથી. એ તો ગ્રામોફોનની રેકર્ડો પેઠે યુનિવર્સિટી કે કેળવણીખાતાએ તમને ભણાવવા ગોઠવી દીધેલાં પૂતળાં છે. એમના શાળાના કાયદા ઉપરાંત ચારિત્ર્ય, સ્વમાન કે નાગરિક સ્વાતંત્ર્યનો હરફ સુદ્ધાં કાઢી ન શકે એવા તેમના પર અંકુશ છે.

આ સ્થિતિમાંથી કોઇ મુક્ત કરે એ આશામાં વર્ષો જવા ન દેતા. તમે આજના સપરમા દિવસે વિચાર કરી કાઢો કે તમે દેશની નિરાશા અને દારિદ્રયની લડતમાં શું કામ કરી શકો. આપણા સમાજને સ્વચ્છતા, શાંતિ, વિદ્યાપ્રચાર, સંસ્કારી વિનોદો, શારીરિક સ્વાસ્થ્ય અને ઉદ્યોગમય જીવનની કેટલી જરૂર છે! આ તત્વો પ્રચારવા તમે કેટલું કરી શકશો? તમે જેટલું બીજાઓના ઉત્કર્ષ માટે કરી શકશો એટલાં તમારા પોતાના આંતરિક વિકાસ અને સુખપ્રાપ્તિ સાધી શકશો. તમે મોટાઓ પાસે જઇ તમારાં મંતવ્યો કે યોજનાઓ રજૂ કરતાં ક્ષોભ પામતા હો તો નાના બંધુઓને સાથ આપો. તેમનાં ક્રીડાંગણ સુધારી આપો; તેમની પાસે વાર્તાઓ, કથાઓ ને ઇતિહાસ રજૂ કરો; ચિત્રો બતાવો. શ્રીમંત હો તો ગરીબ વિદ્યાર્થીઓને વાંચવાનાં, હુન્નરનાં કે રસાયણોનાં સાધનો અપાવો. તમારા બાલમિત્રોને રંગ, ઓજારો, ચિત્રો, ફોટોગ્રાફો, કૅમેરા કે કંઇ તેમના વિકાસને પોષે એવી ભેટો આપો; અને પ્રત્યેક અન્ય જણમાં કંઇ ને કંઇ કરવાની શક્તિ છે એ વિચાર તેનામાં જાગૃત કરી તેની અજ્ઞાત કારકિર્દીમાં તેજ ને બળ પૂરો. મિત્રોની ને પોતાની ધૂળ ખંખેરી ઉજાસ આવવાની સરસ તક આ સપરમા દિવસો જ છે. ર.મ.શા.

આ અંકનું મુખચિત્ર

હિમાલયમાં આવેલા કાંગરા પ્રદેશની આ ચિત્રકળા પહાડોમાં વિકાસ પામી હોવાથી પહાડી કલમ તરીકે ખાસ જાણીતી છે. બસોલિ, કાંગરા, ગુલેર, માંક, તેહરી, ગઢવાલ, જમ્મુ વગેરે રાજ્યોમાં તે પ્રધાનતઃ આશ્રય પામી હતી.

ચહેરાના મરોડ, રંગાવટ ને પોશાકને લીધે કાંગરા કલમ તરત જુદી તરી આવે છે. સફાઈ, એની રંગભરી સૌંદર્યરચના ને નમણાઇ ઓર જ છે. એના ચિત્રપ્રસંગોમાં મોટે ભાગે રાધાકૃષ્ણની લીલા, મહાભારત કે રામાયણનાં દશ્યો, નાયિકાભેદો, કે શિવપાર્વતીની કથાઓ હોય છે. તેમાં યે કૃષ્ણલીલાના આલેખનમાં તો એ હૃદયંગમ ને સંગીતમય બની જાય છે.

કાંગરા કલમનો ઇતિહાસ ૧૮મી સદીના આરંભમાં છે. એમાં કેટલાંક સરસ ચિત્રો હજી ૫૦ વર્ષ ઉપર જ થએલાં છે. ખરેખર, આલેખનની નાજુકાઇ અને સફાઇદારીની બાબતમાં તો કાંગરા ચિત્રોમાં મુઘલ કળાની જ અસર ઉતરી છે.

એમ છતાં એ ચિત્રો અચૂકપણે હિંદુ સ્વરૂપનાં જ છે. બૉસ્ટન મ્યૂઝિયમમાંનું 'ગોરજ' નામનું એ કલમનું ચિત્ર

તો મુગલ કલાના કોઇ પણ ચિત્રને ટપી જાય એવું છે. આ અંકનું મુખચિત્ર ૧૮મી સદીના અંતભાગનો નમૂનો છે. તેમાં રાધાકૃષ્ણ યમુનાતીરે પુષ્પશય્યા પર બેઠાંબેઠાં ગોષ્ઠી કરતાં જણાય છે. કૃષ્ણ નેહભરી નજરે રાધાને નિરખી રહ્યા છે.

સુકુમારતાભરી રેખાઓ વડે આલેખાએલી રાધાકૃષ્ણની છટાભરી બેઠકોમાં તેમજ તેમનાં વસ્ત્રો રજૂ કરવામાં પણ પાકી સમજપૂર્વકનું ચિત્રાંકન છે. વૃક્ષોનાં પાનેપાન કાળજીથી આલેખાયાં છે ને જમણે ખૂણે એક ડાળી પર બે પંખી આલેખીને ચિત્રમાં જે ચમત્કૃતિ મૂકી છે એ પણ ધ્યાન ખેંચે છે. નીચેના ભાગમાં એ વખતની સ્થાપિત ઢબે નદી બતાવી છે. કલાકારે ગોપગોપીના જીવનના અમર સ્નેહની સુંદર ઘડીઓ ચીતરવામાં કલ્પનાને સજીવ કરી બતાવી છે અને તેમના હૃદયના ગુંજન જેવી સંગીતમય રચના ખડી કરી દીધી છે.

કાર્લ ખંડાલાવાલા

દિલની વાત

એ તે કેવી વિલક્ષણતા છે કે આ જગતરચનામાં મોતની પણ પરવા ન કરતાં મનુષ્ય પોતાના દિલની વાતને પકડી રાખે છે? વિચારની સ્વતંત્રતા, સિદ્ધાંતની દૃઢતા, સમાજની હિતકામના, આઝાદી, ધર્મ—એવી અનેક પ્રકારની બલિવેદીઓ રચાતી જ જાય છે ને એનામાં પોતાનું સર્વસ્વ હોમી દેનારા પણ કેટલા યે તૈયાર રહેતા આવે છે. યુગેયુગ ને દેશેદેશમાં શહીદો જન્મ લે છે. કયા કારણે તેઓ શરીરના સુખવિલાસને તજીને જીવતે જ અગ્નિકુંડમાં ખાખ થઇ જવા હસતા હસતા ચાલી નીકળે છે? અંતરના અવાજને આદર્શ માની તેના પર મરી ફિટવા માટે દિલના પોકાર પર નિસાર થનારાઓના મનમાં શું રહેતું હશે?—બુદ્ધિના ગજથી એનું માપ ન નીકળી શકે, શક્તિનું ત્રાજવું એનો તોલ ન કરી શકે, મૃત્યુ એની અમરતા ન મિટાવી શકે.

અજ્ઞાનની ઘોર ઘટા જ્યારે જગત પર અંધકાર ફેલાવી દે છે, ઉન્નતિનું એકેએક દ્વાર જ્યારે બીડાઇ જાય છે, અનાચાર ને અત્યાચારનું નગ્ન નૃત્ય જ્યારે શરૂ થાય છે ત્યારે પૃથ્વીના એ પાપભારના પરિત્રાણ અર્થે વિરલ વિભૂતિઓ જન્મ લે છે. તથાગત ને મહાવીર, ઇસુ ને મહમ્મદ એવી વિભૂતિઓ હતી. મનુષ્યની દુર્બળતાઓનો નાશ કરી એમણે સંસાર રહેવા યોગ્ય બનાવ્યો છે. શા માટે પોતાના જીવનને જોખમમાં નાખી એ લોકોએ પોતાનું સુખ જતું કરેલું? ઇતિહાસ એની ગાથા નહિ ગાઈ શકે—એની વાણી અધવચ્ચે જ રોકાઇ જવાની.

શ્રીમતીએ જો ભગવાન તથાગતની પૂજા છોડી દીધી હોત તો એની ગરદન પર પહેરેદારની તલવાર કદી ન પડત. પોતાનો સિદ્ધાંત જતો કર્યો હોત તો વિજ્ઞાનની વેદી પર ગેલીલિયોને બલિ ન બનવું પડ્યું હોત. માફી માગી લીધી હોત તો ખુદાના ફિરસ્તા જેવા સાત સો સીખોનાં મસ્તક દિલ્હીના ચાંદની ચોકમાં ન રગદોળાત. અરાજકતાવાદની વાત ન ઉચ્ચારી હોત તો બાકુનિનને જેલમાં ન સડવું પડત. 'અનલહક્ક'નો પોકાર ન કર્યો હોત તો મનસૂરને શૂળીએ ન ચડવું પડ્યું હોત. પોતાના દિલની વાતને મક્કમતાથી કોઇ વળગી ન રહેત તો બલિદાનોની સંખ્યા આટલી વધવા ન પામત.

લેનિને અનેક કષ્ટો વેઠીને પણ રશિયાને સ્વતંત્ર કર્યું. ક્રોપૉટ્કિને પોતાના આત્માના સુરમાં સુર મિલાવવા માન, જાન, ધન, સઘળાથી બેપરવા બની, કૅમ્બ્રિજ યુનિવર્સિટીની પ્રોફેસરીને તુચ્છકારી ભટકવાનું જ પસંદ કર્યું. આપણે એ મુજબ જ આપણું દિલ મજબૂત કરીએ—આપણા આદર્શોને દૃઢ બનાવીએ.

(હિંદી 'બાલક') —શ્રી મહાદેવનારાયણ વિદ્યાર્થી

મેંદીનાં પાન . . જેનો ખરો રંગ લાગશે તો સદા તમારા આત્માને સોહાવી રહેશે.



રુદન તો સહજ છે, સુંદર પણ હશે; પણ રુદન-સંયમ દુર્લભ છે, ભવ્ય છે.

સમાજ જેને કલંક કહે છે તેમાંથી બચવા માનવી બીજાં કેટલાં કલંકો વહોરી લે છે?

માણસને ખોટું કામ કરવાની શરમ નથી; ખોટું કામ કરતાં પકડાવાની શરમ છે.

વકીલોની શબ્દજાળ, ન્યાયાધીશની ભ્રમજાળ અને ન્યાય ખોળનારાઓની દુઃખજાળ એનું જ નામ કાયદો.

ક્રાન્તિની સફળતાનો આધાર ખૂનની સંખ્યા ઉપર નહિ પણ મરવાની તૈયારી પર આધાર રાખે છે.

ધર્મને શું બનાવશો? તલવાર કે ઢાલ?

નેપોલિયન અને હાનિબાલ સમોવડી, હિંદના

રણુવંકડા પહાડોમાં વસાએલી હિંદની વાયવ્ય સરહદની પહાડીઓનું આજે તો પૂરૂં ભૌગોલિક જ્ઞાન પણ આપણને મળતું નથી, ત્યાં છેક પ્રાગૈતિહાસિક (ઇતિહાસ પૂર્વના) કાળની રાણી સમિરમિશ્રા (સેમિરામિસ)થી તે મરાઠી સામ્રાજ્યના વિધ્વંસક અહમદશાહ અબ્દાલી સુધીના આક્રમણકારોની ખાંગીઓની ધૂળથી ઢંકાએલા તેના ઇતિહાસની ક્યાં વાત કરવી?

પણ એ સરહદ ઉપર જ, અશોકના અવસાનથી તે ગુપ્ત યુગ સુધીના તિમિરાચ્છન્ન ઇતિહાસમાં જે એક અજોડ વિભૂતિ પોતાની પ્રભા પાથરી ગઇ છે, તેને હિંદ કોઈ રીતે વિસારે પાડી શકે એમ નથી. હિંદના પુરાણા સાંસ્કૃતિક ઇતિહાસમાં અશોક પછી બીજું જ સ્થાન પ્રાપ્ત કરતી એ વિભૂતિ, તે પાઓનાનો પાઓ (મહારાજાધિરાજ) દેવપુત્ર કનિષ્ક.

તે કાળનાં રાજ્યો ને મહારાજ્યોમાં પણ કનિષ્કનાં પ્રતાપ ને સમૃદ્ધિની હરીફાઇ કરે એવું એકે ન હતું. ઉત્તરમાં પામીરના ઉચ્ચ પ્રદેશથી તે દક્ષિણમાં વિંધ્યની ગિરિમાળા સુધી, પશ્ચિમમાં બક્ત્રથી તે પૂર્વમાં મથુરા સુધી તેનું સામ્રાજ્ય વિસ્તરેલું હતું. ઉજ્જયિની ને મહારાષ્ટ્ર તેને ખંડણી ભરતાં ને મગધ સુધી તેની શેહ પહોંચતી. રોમના શાસક ટ્રોજનના દરબારમાં તેનો અવાજ હતો ને સુદૂર પૂર્વમાથી ચીનના સમ્રાટનો પુત્ર તેના દરબારમાં એલચી તરીકે વિરાજતો.

કનિષ્ક અંધકાર યુગની વિભૂતિ હતો—અંધકાર યુગની એટલા માટે કે તે કાળના ઇતિહાસની હજુ પ્રમાણભૂત માહિતી આપણને નથી મળતી. રડ્યાખડ્યા મળી આવતા સિક્કાઓ ને લેખો પરથી સિક્કાકારો ને શિલાલેખકારો જોકે તે ઉપર પ્રકાશ પાડતા રહ્યા છે, પણ એ જમાનામાં ફાલેલી સાહિત્યપ્રવૃત્તિ ને સંસ્કારિતાનો કશો પત્તો જ નથી મળતો.

હિંદમાં એ કાળે કોઇ ચક્રવર્તી રાજ્ય નહોતું. કવચિત્ કોઇ રાજ્યનું પરિબળ વધતાં તે થોડાઘણી સીમા વિસ્તારતા, પણ એ જોર ઘટતાં તે પાછી સંકોચાઇ જતી. માત્ર કલિંગના સમ્રાટ ખારવેલે એ વખત મગધ ઉપર આક્રમણ કર્યાનો ઉલ્લેખ મળી આવે છે, જે પરથી જણાય છે કે અશોકના અવસાન બાદ તુરતમાં જ કલિંગ સ્વતંત્ર થયું હશે. ર્હાઇસ ડેવીસના કથન મુજબ મગધનું મહારાજ્ય તો તે કાળે અસ્ત પામ્યું હોઇ, ચંપા અને કોશલના થોડા પૂર્વભાગના જ પ્રદેશ પૂરતું તે રહ્યું હતું.

અશોકના અવસાન બાદ મગધના દૂરના વાયવ્ય પ્રાંતોએ (જે સેલ્યુકસે લડાઇમાં હારી, પોતાની પુત્રી સાથે ચન્દ્રગુપ્તને આપી દીધા હતા) પોતાનું સ્વાતંત્ર્ય જાહેર કર્યું, ને એના ભાગલા પડી જઇ ત્રણ નાનાં ગ્રીક રાજ્યો અસ્તિત્વમાં આવ્યાં.

ત્યાર બાદ શક લોકો તખ્તા પર આવ્યા. ઇ.પૂ. ૧૭૦માં યૂચીઓએ એમને હરાવ્યા એટલે સોગ્દીઆના છોડી એમણે આ દેશ તરફ મોરચા માંડ્યા. એ શક (Ŝse) લોકો અહીંના હકદાર વતનીઓને હરાવીહરાવી ઇ.પૂ. ૧૨૦ લગભગમાં આ ભૂમિ પર ઊતર્યા ને મથુરા, ઉજ્જયિની, ગિરિનગર વગેરે સ્થળે થાણાં નાખ્યાં.

એ પછી એક સદી રહીને યૂચીની પાંચ જાતિમાંની એક કુશન જાતિ પ્રબળ બની ઊઠી ને તેના પહેલા સમ્રાટ કડફિસિસે કિ-પિન (ગાંધાર) કાબૂલ ને પંજાબ સર કરી ઇરાનની સરહદથી તે જેલમ સુધીનું મહારાજ્ય સ્થાપ્યું. હિંદી-ગ્રીક અને હિંદી-પાર્થિયન રાજ્યો પણ એણે પોતાના મહારાજ્યમાં ભેળવી દીધાં. એનો પુત્ર એટલો મહત્ત્વાકાંક્ષી ન હોઇ તેને ચીના સરદાર સિને હાથે હારી ચીનના ખંડિયા બનવું પડેલું.

કુશન આધિપત્યનું આ કલંક એ બીજા કડફિસિસ પછી તરત જ ગાદીએ આવેલા કનિષ્કે ધોઇ, તિબેટ, ચીન ને મંગોલિયાની પુરાણ કથાઓમાં સંમાનભર્યું પદ પ્રાપ્ત કર્યું છે. ચીનાઇ તુર્કસ્તાનના કાસગર, યારકંદ, ખોતાન વગેરે પ્રાંતોની જીત એની યુદ્ધવિષયક પ્રતિભા સાબિત કરે છે. હાનીબાલ કે નેપોલિયન સમોવડિયો એ સેનાની કઇ રીતે સત્તા પર આવ્યો, શા રીતે એણે આવું જબરૂં મહારાજ્ય જમાવ્યું એ જાણવાનાં કોઇ સાધનો કમનસીબે ઉપલબ્ધ નથી. આરા મુકામેથી મળેલા શિલાલેખમાં તેને વાઝેષ્કનો

અદમ્ય વિજિગિષા, અજોડ કલાવૃત્તિ અકૃત્રિમ જિજ્ઞાસા ને ઓજસ્વી પૌરુષ વડે

અંધકારયુગની પ્રતિભા



દેવપુત્ર કનિષ્ક

ઉપર: ખોદકામમાંથી મળી આવેલા કનિષ્કના સિક્કા પરની તેની છાપ ઉપરથી આલેખેલું ચિત્ર; ચામેરની લિપિમાં તેનું નામ લખેલું છે.

પુત્ર કહ્યો છે. તે સિવાય તેની ઉત્પત્તિ પર પણ કશો પ્રકાશ નથી પડતો. કહેવાય છે કે તિબેટનો અને ચીનાઓએ એ કાળનો બધો ઇતિહાસ સંઘરેલો છે, પણ એ તો બહાર આવે ત્યારે ખરો.

આજનો સરહદ પ્રાંત એ કાળે ગાંધાર નામે ઓળખાતો. તેનું મુખ્ય શહેર પેશાવર, એ કનિષ્કનું પાટનગર 'પુષ્કલાવતી'. ચીના યાત્રી સ્યેન-ચ્યંગ-તાસ્સે (હ્યુએન સંગે) તેનો પો-લુ-શા-પુ-લો તરીકે ઉલ્લેખ કરેલો છે. બૌદ્ધ ધર્મનાં ઘણાંખરાં મહાન પુસ્તકો અહીં જ લખાએલાં: ને ગાંધારના બૌદ્ધ વિદ્વાનો તો દુનિયાભરમાં પ્રખ્યાત હતા. ગ્રીકોથી પ્રેરણા પામેલા તેના કલાકારોએ પણ કળા અને શિલ્પમાં એવી અનોખી ને અદ્ભુત પ્રતિભા દાખવી હતી કે એ આખી કલાશૈલી હજુ યે 'ગાંધાર શૈલી'ને નામે ઓળખાય છે. વળી ચીનના શહેનશાહ મિંગ-તીએ સુલેહ કરતાં હિંદ ને ચીન વચ્ચે ચાલુ થએલી કારવાનોએ વેપારને પૂર્ણ વેગ આપેલો. ચીનનાં ગાજ ને રેશમ, લાખ ને નીલમ, ભૂમધ્યના કંઠારના દેશોમાં નિકાસ કરી ગાંધારની તીજોરી છલોછલ ભરાઇ હતી. ને એ સમૃદ્ધિના ઉપકરણે કનિષ્કે રોમન બાદશાહોનું અનુકરણ કરી સોનાના સિક્કા યે પાડવા માંડ્યા હતા.

હાલના પેશાવરની બાજુએ આ પુષ્કલાવતીના ભગ્નાવશેષો હજુ ઉભા છે, જે 'શાહજી ઢેરી' (શાહની ઢેરી) તરીકે ઓળખાય છે. આજથી બે હજાર વર્ષ પહેલાં કનિષ્કે તેમાં ભગવાન બુદ્ધના અવશેષો દાટેલા. ચીના મુસાફરોના બયાન મુજબ તેના પર એક રત્ન-જડિત કનિષ્કસ્તૂપ ઊભો કરવામાં આવેલો, જે ૪૦૦ થી ૭૦૦ ફૂટ ઊંચો હતો. ઇ. ૪૦૦માં ફાહિયાન ને ૫૧૮માં ચીનના તાઇ-હનના એલચી સુંગ-યુને પણ તેની નોંધ લીધેલી છે. સ્યેનચાંગના કથન મુજબ કનિષ્ક (કા-નિ-સિ-કા) બુદ્ધનિર્વાણ પછી ચાર સો વર્ષે ગાદીએ આવેલો. એના આગમન કાળે તો હિંદમાં બુદ્ધધર્મના ઉચ્છેદની પ્રવૃત્તિ ચાલુ થઇ ગઇ હતી.

બુદ્ધધર્મની પડતી સાથે જ એક રીતે હિંદુસ્તાનની પડતી થઇ એમ કહીએ તો જરા યે ખોટું નથી, કારણ બૌદ્ધ એ સર્વદેશિક ધર્મ હતો. પરદેશી વિજેતાઓનો પોતાનામાં સમાવેશ કરી લઇને એણે શકો તથા ગ્રીકો સુદ્ધાંનું પરાયાપણું નષ્ટ કર્યું હતું ને એ રીતે હિંદી બની ચૂકેલા શક સત્રપોએ સીસ્તાન સાથેનો પોતાનો સંબંધ પણ કાપી નાખ્યો હતો. આ સમન્વયે એક નવી જ સાંસ્કૃતિક શિખા પ્રગટાવેલી. એવો સમન્વય આદરવાનું ત્યાર પછી ઉત્થાન પામેલા બ્રાહ્મણધર્મને કદી નથી સૂઝયું. કુમારિલભટ્ટે ફરકાવેલા એ બ્રાહ્મણત્વના ઝંડાએ શી કામગીરી આદરેલી? બૌદ્ધોની નરી કતલ આમ. વિલ્કાન્સના કહેવા

જેણે ઇતિહાસને પણ અદેખાઇ આવે એવું અપૂર્વ મહારાજ્ય જન્માવ્યું



માથું ખંડિત થએલી કનિષ્કની મૂર્તિ

મુજબ કોઇ ધાર્મિક પંથનો ઉચ્છેદ આટલો ક્રૂરતાથી ને આટલો સંપૂર્ણ નથી થએલો.

કનિષ્કે બૌદ્ધધર્મ કેમ સ્વીકાર્યો એ અજ્ઞાત છે. દંતકથા તો એવી છે કે એક ગોવાળ બાળકે તેને એ ધર્મનું રહસ્ય સમજાવેલું. પણ એ ધર્મની દીક્ષા પછી તેણે એને ઉન્નતગામી બનાવવા દિલોજાનથી જે પ્રયાસો આદરેલા તેના પુરાવા તો અનેક આપણી પાસે પડેલા છે. શાખાપ્રશાખાઓમાં વહેંચાઇ જઇ દર્શનોની અનેક ભિન્નતાઓ ઊભી થએલી ત્યારે એ બધામાંથી સત્ય તારવવા એણે પાર્શ્વ અથવા પાર્શ્વિક નામના વિદ્વાનની અનુજ્ઞાથી, અશોકની જેમ જ, બૌદ્ધોની એક મહાસભા નિમંત્રેલી, જેણે બુદ્ધના ઉપદેશોનો સંગ્રહ કર્યો, ત્રિપિટકનું સંશોધન કર્યું ને તેના પર મહાનિભાષા નામની ટીકા રચી. આમ બૌદ્ધધર્મની પ્રતિષ્ઠા પુનઃ-સ્થાપિત કરતા જનસામાન્યની લાગણી ન દુખાય એ રીતે એણે રાષ્ટ્રીય બૌદ્ધ ધર્મ ઊભો કર્યો.

આ મહાસભાએ બૌદ્ધ ધર્મના અઢાર સંપ્રદાયો માન્ય કર્યાં. કનિષ્કે એની કાર્યવાહી તાંબાના પતરા પર કોતરાવી એ પતરાં સુરક્ષિત રાખવા માટે શ્રીનગર નજીક એક સ્તૂપની નીચે દટાવી દીધાં. હજુ સુધી એ હાથ નથી લાગ્યાં. મહાનિભાષાનો તો ચીની ભાષામાં અનુવાદ પણ થએલો છે. સઘળા ફિરકાઓનો સમાવેશ કરતા આ સંસ્કારિત ધર્મને 'મહાયાન'નું નામ આપવામાં આવ્યું, પણ એ સુધારાવધારાથી ચુસ્ત બૌદ્ધોની લાગણી દુખાઇ ને એમણે એથી અલગ રહી પોતાના મતપંથને 'હીનયાન' એવું નામ આપ્યું. આજ પણ બૌદ્ધ ધર્મ એ બે મહાશાખાઓમાં વહેંચાએલો છે. ગ્રીકો, શકો ને તાતારોને ધર્મજ્ઞાન સુલભ બનાવવા માટે આ મહાસભાએ ધર્મભાષા પણ પાલીને બદલે સંસ્કૃત નિર્ણીત કરી હતી, જે પ્રોફેસર મૅકડોનેલના અનુમાન મુજબ મુસ્લીમ આક્રમણ સુધી ચાલુ હતી. શ્રી ગોપાલસ્વરૂપ ભટનાગર, એ સભા કાશ્મીરના કુંદલવન વિહાર અગર તો જાલંધરના કુંદલ વિહારમાં વસુમિત્રના અધ્યક્ષપણા નીચે મળેલી માને છે.

કનિષ્કના પ્રતાપનો ખ્યાલ તો એટલા જ ઉપરથી આવશે કે તેના નામ પહેલાં તેના ચક્રવર્તીત્વની સૂચક આઠ થી દસ તો ઉપાધિઓ લગાડવામાં આવતી હતી. જૂની હિન્દુ રાજધાની પાટલિપુત્ર પણ એણે જીતી લીધેલી. 'બુદ્ધચરિત', 'કથામાલા', સૌન્દરનંદ' વગેરે કાવ્યગ્રંથોના પ્રણેતા અશ્વઘોષને એ ચડાઇ વખતે જ તે પોતાની સાથે લાવ્યો હશે. કાલિદાસથી યે શ્રેષ્ઠ શ્રાવસ્તીની એ પ્રતિભાનું પહેલું ઓળખાણ એને મહાસભામાં મળેલું. તિબેટી ભાષામાં એનું ચરિત્ર લખાએલું છે તેમાં લખેલું છે કે 'એને ન આવડે એવી એકે વસ્તુ ન હતી. શંકાનિવારણમાં તે અત્યંત કુશળ હતો અને પ્રખ્યાત ગાયક પણ હતો.' આમ આપણે જોઇએ છીએ કે કનિષ્કનો દરબાર એકલા તત્ત્વજ્ઞોથી નહિ પણ અનેકવિધ વિભૂતિઓ વડે શોભતો. બૌદ્ધ દંતકથાઓ અનુસાર હિન્દનો અનન્ય ભિષગ્વર ચરક પણ તેના જ દરબારમાં હતો.

કનિષ્ક પ્રકૃતિનો વિદ્યાર્થી અને એનો બાબૂબ પ્રશંસક હતો. કાશ્મીરની હરિયાળી કુંજોના વિહારમાં તે કલાતૃપ્તિ અનુભવતો. પોતાના નામ પરથી એણે 'કનિષ્કપુર' નામનું એક નગર પણ કાશ્મીરમાં વસાવેલું, જે કદાચ હાલનું કનિસ્પોર હોવા સંભવ છે. પેશાવરના લાહોરી દરવાજા બહાર એણે જબરો વિહાર બાંધેલો, જેના અવશેષ હજુ ઊભા છે. વળી એણે બૌદ્ધ ધર્મ સ્વીકાર્યો એના સ્મારકમાં, વિન્સેન્ટ સ્મિથે જેને 'દુનિયાની એક (અનુસંધાન આગળ પૃ. ૪૪૮મે



અવાજ થતાં જ વાઘ
મેદાનમાં કૂદી આવ્યો.

સામે મોંએ શિકાર

લેખક · જીવરામ જોષી
ચિત્રકાર · રવિશંકર પંડિત

ગયા તીર્થથી પાંચેક ગાઉ પૂર્વદિશામાં ટીકારી રાજની હદ છે. ત્યાં ઘણી નાનીમોટી પહાડી ટેકરીઓ છે. જગા પુરાતન છે. બુદ્ધ ભગવાનના કાળનાં દટાએલાં મંદિરો ને મૂર્તિઓ હજી મળી આવે છે.

સત્યાનંદ બ્રહ્મચારી ત્યાં ગએલા. આર્યસમાજના પ્રચાર માટે કોઇએ બોલાવેલા. પાછા આવ્યા અને ખબર લાવ્યા, કે વાઘનો શિકાર ખેલવો હોય તો ટીકારીમાં મોકો છે. ટીકારીમાં એક અંગ્રેજ અમલદાર હતા. ક્યાંય વાઘની ભાળ લાગે કે એ દોડી આવે. આ વખતે રાજકાજને લીધે વાઘનો શિકાર ખેલવાની એમને નવરાશ નહોતી.

મેં તો ચોપડાં મૂક્યાં ઊંચે અને તૈયાર થઈ ગયો. પણ બ્રાહ્મણભાઇ પાસે હથિયાર શાનાં હોય? અને સત્યાનંદ ભગવાંધારી બાવા, એ તો હથિયારને અડકે ય નહિ. શિકાર ખેલતી વખતે જંગલમાં જ બંદૂક લે. જંગલના નાકા સુધી બીજા પાસે ઊપડાવે. ભગવાંની એટલી આમન્યા પાળતો!

શિકાર ખેલવાનો હોય ત્યારે અમારે હથિયારવાળો દોસ્ત શોધવો પડે. એવા ઘણા જમીનદાર રાજપૂતો સાથે ભાઈબંધી બાંધી રાખેલી. જોનપુર પાસે એક ગામમાં એવા રાજપૂત મિત્ર હતા. એમનો વારો બાકી હતો. નૈનિતાલ ઉપર હવા ખાવા આવેલા ત્યાંથી ભાઇબંધી થઈ હતી. શિકારના શોખીન હતા.

હું તેમની પાસે ગયો. વાઘનો શિકાર કરવાના ખબર આપ્યા. એ તો તરત જ તૈયાર થઇ ગયા. આંખો દુખતી હતી તે સારી થઇ ગઇ છે એમ કહેવરાવવા આંખે બાંધેલા પાટા પણ તરત જ છોડી નાખ્યા.

બે બંદૂક અને એક રિવોલ્વર લઇ લીધાં. નોકર વિના જમીનદાર બાબુ કેમ રહી શકે! આવ્યા બનારસ; અને ત્યાં જોઇતી તૈયારી કરીને ગયામાં પહોંચી ગયા.

સવારમાં આઠ વાગ્યે મોટરમાં નસીરપુર ગયા. ત્યાંથી એક માઇલ દૂર ગામડામાં સત્યાનંદના એક સગાને ત્યાં રહેવાનું હતું. સત્યાનંદ જાતે ક્ષત્રિય હતો. સુખી કુટુંબનો નબીરો છતાં સેવાબુદ્ધિથી સંન્યાસી થયો હતો.

ત્રણેક માઇલ દૂર ડુંગર હતો. નક્કોર વાંસની ઝાડીવાળો. એનું નામ ભૂલી ગયો છું. ત્યાં વાઘની અવર જવર હતી. ડુંગર નાનો છતાં વિકટ હતો. વાઘનું રહેઠાણ ત્યાં નહોતું, પણ ક્યારેક આવી ચડતો. આ પ્રદેશમાં ચારેકોર સુંદર ટેકરીઓ પથરાએલી છે. એમાં એકજ ઠેકાણે વસવાથી વાઘને ખોરાક મળવો મુશ્કેલ. એટલે એકથી બીજી ટેકરી ઘૂમતો ફરે.

અમે જેમના મહેમાન થયા હતા, તેમનું નામ નાહરસિંહ હતું. એમણે સલાહ આપી, કે ડુંગરના પેટાળમાં બકરો બાંધીએ. વાઘ હશે તો જરૂર આવશે. મને અને સત્યાનંદને આ વાત પસંદ નહોતી. અમે વિરોધ પણ કરી દીધો. છુપાઇને, લપાઇને, કે છેતરીને શિકાર પાડવો એ કાયરનું કામ. વીરતા અને મઝા તો શિકારની સામે જવામાં છે.

પણ અમારા સાથી બાબુ સાહેબે બકરો બાંધવામાં હાથ ઊંચો કર્યો. બકરો લઇને બે ભૂંઇયા લોકોને મોકલ્યા હોવા. ભૂંઇયા એ બિહારની એક અસભ્ય જાત છે. શૂદ્રમાં ગણાય છે.

બકરો બાંધીને જોતા રહેવાનું હતું. વાઘ આવે, ખાજ ખાઈ જાય. ધરાઇને ઘેનમાં આવી જાય. ક્યાંક પડ્યો પડ્યો આરામ કરે. પછી શિકારી સાહેબો ક્યાંક માંચડા બાંધીને બેસે. ગામડિયા મજૂરો હોકારો કરીને વાઘને નસાડે. નસાડીને માંચડા પાસે લાવે. શિકારી માંચડા ઉપરથી ગોળી છોડીને શિકાર ખેલે. શોખીન લોકોનો આવો શિકાર!

બકરો બંધાયો. ભૂંઇયા લપાઇને બેસી રહ્યા. અરધી રાત પછી વાઘ આવ્યો. બકરાને ઉઠાવી જ ગયો.

દિવસ ઊગતાં જ ખબર મળ્યા અને અમે ઊપડ્યા. માંચડો બાંધીને નહિ પણ લપાઇને વાઘને મારવાનો ઠરાવ કર્યો હતો. અમે લપાઇને બેસીએ અને ભૂંઇયા વાઘને નસાડી લાવે, એવી રચના કરી. મેં અને સત્યાનંદે છૂપી મસલત કરી લીધી, કે વાઘ ભાગ્યાના ખબર મળે એટલે બંનેએ છટકી જવું અને વાઘને ભેટવું.

જગ્યા નક્કી થઇ ગઇ. એક નીચા કોતરની ભેખડો ઉપર બેસી ગયા. આગળ કોતર અને પાછળ ઢાળવી જગ્યા હતી. ભૂંઇયાઓએ ત્રણે બાજુ જઈ હોકારો મચાવ્યો. થાળીઓ પીટી. અમે વાંસની ઝાડીમાં ત્રણ દિશા ઘેરીને સંતાઇને બેઠા. વાઘ હૂમલો કરે તો પણ વાંસની ઝાડીમાં તેનો કાર લાગે એવું નહોતું. અમારી બંદૂકની નળીઓ કામ કરી શકે માટે આડા આવતા વાંસ કાપી નાખ્યા હતા.

હું અને સત્યાનંદ ઇશાન ખૂણામાં હતા. મારી પાસે રાઇફલ અને સત્યાનંદ પાસે તમંચો હતો.

વાઘ બિચારો આહારના ઘેનમાં ઘોરતો હશે. પોતાના શોખ ખાતર બીજાનો જીવ લેવા ભટકતા માણસ નામના પ્રાણીનો એને ખ્યાલ પણ નહિ હોય.

અવાજ દૂર હતો. વાઘનું ઘેન ઊડ્યું નહિ હોય. વાઘ કે સિંહ ઘણા ઉપવાસો પછી ખોરાક પામે છે. કોઇનો કાળ કોપે ત્યારે જ એનું ભાણું ભરાય. ભૂખ્યાને જ અન્નના સ્વાદનું અમી સમજાય છે. વાઘ એ માટે ભાગ્યશાળી પ્રાણી ગણાય. પ્રથમ તો શિકાર મળતાં જ આનંદવિભોર બની જાય. શિકાર માર્યા પછી એક પહોર ઠંડો થવા દે. પછી બે ત્રણ કે તેથી યે વધારે પહોર શિકાર ખાતાં થાય. પેટ ભરાય એટલે શાંતિથી નિરાપદ સ્થાનમાં ચાલ્યો જાય. ઘોર ઝાડી કે પહાડી કોતરની બખોલ વધારે પસંદ કરે. ત્યાં નીરાંતે પડ્યો પડ્યો ઊંઘે. અરધે પેટે હોય તો જ જાગ્રત રહે છે. નહિ તો નસકોરાં બોલાવે. પેટ ખાલી થાય અને આંતરડાંમાં હવા ભરાય એટલે જ ઊઠે, કે હવે શિકાર વિના નહિ ચાલે. આમ બે દિવસે ય જાય ને ત્રણે ય વીતે. એ તો પેટમાં પડેલા બોજા ઉપર આધાર.

અમારા વાઘની દશા અમે જાણતા નહોતા. અમે આપેલો બકરો પૂરતો થાય એવડો તો નહોતો જ. બે ત્રણ કલાક વીતી ગયા. ભૂંઇયા હોકારો મચાવીને થાક્યા. ધીમે ધીમે ડુંગરાના પેટાળમાં થઇને શિકારગાહ તરફ આવવા લાગ્યા.

હું અને સત્યાનંદ બહાર નીકળી આવ્યા.

'કેમ?' બાબુ સાહેબે કહ્યું.

'કેમ શું, વાઘ બાઘ નથી.' મેં કહ્યું.

'વાહ, કેમ જાણ્યું?'

'હોય તો અત્યાર સુધી પડી ન રહે.'

નાહરસિંહે પણ બહાર નીકળી પડી ટેકો આપ્યો.

વાઘ શંકાનું પૂતળું છે. હાલતું પાંદડું એની શંકામાં આવી જાય તો કાળ સમજીને નાસે. હોશિયાર પણ ઓછો નહિ. માણસ એનાથી જેટલાં ડરે છે, એના કરતાં એ પોતે માણસથી વધારે ડરે છે. બનતાં સુધી માણસની હડફેટે ચડવા એ ઇચ્છતો નથી.

ત્યાં તો ભૂંઇયા પણ આવી પહોંચ્યા.

'બાબુજી, બાઘ કેથે નીખે (વાઘ ક્યાં ય નથી)' કહીને ઊભા રહ્યા.


બે વાગી ગયા. સાંજ સુધીમાં ખબર મેળવી લાવવા નાહરસિંહે ભૂંઇયાને કહ્યું.

'ક્યા બાબુ સાહબ! આપકા ક્યા બિચાર હૈ?' સત્યાનંદે કહ્યું.

'બિચાર ક્યા? અબ તો ડેરે પર ચલેં. કલ ફિર.' બાબુ સાહેબે કહ્યું.

'અચ્છા, આપ જાઇએ. હમ ચલતે હૈં, જરા સા ઘૂમ ફિર લેં.'

'વાહજી! તુમ્હારી તો ઓર હી સનક હૈ! કલ કા



ગામડાનો સંત

ચિત્રકાર-ત્રિગુણાતીત પંચાળી (ગુ. ક. ચિત્રશાળા)



માટલાં

ફોટો · શ્રીદામ ભટ્ટ

ફોટોગ્રાફિક ચિત્રનિર્માણમાં ગુજરાતી તરુણની કદર

¶ લંડનના 'ધ રૉયલ' અને 'ધ-સલૉં' એવાં ટૂંકાં નામથી ઓળખાતાં 'ધ રૉયલ ફોટોગ્રાફિક સોસાએટી' અને 'ધ લંડન સલૉં ઑફ ફોટોગ્રાફી' એ બે મંડળોનાં વાર્ષિક પ્રદર્શનો દુનિયાભરમાં મોખરે ગણાય છે, ને એમાં પોતાનું ચિત્ર સ્વીકારાય એ સૌ ફોટોગ્રાફરોની મહેચ્છા હોય છે. એ પ્રદર્શનનું લેબલ લાગે એ જ એ ચિત્રની ઉચ્ચ કક્ષા ઠરાવવા બસ ગણાય છે. ¶ ચાલુ સાલમાં 'ધ લંડન સલૉંનું ૨૯મું વાર્ષિક પ્રદર્શન તા. ૮મી સપ્ટેંબરથી ૧૦મી ઑક્ટોબર સુધી ભરાએલું તેને માટે આવેલી ૫૦૦૦ ઉપરાંતની કલાકૃતિઓમાંથી દુનિયાના ત્રીસ જેટલા દેશોની ફક્ત ૪૨૨ કૃતિઓ જ ચૂંટીને કમિટીએ લટકાવેલી. લેવાએલાં ચિત્રો અને કલાકારોની સંખ્યા ગણતાં અનુક્રમે બ્રિટન, અમેરિકા, હંગેરી, સ્વીડન, હિંદુસ્તાન, ઑસ્ટ્રેલિયા, ઇટલી, જર્મની, ચેકોસ્લોવાકિયા અને ચીન મુખ્ય છે. હિંદના બાર કલાકારોની કૃતિઓ એ પ્રદર્શનમાં સ્થાન પામી છે, તેમાં અમદાવાદની ફોટોગ્રાફિક કલબ 'નિહારિકા'ના સભ્ય અને કુમાર કાર્યાલયમાં કામ કરતા યુવાન ભાઈ શ્રીદામ ભટ્ટનું 'માટલાં' નામનું ચિત્ર એ પ્રદર્શનની ભીંતે આવવાનું અપૂર્વ માન પામ્યું છે. ગુજરાત માટે એ ગૌરવ લેવા જેવું છે અને ભાઇ શ્રીદામની ફતેહ અભિનંદનપાત્ર છે. તદ્દન નજીવી વસ્તુઓના સમૂહમાં પણ કલાકારને ચિત્ર જડે છે તેનો આ કૃતિ સુંદર નમૂનો છે.

દિન ન નિકલેગા?'

'થોડી દેરમેં વાપસ આ જાએંગે.'

અમારે ડુંગરો ઘૂમવાની ઇચ્છા હતી. બાબુસાહેબ ખુલ્લી હવા અને તાપથી કંટાળી ગયા હતા. ઝટ ઘરમાં ઘૂસીને ગાદી તકિયે આળોટવા ચાહતા હતા. જમીનદારી આદત છૂટે શાની? મેં અને સત્યાનંદે ઘૂમી ફરીને સાંજે પાછા ફરવાની હઠ કરી. નાહર બાબુએ સાવચેતીનો ઉપદેશ આપ્યો. ભૂંઇયા સાથે અમે ગામ તરફ ચાલ્યા. અમે ડુંગરો ચડ્યા.

ત્રણચાર કલાક રખડ્યા. ડુંગરો વીંધીને બીજે છેડે નીકળ્યા, ત્યાં જગ્યા ઊંચાનીચા પથ્થરોવાળી હતી. નીચે ઉતરતાં સીધા પથ્થરની એક ભેખડ આવી. માંડમાંડ એ ઉતર્યા, ત્યાં તો પથ્થરની બખોલ! જોઇએ તો હાડકાં અને માંસના લોચા પડ્યા હતા. અહીં જ વાઘે બકરાને ફાડી ખાધો હશે. આ જગ્યામાંથી બહાર નીકળી જતાં બે મિનિટ પણ લાગે એવું નહોતું. ઘોંઘાટ થતાં વાર જ પલાયન થઇ ગયો હશે. અહીંથી કઇ દિશામાં જઈ શકે એ કલ્પીને અમે મેદાનમાં ઉતરી આવ્યા.

સાંજ થઇ ગઇ હતી. આમતેમ જોઇને પાછા વળ્યા. જરા અંધારૂં થતાં ગામમાં ગયા.

આ પછી આખું અઠવાડિયું અનુસંધાન મેળવતા રહ્યા પણ વાઘનો પત્તો લાગ્યો નહિ.

નવમે દિવસે ખબર મળ્યા, કે વાઘ ડુંગરાગાં આવી ગયો છે. નાહરસિંહે વળી બકરો બાંધીને જ ખેલવાનો વિચાર આગળ ધર્યો. બિચારા ગરીબ બકરાનો નાહકનો જીવ જતો કરવાનું અમને રૂચ્યું નહિ. એમ તો સત્યાનંદ પૂરો અહિંસાવાદી! અર્થ વગર એક કીડી મરે એ પણ એ સાંખતો નહિ. હજારોની હિંસા કરનારા વાઘને મારવામાં એ પુણ્ય જોતો!

અમે વાઘની આરામગાહ જોઇ આવ્યા હતા. જ વાઘ હશે તો ત્યાં જ રહેશે, એમ ધાર્યું.

'ચાલો, વાઘ શોધી આપવાનું મારે માથે.' સત્યાનંદે કહ્યું.

'એમ કંઇ શોધવા જવાય?' નાહરબાબુએ કહ્યું.

'ચોક્કસ, તમને એ જ સ્થળે મૂકી દઉં, જ્યાં બેઠો હોય.' સત્યાનંદ બોલ્યો.

ઘણી વાર સુધી ચર્ચા ચાલી અને પાનો ચડાવ્યો.

ચળાવજો ના મતિ કાર્યમાંથી;
રુકાવજો ના દુઃખી-સાન્ત્વનાથી,
જળું ભલે અન્ય દુઃખે હમેશ,
હસીહસી હોમ બનું પરાર્થે.

—તનસુખ ભટ્ટ

卐

હસો હસો; જીવનની કટુ ક્ષણો
હૈયે ભરી થોડું હસી ય લેવું.
અને અહીં માનવ-મેદનીમાં
એ હાસ્ય વેરી નિજ પન્થ ચાલવું.

—ભાનુ

અંતે બાબુસાહેબ જોશમાં આવ્યા. સૌ ચાલી નીકળ્યા.

બધાને વાઘની બોડને નાકે જ અમે દોરી ગયા. બેચાર ભૂંઇયાને પેલી બાજુ મોકલ્યા. એ લોકો ત્યાંથી થાળી પીટે અને ઘોંઘાટ કરે એટલે વાઘ આ બાજુ નીકળી આવે.

અમે બહાર મેદાનમાં, ડુંગરને અડીને જ તૈયાર થઇ બેઠા. એવી ચડસાચડસી થઇ ગઇ કે વાઘ મારવો તો સામે રહીને જ મારવો એવી હઠ બંધાઇ ગઇ. ગમે તેમ તોય ક્ષત્રિયનાં લોહી. બધું ગયું પણ પિતૃઓનો વંશાનુગત વીર્યપ્રભાવ સો પેઢીએ પણ જાય?

મેદાનમાં પડેલા પથ્થરની આડમાં વ્યૂહ ગોઠવ્યો. એક બીજાની ગોળી અથડાવા ન પામે એની કાળજી રાખીને સ્થાન નક્કી કર્યાં. એકથી વધ રે શિકારી હોય ત્યારે એ વાત ભૂલાવી ન જોઇએ.

ભૂંઇયાએ પેલી તરફ ઘોંઘાટ મચાવ્યો. મારા હૃદયે તો એક થડકો ખાધો. મારામાં ભયને કેટલા અંશમાં સ્થાન હતું એ હું માપી બેઠો હતો. એટલે બીજા દોસ્તોના હૃદયની ગતિ મેં કલ્પી લીધી.

વાઘ આમથી ડોકું કાઢશે કે પેલી બાજુથી તે શોધવા નજર ફેરવવા માંડી.

ઘોંઘાટ મચ્યાને દસ મિનિટ થઇ. ઘુરઘુરાટનો શોર સાંભળ્યો. નક્કી વાઘ આવ્યો જાણ્યો. હજી કંઇ વિચારીએ તે પહેલાં જ બાબુ સાહેબે બરાડો પાડ્યો:



સત્યાનંદે ચોથી ગોળી ફેંકી. સામે મોં ફાડીને કૂદી આવતા વાઘના મોંમાં એ પેસી ગઈ.

'સામે વાઘ . . . .' એમનો અવાજ ફાટી ગયો.

અવાજ થતાં જ વાઘ એક પત્થર પરથી મેદાનમાં કૂદ્યો. બાબુ સાહેબની નબળી આંખો પણ ડુંગરના રંગમાં ભળી જતા વાઘને જોઇ ગઇ, એ તારીફની વાત!

વાઘ મેદાનમાં કૂદી આવતાંની સાથે જ કોઇએ ઘેરી લીધો હોય અને ક્યાંથી નાસું એવો લાગ શોધતો હોય તેવી રીતે ખડો થઇ ગયો.

સત્યાનંદે ગજબ કર્યો. ડગ દઇને પત્થર આડેથી બહાર નીકળી આવ્યો. એ જ વખતે ત્રાંસમાં બેઠેલા નાહરબાબુએ ગોળી છોડી દીધી. વાઘને વાગી કે કેમ, તે ખુદા જાણે! પણ વાઘ સત્યાનંદ ઉપર કૂદ્યો.

સત્યાનંદના હાથમાં રિવોલ્વર હતી. છ ગોળી ભરાતી એટલી ખેરીઅત હતી.

વાઘ કૂદ્યો પછી નિશાન વ્યર્થ. મારું તો માથું સન્નાટો ખાઇ ગયું. મૂર્ખા સત્યાનંદને આ શું સૂઝ્યું? નિઃશંક હમણાં જ વાઘ દબાવી દેશે! આમ ઉઘાડ કૂદી પડવાનું સાહસ અતિશય બૂરું છે.

હું બંદૂક લેતોકને ઊભો થઇ ગયો. સત્યાનંદ તો રિવોલ્વર લઇને જ ઊભેલો. 'માર! માર!' મેં બરાડો પાડ્યો.

વાઘ લપકતોને સત્યાનંદ પર ધસ્યો. જાણે હમણાં જ દબાવ્યો. પણ સત્યાનંદે કમાલ કરી. વાઘનું મોં એક જ હાથ દૂર રહ્યું કે ચડપ દઇને બગલમાં ખસી ગયો અને ગોળી છોડી. વાઘની ગરદનમાં ગોળી વાગી, ભયંકર ઘુરઘુરાટ સાથે એણે લોંચો ખાઇને પીઠ ફેરવી. સત્યાનંદે બીજો બાર કર્યો.

ત્યાં તો હું પહોંચી ગયો. એ બીજી ગોળી ખાલી ગઇ, કે કેમ, પણ વાઘ પાછે પગે હટતોકને સત્યાનંદ પર ઝપટ્યો. તેની પીઠ મારી તરફ થઇ. હું આગળ ધસ્યો. સત્યાનંદ આગળ હતો અને હું પાછળ. સત્યાનંદે ગોળી છોડી. જે વાત પહેલેથી વિચારી હતી એ જ બની. મારા માથા ઉપર થઇને ગોળી ચાલી ગઇ. અને હૂમલો કરવા દોડ્યો હોવાથી હું ઢળેલો હતો. ટટ્ટાર હોત તો મોત નક્કી હતું. ઝટ ચેતીને મેં બગલ લીધી. વાઘ સત્યાનંદ ઉપર ધસ્યે જતો હતો.

'માથામાં કે આંખમાં . . . .' મેં બરાડો પાડ્યો.

સત્યાનંદે ચોથી ગોળી છોડી. સામે મોં ફાડી આવતા વાઘના મોંમાં ગોળી ઘુસી ગઇ. વાઘ હડબડાઇ ગયો.

હું નજીક જઇ પહોંચ્યો. બગલમાંથી નળી એક હાથ છેટે રાખીને મેં ગોળી છોડી. પાછલા ઉપલા થાપા પર ચોંટી ગઇ.

એ જ વખતે ઝોક ખાતા વાઘનું માથું બાજુ પર થયું અને કાન સત્યાનંદની રિવોલ્વર સામે આવ્યો. એની પાંચમી ગોળી છૂટી અને કાનનો પડદો ચીરતી ખોપરીમાં પેસી ગઈ.

વાઘની ગતિ ત્યાં અટકી પડી. સત્યાનંદ દોડીને મારી પાસે આવી ગયો. હવે એની રિવોલ્વરમાં એક જ ગોળી હતી. મેં બંદૂક ખાલી થતાં જ કારતુસ ભરી દીધો. સત્યાનંદે છેલ્લી ગોળી ખાલી કરી નાખી. બરાબર પાંસળામાં વાગી. તેના જ ઉપર મેં ગોળી છોડી. એ કેડ પાસે બેઠી. વાઘ ઢળી પડ્યો.

આ મેં લખ્યું એવું સહેલું પ્રકરણ ન હતું. એ ઘટના આજે સ્મરણપટ પર ઉતારૂં છું તો દિલ કહે છે, એવું હવે ન થઇ શકે.

સત્યાનંદના સ્વભાવમાં જ આવું વિકટ સાહસ ભર્યું હતું. ઘણા પ્રસંગોમાં તેના આ સ્વભાવે સંકટ ઊભાં કર્યાં હતાં.

મોં ફાડીને મૃત્યુની ભયંકરતા બતાવતો વાઘ આડે પડખે પડ્યો હતો. બહુ જબરો નહોતો. ચારેક હાથ લાંબો હશે. બધા દૂર રહીને જોવા લાગ્યા.

'હવે પકડી ખાય એવો ડર નથી.' મેં કહ્યું.

'પણ હજી જીવતો છે; છાતી ફૂલે છે.' બાબુ સાહેબે કહ્યું.

સાચે જ! વાઘ! તારૂં જીવન ધન્ય છે! તારા મુડદાથી પણ બીજાઓ ડરે છે.

જીવરામ જોષી



માત્ર નકશો, અને સાથે થોડી એની અનુષંગી નોંધ વડે ઇતિહાસના અમુક સમય કે યુગનો ખ્યાલ આપી દેવાય એવી યોજનાથી કરાચીના ભાઈ નવીન રાવળે પોતાના અનુભવ વડે થોડા નકશા તૈયાર કર્યા છે એમાંનો ગુપ્તવંશનો નકશો.

એક કલ્પનાવિહાર

'સોનાવતી'માં

ઓખા પાસે, તા. ૩૦-૧૨-૩૭, ગુરુવાર.

ચિ. સૌ. અનુ,

સવારે ચાર વાગ્યે જાગ્યો. અહીં ક્યાંય જમીન નજરે પડતી નથી. ઉપર આકાશ ને નીચે પાણી. માણસનો પાણી પર કેવડો વિશ્વાસ કે જમીન નજર બહાર થયા છતાં દિવસ અને રાત એ દરિયો ખેડતો જઈ શકે છે! તરસ ટાણે જે પેટમાં જાય છે તે જીવન, અને તોફાન ટાણે જેના પેટમાં જવું પડે છે તે મરણ, એવા પાણીને માટે આપણા પૂર્વજોએ બે જુદા શબ્દો કલ્પ્યા નથી.

પ્રાર્થના માટે સાથીઓને ઉઠાડું કે નહિ એનો વિચાર થોડો વખત મનમાં ચાલ્યો. પછી મન સાથે નક્કી કર્યું કે જહાજના પારણામાં પોઢેલા આ બાળકોને જગાડવા કરતાં બધા વતી આપણે એકલા એકલા જ હળવેથી પ્રાર્થના કરી લઈએ એ સારું. પણ તો પછી તે સામુદાયિક પ્રાર્થના કેમ ગણાય? મનમાં થયું કે ચાલો પાસેના કૅનવાસના જાડા પડદા ઊંચા કરીએ કે તારાઓ કોઈ જાગે છે કે નહિ. અનુરાધાએ કહ્યું કે 'અમે હમણાં જ ઊઠ્યાં છીએ. કૃષ્ણચંદ્ર પધારવાની તૈયારી છે.' એટલામાં બે શીંગડાં ઊંચાં કરીને ચન્દ્ર બોલ્યો,'તૈયારીને કાંઈ શીંગડાં ઊગવાનું બાકી નથી રહ્યું. આ જુઓ હું આવ્યો જ છું'. એણે ડાબા હાથમાં પારિજાત ધારણ કર્યો હોવાથી એ બહુ રૂપાળો લાગતો હતો.

જોતજોતાંમાં અભિજિતે ક્ષિતિજ ઉપરથી માથું ઊંચું કર્યું. સ્વાતિ, અભિજિત અને પારિજાત આ ત્રિકોણ પૂર્વ ક્ષિતિજ પર મોટી પીરામીડ જેવો ઊભો થયો.

ચંદ્ર કાંઈક ઉપર આવ્યો અને અમારા જહાજથી માંડીને ચંદ્રના પગ સુધી એક સોનેરી પટો પાણી પર ચળકવા લાગ્યો, મને થયું કે ચંદ્રલોકમાં જવા માટે કેટલો સહેલો અને સરળ રસ્તો! જહાજમાંથી ઊતરી પડીએ અને ચાલવા માંડીએ એટલી જ વાર! પણ પાશ્ચાત્ય લોકો તો કહે છે કે ચન્દ્રલોક પર ગાંડા લોકોની જ વસતિ છે. એટલે વિચાર થયો કે આટલી મહેનતને અન્તે જો ત્યાં પોતાના જ ન્યાત-ભાઈઓ મળવાના હોય તો એ તકલીફ શા માટે ઉઠાવીએ?

મને આકાશનાં વાદળાં બહુ ગમે છે. નાનું હોય કે મોટું, ધોળું હોય કે કાળું, મને આનંદ પમાડવાનું જ. પણ રાતનાં વાદળાં મને બિલકુલ ગમતાં નથી. એમનો આકાર ને રંગ બંને તો આકર્ષક હોય છે, પણ તારાઓની વચ્ચેથી ભૂતની પેઠે--અથવા મારાઓની પેઠે લપાતાછુપાતા તેઓ જાય છે એ જ મને ગમતું નથી.

ઉષઃકાળ પહેલાં આકાશ કેટલું રમણીય દેખાતું હતું! ચાંદરણાંમાં સમુદ્રનાં મોજાંઓ--મોજાંઓ શાનાં? નાજુક વિચિમાલા, અથવા સાગર બાપાએ હળવું સરખું સ્મિત કરવાથી એના મોં પર પડેલી કરચલીઓ—બરાબર ગણી લેવાય એટલાં સ્પષ્ટ હતાં. પણ આ વિઘ્નસંતોષી વાદળાંઓએ વચ્ચે આવીને બધું બગાડી મૂક્યું.

અમે પૂર જોસમાં ધપતા હતા. ઊગમણી બાજુએ, એટલે કે અમારી જમણી બાજુએ જમીન દેખાય છે કે કેવળ ભ્રમ છે એવી વિમાસણમાં હું હતો એટલામાં એકાએક દીવા દેખાવા લાગ્યા. મારી ખાતરી થઈ કે અમે શ્રી કૃષ્ણની દ્વારકાની નજીક પહોંચ્યા છીએ. થોડે અંતરે દીવાઓનું બીજું ઝુંડ ચમકતું હતું. એમાં એક દીવાદાંડીનો પ્રકાશ કોઈ વૃદ્ધની સ્મૃતિની પેઠે વચમાં સ્પષ્ટ થતો હતો. ત્યાર પછી એક મીલના ભૂંગળામાંથી ધુમાડાની એક શાંત નદી ક્ષિતિજ સાથે સમાંતર વહેવા લાગી.

આકાશના તારાઓ જોયા અને તારું સ્મરણ થયું. સવારની ઉષા સાથે તારે શી દોસ્તી છે, કોણ જાણે? આપણે મળ્યા તે પહેલાં જ બોરડીમાં મેં પૂર્વ દિશાને અનસૂયા એ નામ બક્ષ્યું છે. 'જીવનનો આનંદ' એ ચોપડીમાં 'અનસૂયા પ્રાચી' એ નોંધ જોઈ લેજે.

* * *

તા. ૨૫-૮-૩૮ ગુરુવાર, વર્ધા.

ચિ. અનુ,

લગભગ આઠ મહિના પહેલાં કરાંચી જતાં અર્ધે રસ્તે પાંડુરંગને હાથે તને લખાવેલો આ કાગળ અધૂરો જ રહી ગયો હતો. આજે તે ચિ. બાબુ કામતને જડ્યો. આપણી અને પોતાની આશાઓ અધૂરી પૂરી કરી આપણને છોડી ગએલા પાંડુરંગના (અનુસંધાન પૃષ્ઠ ૪૪૬મે)

માનવ કુળનો પૂર્વપરિચય

બધા દેશના જ્ઞાની પુરુષોએ મનુષ્યની પ્રથમ ઉત્પત્તિ અને આદિ કાળનો તેનો વિકાસક્રમ શોધવાને વર્ષોથી ભગીરથ પ્રયત્ન કર્યા છે. પ્રત્યેક જાતિના સરવાળા બાદબાકી કરી તેનાં મૂળ શોધતાં શોધતાં પૃથ્વી ઉપર મનુષ્યની અતિ પ્રાચીન વસાહતો તેમણે નક્કી કરી છતાં સાંકળ બેસતી નહોતી. પૃથ્વી જેવી પૃથ્વી ઉપર ખાનપાન, વસ્ત્રો, ગૃહો અને છેવટે રાજ્યો તથા પૃથ્વીનાં પટલો અને આકાશનાં વાયુમંડલો ઉપર માનવી સ્વામિત્વ ભોગવતો થયો તે પહેલાં કેટલાં યે લાખો વર્ષો ઉપર તેની શી દશા હતી તેની હકીકતો અને પુરાવા કોઇ અદ્ભૂત કથા બની રહે છે.



ડાબી બાજુ: પેકિનમૅન તરીકે જાણિતો આદિયુગનો માનવી પૂરા રૂપમાં.
જમણી બાજુ: ડૉ. ડેવિડસન બ્લેકને મળેલી બે ખોપરીઓ સાથે, તેની પછી એ દિશામાં કામ કરી રહેલા ડૉ. ફ્રાંઝ વિલ્ડનરીશ.

આજના મનુષ્યની વડદાદી સમી ત્રણચાર જાતિઓ નક્કી થયા પછી તેમનાં મૂળ ઉછેરસ્થાન શોધવામાં શાસ્ત્રીઓને લાગ્યું કે એ સ્થાનનાં વાનરોની નજીક આવે એવા ઘાટનો કોઇ માનવી પહેલો સરજાયો હશે. પૃથ્વીના પેટાળમાં લાખો વર્ષો પૂર્વે દટાએલી ફૅાસિલ ખોપરીઓ પણ એ જ કહી રહી છે કે માણસની ઉત્ક્રાન્તિ શારીરિક બળથી નહિ પણ મગજના વિસ્તારથી જ સધાઇ છે. તેથી જ્યારે જ્યારે ખોપરીમાં મગજનો વિસ્તાર કમી લાગે ત્યારે તે વધુ પ્રાચીન કાળનું માનવી એમ અનુમાન કરતાં બરોબર કાળક્રમ બેસતો લાગ્યો છે. અત્યાર સુધી જાવામાંથી મળી આવેલી ખોપરીએ પ્રાચીનમાં પ્રાચીન માનવીઓનો અસ્તિત્વકાળ રજૂ કર્યો હતો, પણ છેલ્લાં એક બે વર્ષમાં પેકિન (ચીન)માં જે શોધો થઇ છે તે વળી વધારે સચોટ પુરાવો અને પુરાણો કાળ રજૂ કરે છે. જાવાની ખોપરીઓ અને પેકિનની ખોપરીમાં હજુ એક જાતીયતાની કોઇ સાંકળ જણાઈ નથી, પણ એક વખત પૃથ્વીના પટ ઉપર માણસ ગણાતું પ્રાણી આ રચનાથી આગળ નહોતું એવું સિદ્ધ થાય છે.



વાંદરામાંથી માનવીની ખોપરીનો થએલો વિકાસનો ક્રમ

પેકિનનો એક ગાંધી જાતજાતનાં ઓસડિયાં, મૂળિયાં અને તાવીજોમાં પ્રાચીન કાળના કોઇ જનાવરના ધાતુ બની ગએલા દાંત અને દાઢો વેચતો હતો. ચીનાઇ વૈદકમાં આવાં પ્રાણિજન્ય ઔષધો બહુ વપરાય છે. ડૉ. હેબરરને ૧૯૩૦માં એવો દાંત મળી આવેલો, પણ બીજાં ૨૦ વર્ષ સુધી તે પર કંઇ આગળ શોધ થઈ નહોતી. ૧૯૨૨માં ચીનનાં ફૅાસિલ બનેલાં તળો તપાસતાં વળી બીજા દાંત અને દાઢો મળ્યાં અને અગાઉના દાંત સાથે સાથે સરખાવતાં ખાતરી થઇ કે



પેકિનમાંથી મળેલી ખોપરી ઉપરથી ઘડાએલું આદિ યુગના માનવીનો ખ્યાલ આપતું ચિત્ર.

એ અવશેષો માનવીઓનાં જ છે. એ વખતે કરેલું અનુમાન જોકે ઉતાવળું અને હિંમતભર્યું હતું પણ પાછળથી બીજાં જડબાં અને દાઢો મળતાં જ રહ્યાં. જડબાં અને નાકનાં હાડકાં માણસ જેવાં અને કપાળ માંકડા જેવું એમ નર-વાનર ભેગાં દેખાતાં. પિલ્ટડાઉનમાં મળેલી ખોપરીને પ્રમાણ માનવાને ઘણા આનાકાની કરતા, તેમને પણ હવે ખાતરી થાય એવો આ પુરાવો હતો. છેવટે ૧૯૩૦માં એક પ્રૌઢ સ્ત્રીની ખોપરી મળી અને બધી શંકાઓ ટળી ગઇ. ડૉ. ડેવિડસન બ્લેક પહેલવહેલા આ શોધ નક્કી કરનારા હતા તેનું વચન સાર્થક બન્યું. ૧૯૩૪માં તે ગુજરી ગયા પણ શોધ ચાલુ રહી. તેમની પછી પ્રો. ફ્રાંઝ વિલ્ડનરીશે બે ખોપરીઓ મેળવી. તે પાકટ વયનાં સ્ત્રીપુરૂષની છે એટલે ખોપરી મગજ, જાતિ, વય વગેરે માપવાનું ચોક્કસ સાધન બની છે. આ રીતે પૃથ્વીમાંથી મળેલી અનેક ખોપરીઓનાં શાસ્ત્રીય રીતે માપો લઈ તેના કાળ નિર્ણીત કરવામાં આવ્યા છે. પણ પેકિનની ખોપરી પર તો તેને લાગેલા સ્નાયુઓના આંકા પણ રહ્યા છે. એટલે તેના પરથી પુનર્વિધાન કરી તેનું સ્વરૂપ સમજવાની સરળતા થશે જોકે તેથી હાલની કઇ જાતિનો તે આદિ પુરુષ ગણાશે તે નક્કી થતાં વાર લાગશે.

એક કલ્પનાવિહાર (અનુ. પૃષ્ઠ ૪૪૪થી)

હાથના એ કાગળ પર ખરેખર હજુ તારો છે. મારી પેઠે તને પણ એ સંઘરવા જેવો લાગશે, એટલો મોડોમોડો તને મોકલું છું.

પાંડુરંગે એ યાત્રાનાં વર્ણનો પોતાના કાગળોમાં પણ લખ્યાં હતાં. એ મારા કાગળો કરતાં વધારે સારા હતા. એણે એ કાગળો કોનેકોને મોકલ્યા એ યાદ નથી આવતું. પણ એ વાંચીને મેં નક્કી કર્યું હતું કે મારા કાગળો લખવામાં અને રોકવા કરતાં 'સોનાવતી'માં બેઠાંબેઠાં અને કલ્પનાવિહાર કરવા દેવો. એટલે જ આ કાગળ અધૂરો રહ્યો હતો. —કાકાના શુભાશિષ

દત્તાત્રેય બાલકૃષ્ણ કાલેલકર

પ્રાચીન ખોપરી ઉપરથી વૈજ્ઞાનિક હિસાબપર થતું તે કાળના માનવીના ચહેરાનું સર્જન



સાધારણ માનવી બીજા માનવીને ચહેરાનાં રૂપ અને ઘાટ ઉપ રથી જ પિછાની શકે છે. તેની ખોપરી કે હાડપિંજર જુએ તો તે સ્ત્રી કે પુરુષનો છે એ પણ ભાગ્યે જ કહી શકે; એટલે કોઇ સંગ્રહસ્થાનમાં તેઓ એવું જુએ છે ત્યારે તેમાં કશી જિજ્ઞાસા કે આતુરતા અનુભવી શકતાં નથી. એ ખોપરી કે હાડપિંજરની ઉપર માંસ અને ચામડીના થર હોય તો કેવાં દેખાય તેની કલ્પના ચતુર પ્રેક્ષકને પણ મુશ્કેલ થાય. તેથી વીએનાના નૅચરલ હિસ્ટરી મ્યુઝિયમમાં એવી મુદ્દાની ખોપરીઓની સાથે તેના ઉપરથી ઉપજાવેલા માંસલ તથા ચામડીના ભાગોવાળી પ્રતિમા રાખવામાં આવે છે. ઉપરના ચિત્રમાં રહોડેશિયાના આદિમાનવનું માથું રચાતું જોઇ શકાશે. આ ક્રિયામાં શરીરવિધાનના સંપૂર્ણ નિયમો સાચવવામાં આવ્યા છે દેખાવમાં કામ સાદું દેખાય છે, પણ તે પર દરેક જાતનો હિસાબ લઇને ઉપાડવાના ભાગો ધોળી ગોળીઓથી નોંધવામાં આવ્યા છે. આસપાસના સર્વ જ્ઞાન અને પુરાવાનો તેમાં ઉપયોગ કરવામાં આવે છે અને નિષ્ણાત ડૉકટરો અને વૈજ્ઞાનિકો તે પર નજર રાખે છે અને તેને સંપૂર્ણ રીતે પ્રમાણિત કરવામાં આવે છે. એ રીતે તૈયાર થએલા પૂતળા પરથી પ્લાસ્ટરમાં અનેક નકલો ઉતારી બીજાં મ્યૂઝિયમોને પણ આપવામાં આવે છે.



પ્રાણી અને મનુષ્ય ક્યારથી છૂટાં પડયાં એ લાખો વર્ષના યુગની કથા છે છતાં આજે પણ એકબીજાનાં સામ્ય અછતાં રહેતાં નથી. ઉપરના ચિત્રમાં રજુ થએલા કૅમૅરૂન પ્રદેશના વામનકાય પુરુષના અને તેની બાજુની ગોરીલા માદીના ઘાટ સરખાવશો તો એ બેની વચ્ચે સુધારણાનો લાંબો યુગ વીત્યો હોવા છતાં પણ જૂના સંબંધો દેખાશે.




નજીકની અને દૂરની

શાંતિનું થીગડું

ઇ. ૧૯૧૯ના વર્સાઇના કરારો અનુસાર જ્યારે ઝેક પ્રજાસત્તાકનું નિર્માણ કરવામાં આવ્યું ત્યારે જ બ્રિટનના પરદેશખાતાના પ્રધાન લૉઈડ જ્યૉર્જે ભાખેલું કે આવાં નાનાં રાષ્ટ્રોનું નિર્માણ યુરોપમાં કદીય શાંતિ જામવા નહિ દે. એ વેળા ઉવેખાએલા એ સત્યનો આજે નગ્ન સ્વરૂપે સાક્ષાત્કાર થઇ રહ્યો છે. ગયા માસ આખરે મ્યુનિચમાં મળેલી ચાર સત્તાઓની પરિષદે એ પ્રજાસત્તાકને છિન્નભિન્ન કરી નાખ્યું છે.

બોહિમિયા, મોરાવિયા, સ્લોવાકિયા, ને રૂથેનિયા એટલા એ નવજાત રાષ્ટ્રના મુખ્ય પ્રાંતો. એમાં જર્મનીના સીલેસિયાનો થોડો ભાગ તેમ જ પેઝેન પ્રાંત અને ઑસ્ટ્રિયાના વર્ટિંલ તથા વિટોરાજના વિસ્તારો ઉમેરી દેવાયા હતા. ઝેક, સ્લોવાક, મોરાવિયન, જર્મન, હંગેરિયન, પોલ, રૂથેનિયન ને રૂપાનિયન એવી પંચરંગી પ્રજા એ પ્રજાસત્તાકની મુખ્ય જનતા. એમાં ૭૦ લાખ ઝેક, ૩૦ લાખ જર્મન, ૨૦ લાખ સ્લોવાકો અને બાકીનાની દરેકની સંખ્યા ૦ાથી ૫ લાખની છે.

બિસ્માર્ક ને હોહેનઝોલર્નોએ અધૂરાં મૂકેલાં ચક્રવર્તિત્વનાં સ્વપ્નાં મૂર્ત કરવાના મહત્વાકાંક્ષી હિટલરે જર્મનીની પુનર્રચના કર્યા બાદ યુરોપમાં જે પેશકદમી શરૂ કરી તેમાં સાર, હાઇનલૅન્ડ અને તાજેતરમાં ઑસ્ટ્રિયાને આમેજ કર્યા બાદ તરત ઝેકોસ્લોવાકિયાના પાંચમા ભાગ પર વસતા ને ૨૨ ટકા જેટલી વસતિ ધરાવતા સુડેટન જર્મન પ્રાંતોનો પ્રશ્ન હાથ ધર્યો. અને આહ્વાન ફેંક્યું કે ઑકટોબરની પહેલી તારીખે એ પ્રદેશ અમારે તાબે કરો અગર લડવા તૈયાર થાઓ. ઝેકોસ્લોવાકિઆ આમરણાંત લડી લેવા તૈયાર થઇ ઊભું પણ તેના નિર્માણમાં સહાયભૂત ને આજ સુધીની તેની સહાયક સત્તાઓએ જ તેને છેહ આપ્યો ને નમતું આપવા દબાણ આદર્યું. જર્મનીને નમતું અપાતાં ઝેકોસ્લોવાકિયાની બીજી લઘુમતીઓવાળા રાષ્ટ્રોએ પણ માથું ઊંચક્યું ને પરિણામે મ્યુનિચ મુકામે બ્રિટન, ફ્રાન્સ, ઈટલી ને જર્મની એ ચાર મહારાજ્યોએ એકઠાં મળી શરતો ઘડી કાઢી કે ૧લી ઑકટોબરે પચાસ ટકા કરતાં વધુ જર્મનોની વસતિવાળો પ્રદેશ જર્મનીને દેવો, બાકીનો મુલક દસમીએ હવાલે કરવો, જર્મન લઘુમતી ઉપરાંત પોલિશ ને હંગેરિયન લઘુમતી કોમોના પ્રશ્નોનો પણ ત્રણ માસમાં જ નિકાલ કરી નાખવો, વગેરે.





આમ એક રીતે ઝેકોસ્લોવાકિયા યુરોપનું કુરુક્ષેત્ર બનતું તાજેતરમાં તો અટકી ગયું છે. બ્રિટન અને ફ્રાન્સે સાધેલી આ શાંતિ વિશે પં. જવાહરલાલે કહ્યા મુજબ 'એ શાંતિ કોઇ પણ ભોગે–બીજાઓનાં ખૂન અને યાતનાઓને ભોગે, લોકશાહીના અપમાનના ભોગે મિત્રરાષ્ટ્રોને છિન્નભિન્ન કરવાના ભોગે પણ મેળવેલી શાંતિ છે. એ સાચી શાંતિ નથી. શાંતિનું થીગડું છે.' સાથેના નકશા એની ભૌગોલિક ઉપસ્થિતિ ને લઘુમતી પ્રશ્ન પર પૂરતો પ્રકાશ પાડે છે.

* * *

ℂ એક્વાડૉરના મિ. જી. એચ. બુલૅાક અને મિ. આન્દ્રે રૂઝવેલ્ટે દુનિયાના સૌથી ઊંચા (૧૯,૬૧૩ ફૂટ) જીવતા જ્વાળામુખી માઉન્ટ કોટોપૅક્સીનું સફળ આરોહણ કર્યું છે. ઇ. ૧૮૮૦માં બ્રિટિશ પહાડખેડુ એડવર્ડ વ્હીમ્પરના ચડાણ પછી આ પહેલો જ સફળ પ્રયાસ છે. મિ. રૂઝવેલ્ટ અમેરિકાના હાલના પ્રમુખ રૂઝવેલ્ટનો દૂરનો સગો હોઇ અચ્છો ફોટોગ્રાફર અને શોધક છે જ્યારે બુલૅાક અનુભવી પહાડખેડુ હોઇ, ૧૯૨૧ના એવરેસ્ટ આરોહણમાં પણ ભાગ લીધેલો.

ℂ ચાલુ ઑક્ટોબર માસની ૨૮મીએ ઇટલી એક નવા જ પ્રકારના સિક્કા બહાર પાડશે. નિકલને ઠેકાણે તેમાં સ્ટેનલેસ સ્ટીલની મિશ્ર ધાતુ વાપરશે, જેને તે 'ઍકમોનિટલ' તરીકે ઓળખાવે છે. આ અખતરો ઇટલીની આયાત ઘટાડી વેપારની વિષમતાઓ દૂર કરવાની જબરી યોજનાનું એક અંગ જ છે. એ સિક્કાઓની એક બાજુ ઇટલીના રાજા વિક્ટર ઇમાન્યૂએલ ત્રીજાની મહોર અને બીજી બાજુ રોમન ગરુડ, લિક્ટર રૉડ અને ઇટલીના નૌસંજ્ઞા રહેશે.

દેવપુત્ર કનિષ્ક (અનુસંધાન પાછળ પૃ. ૪૩૮થી)

અજાયબીમાં ગણવા જેવો' કહ્યો છે એવો, ૪૦૦ ફૂટ ઊંચો, નકશીદાર લાકડાનો તેર માળનો એક મિનાર ચણાવેલો. છઠ્ઠી સદીમાં સુંગ–યૂનની મુલાકાત વખતે તો એ ઇમારતનો ત્રણ વાર આગથી નાશ થઇ ચૂક્યો હતો, ને ત્યાર પછીના રાજાઓએ એનું ફરી ને ફરી વાર પુનર્નિર્માણ કર્યું હતું.


શાહજી ડેરી નજીકના ખોદાણમાંથી ભગવાન તથાગતની રાખ સંઘરેલી એક પેટી મળી આવી છે, જેના પરનું કનિષ્કનું સીલ હજુ જેમનું તેમ કાયમ છે. એની બાજુમાં એનો એક સિક્કો પણ હતો. સિક્કા તો એણે ખૂબ પાડેલા, કારણ આજે ખોદકામમાંથી સૌથી મોટું પ્રમાણ એના સિક્કાઓનું હાથ લાગ્યું છે.

ઇતિહાસમાં અપૂર્વ એવું સામ્રાજ્ય જમાવી જનાર આ સમ્રાટનો અંત બહુ વિચિત્ર રીતે આવ્યો. મૅા. સિલ્વાં લેવીએ પ્રસિદ્ધ કરેલી 'પ્રણાલિકથાઓ'માં તેનો આમ ઉલ્લેખ મળે છે:

'કનિષ્ક રાજાને માથર નામનો અસાધારણ બુદ્ધિવાળો એક પ્રધાન હતો. તેણે કનિષ્કને સંબોધીને કહ્યું, પ્રભુ, આપ આપના આ કિંકરની સલાહ મુજબ ચાલશો તો આખી દુનિયા આપની સત્તાને વશ થશે... એમ કહી એણે એક ચતુરંગિણી સેના સર્જી કરી. જે જે દિશામાં રાજા વળ્યો ત્યાંના લોક ઝંઝાવાતની આગળ વનસ્પતિ નમી પડે તેમ નમી પડ્યા. કનિષ્કના ઘોડાની ખરી નીચે દરેક ચીજ કાં તો વળી ગઇ કે કાં તો ભાંગી ગઇ. પછી તે બોલ્યો, મેં ત્રણ દિશા વશ વર્તાવી છે. માત્ર ઉત્તર દિશા મારે વશ થઇ નથી. તે જો મારે હાથ આવી જાય તો પછી હું કોઇની ઉપર જય મેળવવાનો પ્રયત્ન નહિ કરું. એટલે પ્રજાએ મસલત કરવા માંડી કે રાજા લોભી, ક્રૂર ને અન્યાયી થયો છે. એ સંતોષ તો સમજતો જ નથી, અને ચારે દિશા પર રાજ્ય કરવા માગે છે. દૂરદૂરના મોખરાઓ પર એણે પલટણો મોકલેલી છે ને આપણાં સગાં આપણાથી દૂર જ રહે છે. એવામાં રાજા માંદો પડ્યો એટલે તેમણે તેને રજાઇ ઓઢાડી અને પછી એક માણસ તેના ઉપર ચડી બેઠો ને તુરત રાજાનો પ્રાણ નીકળી ગયો.'

નિઃશંક, કલાભિરુચિ કરતાં કનિષ્કની વિજિગિષા ખૂબ પ્રચંડ હતી. એવી જ વિજિગિષા યુરોપના નેપોલિયનની હતી; પણ યુરોપ એને સમજી શક્યું નહોતું. છતાં સેન્ટ હેલિનામાં આખરી દિવસો ગુજારતાં એણે ફ્રાંશને પોતાનો આદર્શ સમજાવેલો, કે: 'I wanted to pave the way for the unification of the great intetests of Europe, just as I united the parties in France . . . There are, in Europe, more than thirty million Frenchmen, fifteen million Italians, thirty million Germans . . . out of each of those peoples I wanted to make a united national whole.'

વિજિગિષાને કારણે જ યુદ્ધત્રસ્ત પ્રજાના હાથે ઘાત પામેલા કનિષ્કના મસ્તિષ્કમાં પણ પશ્ચાદ્ભૂમિ તરીકે આવી જ કોઇ યોજના રમતી હશે કે કેમ એ કોણ જાણે; પણ બ્રાહ્મણ હિંદે તો એ જાતનો આદર્શ કદી ફલિત કરી ન બતાવ્યો. **અશોક હર્ષ**



ઝાડની શરીરરચના


લેખક · **સુરેશ દીક્ષિત** એમ.એ., એમ.એસ સી.


કોઇ મોટા પ્રાણીને જોતાં આપણને તેના શરીરના જુદાજુદા ભાગોનો સહજ ખ્યાલ આવે છે. દાખલા તરીકે ઘોડાને જોઇને તરત જ તેનું માથું, પગ, પૂછડી વગેરે આપણે જોઇએ છીએ એટલું જ નહિ પણ તેનું આખું યે શરીર માંસ, લોહી, હાડકાં વગેરેનું ઘડાએલું છે એ પણ જાણીએ છીએ. આનું એક કારણ તો એ છે કે માણસ અને બીજા ઊંચા પ્રાણીઓના શરીર વચ્ચે ઘણું સામ્ય છે. પરંતુ ઝાડને જોતાં આપણને તેના આકારની સમજ પડે છે તેટલી તેના શરીરની સમજ પડતી નથી. બહુ બહુ તો તેનું થડ, ડાળી, પાન અને ફૂલ કે ફળ આપણે જોઇ શકીએ છીએ. આપણને ભાગ્યે જ ખ્યાલ આવે છે કે પ્રાણી અને વનસ્પતિનાં શરીર એક જ જાતના જીવતા પદાર્થમાંથી ઘડાએલાં છે, એટલું જ નહિ પણ તેમની જીવનક્રિયા (vital process) માં પણ ઘણું સરખાપણું છે. એક ઝાડ તેની ડાળી ઉપર બેઠેલા પક્ષી જેટલું જ જીવતું છે. અને પોતે જીવતો હોય ત્યાં સુધી નાનામાં નાના છોડને પણ ઘણી અગત્યની જીવનક્રિયાઓ જરૂરી હોય છે.

જેમ મોટા પ્રાણીની શરીર-રચના સમજવા તેના મડદાની વાઢકાપ કરવી પડે છે તે જ પ્રમાણે ઝાડપાનની પણ બારીક વાઢકાપ વિના સમજ પડે નહિ. આ વાઢકાપમાં નરી આંખ ઉપરાંત સૂક્ષ્મદર્શક (microscope)નો પણ ઉપયોગ કરવો પડે છે. આકાશના ગ્રહો કે તારા જોવા જેટલો દૂરબીનનો ઉપયોગ કરવો પડે છે તેટલો જ ઉપયોગ સૂક્ષ્મદર્શકનો ઝાડ કે પ્રાણીના શરીર જોવાને કરવો પડે છે.

પૃથ્વી ઉપર જેમ અનેક મોટાંનાનાં પ્રાણી હોય છે અને તેમાં કેટલાંક તો નરી આંખે નથી દેખાતાં, તે જ પ્રમાણે વનસ્પતિમાં પણ અસંખ્ય નાનીમોટી જાતો હોય છે. બારીકમાં બારીક વનસ્પતિ તે જંતુ (bacteria) એનાથી ચઢીઆતા ક્રમમાં શેવાળનો (Algae) વર્ગ આવે. વિકાસક્રમ (evolution)માં પહેલે પગથીએ આવેલાં અંગજનો (organisms)-ને શારીરિક તફાવત હોતો નથી. તેઓનું શરીર સરખેસરખાં એક યા અનેક સેલ (cell)નું બનેલું હોય છે. શરીર-રચનામાં ત્રણો તફાવત તો મોટાં-મોટાં ઝાડમાં બહુવિધ હોય છે. આ તફાવત કાંઇ એકાએક થઇ જાય છે એમ નથી, પણ નાનેથી મોટી જાતમાં ક્રમોક્રમ વધતો હોય છે. પ્રાણીમાં જેમ દેડકા, પક્ષી અને સસલાના શરીરમાં ક્રમોક્રમ તફાવત હોય છે તેમ વનસ્પતિમાં પણ લીલ (moss), ફગ અને ફૂલવાળાં ઝાડમાં હોય છે. જેમજેમ શારીરિક ક્રિયાઓ વધવા માંડી છૂટી પડે તેમતેમ શરીરરચનામાં પણ મોટામોટા ફેરફારો થવા માંડે અને વધારે અંગ ઘડાય ટૂંકાણમાં, કાર્યોના વિભાગો (Division of Labour) ઉપર ઝાડની શરીરરચના ઘડાએલી છે. વનસ્પતિની જુદીજુદી જાતોમાં અંદરની ગોઠવણીમાં હેરફેર હોય છે. આંબો, દ્રાક્ષ, વાંસ અને તાડનાં શરીરનાં તત્વો (elements) એક હોય છે; પરંતુ તેની ગોઠવણીમાં અગત્યનો ફેર હોય છે. ઝાડના અંગો તેને કરવા પડતી ક્રિયાઓ ધ્યાનમાં રાખી તપાસવાં જોઇએ.

એકાદ છોડને જમીનમાંથી ખોદી ઉખેડીએ તો જણાશે કે તેને મૂળ હોય છે. મૂળને પાણીથી સાફ કરી જોઇશું તો તેના છેડા પાસે અસંખ્ય બારીક વાળ દેખાશે. એ વાળ માટીના રજકણમાંથી પાણી અને પોતાને ઉપયોગી ક્ષાર (salts) ખેંચે છે. આ વાળ મૂળની ત્વચા (epiblema) ઉપર હોય છે. ક્ષારવાળું પાણી વાળમાંથી મૂળના અંદરના ભાગમાં પ્રસરે છે. મૂળના વચલા ભાગમાં પાણી ઊંચે લઇ





ચિત્ર ૨–છોડની દાંડીની કાતળી (જળવાહિનીઓ)


જવાની જળવાહિની (xylem) નળીઓ વર્તુલમાં મૂકેલી હોય છે તેમાં જાય છે. જળવાહિનીની દીવાલો સ્પાયરલ (spiral), કડીદાર (annular), જાળીદાર (reticulate) કે ખાડાખૈયાવાળી (pitted) હોય છે. મૂળમાં આવી જળવાહિનીઓ ઉપરાંત ઉપયોગી પદાર્થો પાનમાંથી નીચે લાવની પોષક નળીઓ (phloem) હોય છે. મૂળનું મુખ્ય કામ છોડને જમીનમાં પકડી રાખવાનું તથા જમીનમાંથી પાણી અને ક્ષાર મેળવવાનું હોય છે. જેમ ઝાડ મોટું થતું જાય છે તેમ મૂળ જમીનમાં ઊંડાં ઊતરતાં જાય છે. તેના છેડા ઉપર જૂના વાળ મરતા જાય છે અને નવા વાળ પેદા થાય છે. મૂળને છેડે તેના બચાવને માટે—દરજી આંગળી ઉપર પહેરે છે તેમ—ટોચકી (root-cap) હોય છે. આ ટોચકીથી જમીનમાં ઊતરતાં ઘસારાથી તેનું રક્ષણ થાય છે. મૂળ એ વનસ્પતિનું પુરાણું અંગ છે અને દરેક વનસ્પતિમાં એની રચના લગભગ એક સરખી હોય છે. આ રચના સમજવા માટે આ સાથે રાઇના મૂળને કાપીને બતાવ્યું છે. જુઓ ચિત્ર ૧.

મૂળથી ઉપર ચઢતાં છોડની કુમળી દાંડી (stem) તપાસીએ તો તેની રચના જુદા પ્રકારની જણાશે. દાંડીના રક્ષણ માટે સૌથી ઉપર ત્વચાનું (epidermis) પડ હોય છે, તેની નીચે 'કૉરટેક્ષ' (cortex) અને વચ્ચે પાણી લઇ જનાર જળવાહિની તથા પોષકનળીઓનાં ગુચ્છ વર્તુલમાં દેખાય છે. જુઓ ચિત્ર ૨. મૂળમાં જળવાહિનીઓ અને પોષક-નળીઓ જુદીજુદી હોય છે, દાંડીમાં તો પોષક-નળીઓ ઉપર અને નીચે જળવાહિની ગોઠવાએલાં હોય છે. દ્વિદળ (dicot) વનસ્પતિમાં એ બેની વચ્ચે 'કૅમ્બિયમ' (cambium) નામથી ઓળખાતાં સેલ હોય છે. પરંતુ જો છોડ મકાઇ, ઘઉં, કે ડાંગર જેવી એકદળ (monocot) વનસ્પતિનો હોય છે તો જળવાહિની અને પોષકનળીનાં ગુચ્છ છુટાંછવાયાં હોય છે, એટલું જ નહિ પરંતુ એમાં 'કૅમ્બિયમ' અપવાદ રૂપે જ હોય છે. (જુઓ ચિત્ર ૪).

વર્ષો સુધી જીવતાં મોટાં ઝાડોમાં કૅમ્બિયમની ઉપયોગિતા ઘણી છે. આપણે જોઇએ છીએ કે ઘણાં ઝાડ જાડાઇમાં વધે છે. ઝાડના જાડા વધવાનું રહસ્ય 'કૅમ્બિયમ'ના વધવા ઉપર છે. ઝાડ જ્યારે જાડાઇમાં વધે છે ત્યારે કૅમ્બિયમના પડમાંથી જળવાહિનીઓ, પોષક નળીઓ, અને બીજા બધા ભાગો નવા ઉમેરાતા જાય છે. એટલું જ નહિ પરંતુ કૅમ્બિયમનું બીજું નવું પડ 'કૉરટેક્ષ'માં બંધાય છે, અને તે ઝાડનો નવો પરિવેશ (periderm) ઉત્પન્ન કરે છે. આમ એક અંદર અને એક બહાર એમ બે કૅમ્બિયમની મદદથી ઝાડ જાડાઇમાં વધ્યા કરે છે. આવી રીતે ડ્રેસીના (Dracœna Draco) નામનું એક ઝાડ થડના ઘેરાવામાં ૪૫ ફૂટ વધેલું જોવામાં આવ્યું હતું અને તેની ઉમર ૬,૦૦૦ વર્ષ ગણવામાં આવી હતી! મૂળ પણ લગભગ આવી રીતે જ જાડાં થાય છે. આવી રીતે જ્યારે કૅમ્બિયમની બહાર અને



ચિત્ર ૩–ઇક્વીસટ્મન કાતરી (હવા ભરેલાં બાકોરાં)




ચિત્ર ૪—મકાઈની દાંડીની કાતળી

અંદર નવા ભાગ સર્જાય છે ત્યારે પરીધ ઉપરના બહારના કૅમ્બિયમ ઉપરનો જૂનો ભાગ સૂકો પડી જઇ છાલ થઇ જઇ ઘણી વખત ઉખડી પડે છે. અંદરનો જૂનો મધ્યભાગ કાળો પડી જઇ શારીરિક જીવનક્રિયા ચલાવવા અશક્ત થઇ જઇ મરી જાય છે. મોટા બાવળના વહેરેલા થડમાં આ સ્થિતિ દેખાશે. આપણે બાટલીના દાટા તરીકે બૂચ વાપરીએ છીએ તે થડના બહારના કૅમ્બિયમમાંથી સર્જાય છે. આવા બૂચનું ઘણું પાતળું પડ લગભગ બધાં ઝાડમાં ઉત્પન્ન થાય છે. કેટલાક ઝાડમાં થડનો વચલો ભાગ ભાંગી પડી ખવાઈ જાય છે તેથી ઝાડ પોલું થઇ જાય છે. વાંસ, વડ, શીમળા વગેરેમાં આ પ્રમાણે થાય છે. ઝાડની ઉખડી પડતી છાલમાં ઘણી વખત ઔષધોપયોગી ચીજો હોય છે. તેમાં કાથો, ટેનીન અને ક્વીનાઇન જેવાં આલકલોઇડ હોવાથી ઘણા ઝાડની છાલ દવામાં વપરાય છે. ઉખડી પડતી છાલ ઝાડને બીનઉપયોગી ચીજ હોઇ આ તેના શરીરની બહાર કાઢી નાખે છે.

પ્રશ્ન થશે કે ઝાડ ઊંચાં કેમ વધતાં હશે? જો આપણે છોડની ટોચનો ઇંચ બે ઇંચ ભાગ તપાસીશું તો ત્યાં આગળ એકસરખાં સેલ નજરે પડશે. એ સેલમાંથી નવાં સેલ ઝપાટાભેર વધે છે અને એમાં ઝાડને લંબાઇમાં વધારવાનો ગુણ હોય છે. ઝાડને જોઇએ એ ભાગનો ઘાટ એ સેલમાંથી ધીરેધીરે ફરક પડતાં થાય છે. કડીઓ જેમ દીવાલમાં ઇંટ ઉપર ઇંટ ચણી તેને ઊંચે લઇ જાય છે તેમ આ વૃદ્ધિજનક સેલ (minstematic cells) હમેશ ટોચે રહી પોતાની નીચે નવી ઇંટો ચણી ઝાડની ઊંચાઇ વધારે છે. આપણે કોઇ ઊગતા ઝાડને જમીનથી દસ ફૂટ ઊંચો ખીલો મારીએ તો તે ખીલો તો વર્ષો પછી પણ તેટલી જ ઊંચાઇએ રહેશે. પછી ઝાડ ગમે તેટલું ઊંચું વધે. આ ઉપરથી સાબિત થાય છે કે ઝાડની ઊંચાઇ તેની ટોચથી વધે છે.

વડ, પોપૈયા, ગુંદી, દેવદારૂ જેવાં ઝાડના થડમાં જળવાહિની અને પોષક નળી ઉપરાંત સફેદ ક્ષીર (latex), ચીકાશ (mucilage), રાળ (resin) વગેરેની નળીઓ કે માર્ગ (passage) હોય છે. આ ઉપરાંત ખોરાક ભરી રાખવાની જગ્યા, ઝાડને અક્કડ રાખનાર રેષા (fibres) અને બીજા કઠણ (mechanical) અને પોચા (soft) ભાગ હોય છે. આપણે જેને લાકડું કહીએ છીએ તે આ બધા ભાગોનું બનેલું છે. ઠંડા પ્રદેશોમાં શીઆળામાં વનસ્પતિની જીવનક્રિયા બહુ ધીરે ચાલે છે, જ્યારે વસંત ઋતુમાં ઝડપથી ચાલે છે. એવા પ્રદેશના ઝાડના થડના અંદરના ભાગમા વર્ષોવર્ષની જાડાઇ દેખાડતાં ચકરડાં (rings) પડે છે. એ ઉપરથી ઝાડની ઉમર ગણી શકાય છે. જુઓ ચિત્ર ૫.


ઝાડનો બહુ જ અગત્યનો ભાગ તેનું પાંદડું છે. પાંદડાં તેમના આકાર, કિનાર વગેરેમાં ભાતભાતનાં હોય છે. એની અંદરની રચના પણ તરેહતરેહની હોય



ચિત્ર ૫—ઝાડ વધતાં બહુ વર્ષે તેમાં પડતાં ચકરડાં


છે. વડ, આંબો કે એવા સાધારણ ઝાડનું બેપાસું (dorsiventral) પાંદડું સૂક્ષ્મદર્શક નીચે તપાસીશું તો તેમાં પહેલાં તો ઉપરનો ત્વચાનો ભાગ દેખાશે. આ ત્વચાનું પડ ઘણી વખત જાડું હોય છે. તો ઘણી વખત પાતળું હોય છે. રણ કે રેતીવાળી ગરમ અને સૂકી જમીનમાં ઊગનાર છોડનાં પાંદડાંની ત્વચા જાડી હોય છે, જ્યારે પાણી અને ભિનાશમાં ઊગનાર છોડના પાનની ત્વચા બારીક હોય છે. ત્વચાની નીચે લીલાં કણ (chlorophyll)વાળાં ઊભાં (palisade) સેલ હોય છે. આ સેલમાં લીલાં કણ ઘણો મહત્ત્વનો ભાગ છે. પાંદડાં લીલાં દેખાવાનું કારણ પણ આ જ કણ છે. લીલાંકણ સૂર્યના પ્રકાશમાં હવામાંથી કાર્બનડાયોક્સાઇડ (CO_2) લઇ તથા ક્ષારવાળા પાણીથી પહેલાં સાકર અને તેમાંથી પછી સ્ટાર્ચ (મેંદો) બનાવે છે. પાંદડાંનાં લીલાં સેલ કુદરતનાં મહાન કારખાનાં જેવાં છે. સ્ટાર્ચ બનાવવાની અજબ શક્તિ એ લીલાં કણમાં છે. લીલી વનસ્પતિ વિના બીજું કોઇ પણ પ્રાણી સ્ટાર્ચ બનાવી શકતું નથી. વનસ્પતિમાં આ લીલાં કણ ન હોત તો પૃથ્વી ઉપર પ્રાણીની વસતિ હોત કે નહિ તે શંકા છે. જુઓ ચિત્ર ૬.

સાકર અને સ્ટાર્ચ એ વનસ્પતિનો આહાર છે. ઝાડનું પોષણ પણ એનાથી જ થાય છે. પાંદડામાં સ્ટાર્ચ બને છે કે તરત જ તે ઝાડ કે છોડના બીજા ભાગ—થડ, મૂળ કે ફળ—માં ધકેલી દેવાય છે. ત્યાં કાં તો એનો પોષણમાં ઉપયોગ થાય છે અથવા તો ભવિષ્યના ખપ માટે તેનો સંચય કરાય છે. બટાટા, સુરણ અથવા બીમાં રહેલો સ્ટાર્ચ આ રીતે સંચય કરાએલો છે. પાંદડામાં ઊભાં સેલની નીચે વાદળી જેવું આછા ગોળાકાર સેલનું બીજું પડ હોય છે આ પડમાં ઘણી પોકળ જગ્યાઓ હોય છે, જેમાં હવા ભરેલી રહે છે. આખા ઝાડમાં આવી પોકળ જગાઓ દરેક અંગમાં હોય છે. ખાસ કરીને કમળ કે કુમુદિની (Limnenthemum) જેવા પાણીમાં થતા છોડમાં તો નરી આંખે દેખાય એવાં મોટાંમોટાં હવા ભરેલાં બાકોરાં હોય છે. આવી પોકળ જગ્યાઓમાં ભરેલી હવા ઝાડના શ્વાસોચ્છ્વાસ માટે છે. જેમ આપણે હવામાંથી શ્વાસ વાટે ઑકસીજન લઇ કાર્બન ડાયોકસાઇડ કાઢી નાખીએ છીએ તેમ દરેક છોડ પણ શ્વાસોચ્છ્વાસ લે છે. પરંતુ ઉપર જણાવ્યા પ્રમાણે સૂર્યના પ્રકાશમાં લીલી વનસ્પતિ કાર્બન ડાયોકસાઇડનો સ્ટાર્ચ બનાવવામાં ઉપયોગ કરે છે, એ વિશેષતા છે. જુઓ ચિત્ર ૭.





ડાબી બાજુ : ચિત્ર ૬—પાંદડાના આંતર ભાગો દર્શાવતું ચિત્ર. ઉપર : ચિત્ર ૭—પાંદડાનાં શ્વાસ છિદ્રો.



ચિત્ર ૮–મુચકુંદના પાન ઉપરના તારા જેવા વાળ




ચિત્ર ૯–પરાગ (પોલન)


વાદળી જેવા પડની નીચે પાનની નીચેની બાજુની ત્વચા હોય છે. પાંદડાંની ઉપરની અને નીચેની ત્વચામાં બારીક છિદ્રો (stomata) હોય છે. એ છિદ્રો ઉપલી બાજુ કરતાં નીચેની બાજુએ વધારે હોય છે. એ છિદ્રોની આસપાસ બે રક્ષક–સેલ (Guard–cell) હોય છે. એ રક્ષક–સેલનો છિદ્રોના ઉઘાડ અડકાવ ઉપર કાબૂ હોય છે. એ છિદ્રો વાટે પાન હવા લે છે એટલું જ નહિ પરંતુ ઝાડના શરીરમાંથી વરાળરૂપે પાણી ઊડી જાય છે. મૂળમાંથી જળવાહિનીઓ વાટે પાણી થડમાં થઇ ઠેઠ ઊંચામાં ઊંચા પાંદડામાં આવે છે. ગુલમેંદી (Impatiens balsamina)ના નાના છોડને લાલ શાહીવાળા પાણીમાં મૂકશો તો જળવાહિનીમાં લાલ પાણી ચઢી ઠેઠ પાંદડાંમાં આવતું જણાશે.

જળવાહિનીઓ પાંદડાંમાં આવી અટકે છે. પાંદડાંમાં દેખાતી નસો તે આ જ જળવાહિનીઓ છે. ઝાડના ઉપયોગ કરતાં વધારાનું પાણી છિદ્રો વાટે વરાળરૂપે ઊડી જાય છે અથવા કોઇ કોઇ કિસ્સામાં રાતના પાનની ધારમાંથી જળછિદ્ર (hydathode) વાટે બહાર નીકળી જાય છે. ઘણી વખત સવારના આપણે જમીન ઉપર ઘાસને ભીનું જોઇએ છીએ ત્યારે ઝાકળથી ભીનું થએલું માનીએ છીએ, પરંતુ ખરૂં જોતાં તે ભિનાશ ઘાસના પાનમાંથી નીકળેલું પાણી હોય છે. જ્યાંસુધી જમીનમાં પાણી હોય અને ઝાડને મળતું રહે ત્યાંસુધી આ છિદ્રો ઉઘાડાં રહે છે. પાણીનો તોટો થતાં જ આ છિદ્રો બંધ થઇ જાય છે. ઉનાળામાં ઝાડ નીચે આપણને લાગતી ઠંડકનું કારણ પાનનાં છિદ્રોમાંથી પસાર થતી વરાળ છે. શ્વાસ લેવાનાં છિદ્રો છોડની દાંડી ઉપર પણ હોય છે. કેટલાંક પાંદડાં અને દાંડી ઉપર છોડના રક્ષણ માટે જાતજાતના વાળ હોય છે. પારસ પીપળો (thespesia sp.) અને મુચકુન્દ (pterospirmum sp.)ના પાન ઉપર તારા કે કરોળીઆ જેવા દેખાતા વાળ હોય છે. જુઓ ચિત્ર ૮. કુંવી જેવાં કેટલાંક પાંદડાં ઉપર મીણ (wax) થાય છે. એવાં પાન આસમાની રંગનાં દેખાય છે અને પાણીથી ઝટ પલળતાં નથી.

લીંબુ, યુકૅલિપ્ટસ કે જાંબુનાં પાંદડાંમાં ગ્રન્થી (gland)માંથી ઝરતા તેલની ટાંકીઓ (reservoirs) હોય છે. પ્રકાશ સામે એવાં પાંદડાં ધરવાથી તેમાં ટપકા ટપકાં દેખાય છે. કેટલાંક પાનમાં ઝાડને બીનઉપયોગી કૅલ્શ્યમ ઓકઝલેટ ક્ષારનાં ક્રિસ્ટલ (કણ) હોય છે. પાન જ્યારે ખરે છે ત્યારે આ બીનઉપયોગી પદાર્થો વૃક્ષના શરીરમાંથી નીકળી જાય છે. અળવીનાં પાતરાં ઘણી વખત ગળામાં ચચરે છે તેનું કારણ આ ક્ષારનાં ક્રિસ્ટલ છે. એનાથી ઘણી વખત વનસ્પતિના શરીરનું ચરાઉ (grazing) પ્રાણી સામે રક્ષણ થાય છે. ગુલાબના કાંટા અને કવચના વાળથી પણ આ જ જાતનું રક્ષણ મળે છે. લજામણી, પાંગારા, નેપચ્યુનીઆ વગેરે છોડનાં પાંદડાંના પાયામાં ફુલેલો પોચો ભાગ હોય છે જેને પલવા-



ચિત્ર ૧૦—પરાગકોષની કાતળી



ચિત્ર ૧૧—ગર્ભકોષ અને ગર્ભબીજ

ઇનસ (pulvinus) કહે છે. એ ભાગને આધારે લજામણી જેવા છોડનાં પાંદડાં મિચાય છે અને ઉઘડે છે.

છોડ કે ઝાડના જીવનનું અંતિમ અગત્યનું અંગ તેનું ફૂલ છે. ફૂલોની પણ જાતજાતની બાહ્ય રચનાઓ છે. ઘણાં ફૂલોને સુશોભિત, રંગબેરંગી અને સુવાસિત પાંખડીઓ હોય છે. આ પાંખડીઓ જીવડાંને આકર્ષે છે. પાંખડીની વચ્ચે ગર્ભાશય (ovary), પુંકેસર (stamens) અને તેના પાયામાં ઘણું વખત મધ ઝરતી ગ્લૅંડ (ગ્રંથી) હોય છે. એ મધગ્રન્થી (nectary)માંથી ઝરતું મીઠું મધ ચૂસવાને મધમાખી અને બીજાં જીવડાં આવે છે. પુંકેસરમાં પરાગ (pollen) થાય છે અને ગર્ભાશયમાં ગર્ભબીજ (ovule) બાઝેલાં હોય છે. જુઓ ચિત્ર ૯ ને ૧૦. ઘણી વખત મધ ખોળતાં જીવડાં પરાગ અને ગર્ભાશયનો સંયોગ કરાવે છે. પરાગ અને ગર્ભાશયનો સંયોગ થયા પછી જ ગર્ભબીજ ફલિત (fertilize) થાય છે. ગર્ભબીજ ફલિત થયા પછી તે બી રૂપે ફૂટવા માંડે છે. ગર્ભાશય મોટું થઈ તેનું ફળ થાય છે. કેટલાંક ફળ મોટાં થઇ તેમાં ગલ બંધાય છે, અને પાકે છે ત્યારે કાચાં, ખાટાં કે કડવાં ફળ પણ ગળ્યાં થાય છે. આ ફેરફાર રાસાયણિક (chemical) છે અને એનઝાઇમ (enzyme)ના પ્રભાવથી થાય છે.

ઝાડની સામાન્ય રચના જાણ્યા પછી એક મુદ્દો તરી આવે છે કે વૃક્ષના અંગનું રૂપ અને રચના તેને કરવાના કાર્ય અનુસાર ઘડાય છે. તે ઉપરાંત વનસ્પતિ અને પ્રાણીની જીવનક્રિયા એકંદરે સરખા પ્રકારની હોય છે. જીવનની બધી ક્રિયાઓ એવી સહ-સંબદ્ધ(correlated) અને આંતર-અવલંબિત (interdependent) હોય છે કે તેમને છુટી કરવી શકય નથી. ટૂંકમાં, ઝાડની રચના તેની જીવનક્રિયા અનુસાર નિર્માણ થએલી છે.

(આ લેખ સાથેનાં બધાં ચિત્રો માઈક્રોફોટોગ્રાફી (સૂક્ષ્મદર્શક યંત્રની સાથે સંયોજાએલી ફોટોગ્રાફી) વડે લેવાએલાં છે અને તે પ્રો. વી. એન. હાટેના સૌજન્યથી મળેલાં છે. બધાં ચિત્રો એમના કૉપીરાઇટ છે)

મુકાબલો



ઇર્ષ્યા . . નફરત . . . જીવ સટોસટનો મુકાબલો ખેડવા પ્રેરતી ખુન્નસ . . . . એ બધાં પછી પણ અંતે જીતે છે તો માનવતા જ

જોતાં અંધારાં આવે એમ એમની નીચેની જમીન ચકરાઈ રહી હતી. તેના પરનું મકાને ભમરડા પરની ફૂદડી જેમ ઘૂમી રહ્યું હતું ત્યાં ઓચિંતો એ ચકરાવો બંધ પડ્યો ને પૃથ્વીએ પોતાનો મૂળ નકશો પકડ્યો.

મૅરેટે વિમાનને ગુચ્ચીઓ ખાતું અટકાવી ભમ્મ અ ક શરેખાની ઉપર લઇ જતાં વાંકા વળી ઉપેક્ષિત ચહેરે પાછળ બેઠેલા કર્ટી સામે જોયું.

કર્ટીને વિમાન સાથેની આવી ગેલ નાપસંદ હતી. ને એથી યે વધુ મૅરેટ પ્રત્યે નફરત હતી. મૅરેટ પણ આ બંને બાબતોથી વાકેફ હતો. એટલે જ તેણે ટોળમાં પૂછ્યું: 'કેમ, કર્ટી! ગભરાયો છે?'

'ગભરાયો? શા માટે?' કર્ટીએ તિરસ્કારથી જવાબ આપ્યો ને મૅરેટે મોં ફેરવી લીધું.

કર્ટી ને મૅરેટ બંનેને એકબીજા પ્રત્યે દુશ્મનાવટ હતી;—આજકાલની નહિ, દસ વર્ષ પર આ જ સંસ્થાના બંને વિદ્યાર્થી હતા ત્યારની. મૅરેટને એકાકી ઉડાણ (Solo flight)નો હક પહેલો મળ્યો, ને તેનો તે હમેશાં ગર્વ કર્યા કરતો; જ્યારે કર્ટીને તેની એ શ્રેષ્ઠતા કબૂલ ન હતી. તે પહેલેથી જ મૅરેટને ઘૃણાની નજરે જોતો આવ્યો હતો ને સંસ્થામાં થએલા પક્ષપાતે તો તેના પ્રત્યે હાડોહાડ તિરસ્કાર પેદા કર્યો હતો.

ત્યારથી બંનેના અભ્યાસક્રમો જુદા પડી ગએલા. નવ વર્ષ બાદ આજે બંનેનો પાછો ભેટો થઇ ગયો. મૅરેટ હવે અનુભવી પાઇલટમાં ગણાતો. એ દિવસે કમાન્ડન્ટે બધા પાઇલટોને બે કૉન્ટ્રોલ-સ્ટિકવાળા વિમાનમાં બબ્બેની જોડીમાં ઊડવાનું ફરમાવેલું. કક્કાવારી મુજબ એ જોડ ગોઠવતો ગયો. કર્ટીનું નામ આવી જતાં તે બોલ્યો, 'હવે છે કોઈ વધુ 'કે'? 'એલ'? 'એમ'? હાં મૅરેટ! કર્ટી! તારે મૅરેટ સાથે ઊડવાનું છે!'

નામ સાંભળતાં જ કર્ટી ચમક્યો. આસપાસ નજર કરી તો પુરાણા દુશ્મનને છેક ખૂણા પરથી પોતા તરફ જ તાકી રહેલો જોયો. ઘડીભર તેને થયું કે પોતે ના પાડી દે. મૅરેટના ચહેરા પર એ જ પરિચિત અર્ધસ્મિત રમી રહ્યું હતું. કર્ટીને લાગ્યું કે પોતાનો વિચાર એ જાણી ગયો છે, એટલે એ મૂંગો જ રહ્યો.

વિમાનમાં મૅરેટ પાછળ ગોઠવાતાં જ બધી ગત સ્મૃતિઓ કર્ટીની નજર આગળ તરી આવી. તેનો બિલાડી જેવો અવાજ, મોં પરનું અર્ધખુલ્લા હોઠનું સ્મિત હજુ એને એવાં ને એવાં ઘૃણાજનક લાગતાં. ત્યાં તો મૅરેટ પણ જાણે એના વિચારોને ભૂતકાળમાં ધકેલતો હોય તેમ બોલ્યો, 'કર્ટી, તને વિમાનની ફેરફૂદડી તો પસંદ નહિ હોય.'

'તને ચાહે તેમ વર્ત્યે આવને? મને કશું નથી થવાનું.' કર્ટીએ ઝનૂનથી કહ્યું.

'ઓહ, આજે ત્યારે બહુ આત્મશ્રદ્ધા આવી ગઇ છે શું? બેઠક લેતાં તો સફેદ પૂણી જેવો થઇ ગયો હતો!'

કર્ટી માટે આ શબ્દો અસહ્ય હતા. તેનું મોં લાલચોળ બની ગયું. 'જો મૅરેટ!' તે બોલ્યો: 'તારો પટપટારો રહેવા દે. મુકાબલો કરવો હોય તો ચાલ આપણી વચ્ચે શરત લગાવીએ, કે વિમાનને જમીનની વધુમાં વધુ નજીક સુધીની ગુચ્ચી કોણ ખવડાવે છે. આપણી બંને પાસે કોન્ટ્રૉલ્સ તો છે જ.'

'એમ વારાફરતી શા માટે?' આંખો નચાવતો મૅરેટ બોલ્યો: 'તેં કહ્યું તેમ આપણી બંને પાસે કૉન્ટ્રોલ્સ તો છે; ને ધારે ત્યારે બેમાંથી કોઇ પણ તે અજમાવી શકે છે. આપણે જરા સહીસલામત ઊંચાઇએ—આઠેક હજાર ફૂટ પર પહોંચી જઇએ એટલે વિમાનને કમાન રાખી બંને જણ કૉન્ટ્રોલ્સ છોડી દઇએ. કૉન્ટ્રોલ્સ પર જે પહેલો હાથ નાખે તે શરત હાર્યો. છે કબૂલ?'

'કબુલ છે.' કર્ટી બોલ્યો.

વિમાનને ગુચ્ચી ખવડાવતાં થતા અનુભવનો આપણને તો ખ્યાલે ન આવે. એ વખતે એન્જિન બંધ પાડી કૉન્ટ્રોલ્સ એવી રીતે છોડી દેવામાં આવે છે કે વિમાન પોતાની ધરી પર ઘૂમરી ખાતું નીચે

મોંએ જમીન તરફ ધસતું જાય છે. ઝાડની ઊંચી ડાળ પર બાંધેલા હીંચકાને ખૂબ મોટો ઝોલો ખવડાવી, આગળના ધક્કામાં છેક ઊંચે પહોંચતાં પાછળ નમી જોઇએ તો એ ગુચાનો સહેજ ખ્યાલ આવે. અને વિમાનની ગુચીમાં તો ઊલટી જમીન જાણે વિમાનને ભેટવા ધસી આવતી હોય એમ લાગે!

આકાશ બિલકુલ ચોક્ખું હતું. આઠ હજાર ફૂટ નીચે જમીન કોઇ નકશાપોથીના પાના જેવી લાગતી હતી. 'તૈયાર, કર્બી?' મૅરેટે પ્રશ્ન કર્યો.

'તૈયાર!' જવાબ આપતાં કર્બીએ આઠ હજાર ફૂટનો આંક બતાવતા ઑલ્ટીમીટર તરફ જોયું. એના અંગમાં સહેજ કંપારી તો આવેલી, પણ ખોંખારો મારી સ્વસ્થતાથી તે બોલ્યો, 'ચાલ, જવા દે. જે પહેલો હાથ લગાડે તે શરત હાર્યો.'

એન્જિન બંધ પડ્યું. થોડીવાર તો વિમાનનો મોરો આકાશમાં પલટા લેતો રહ્યો, પણ પછી એક ઝટકા સાથે ચક્કર મારતું તે નીચે મોંએ ભૂમિને ભેટવા ધસ્યું.

હવે, વિમાન દર હજાર ફૂટ નીચે ધસતાં ચારથી પાંચ ઘુમરી લે છે. એ ઘુમરીમાંથી સ્થિર થયા બાદ, કૉન્ટ્રોલ્સ વડે એની ગુચી અટકાવવા માટે ઓછામાં ઓછા ૫૦૦ ફૂટ બીજા જોઇએ. એટલે કે, વિમાન જમીનથી પાંચસોથી વધુ ફૂટ અદ્ધર હોય તે દરમિયાન જ પાઇલટે તેના કૉન્ટ્રોલ્સનો કાબુ મેળવવો જોઇએ; નહિતર કલાકના સો માઇલના વેગે તે જમીન સાથે અથડાઇ પડે. વિમાનીના મગજની સમતોલતાની એ જ ખરી કસોટી છે.

મૅરેટે વિમાનની ઘુમરીઓ ગણતા રહેવાનો નિશ્ચય કર્યો હતો. અને એવી ઓગણત્રીસ ઘુમરીઓ પછી, કર્બી ન અજમાવે તો પોતે જ કૉન્ટ્રોલ્સ અજમાવવાનો એનો નિરધાર હતો. કર્બી તો આજ મરણિયો હતો. એણે એવો ખ્યાલ સુદ્ધાં નહોતો કરેલો.

વિમાન નીચે ને નીચે ધસતું જતું હતું. જમીનનો નકશો વધુ ને વધુ ગોળ થતો જતો હતો. કર્બીને પેટમાં ચૂંક ઊપડી હતી, પણ આજ એને પરવા નહોતી. પટકાયે જતા વિમાનને ભરખવા જમીન ઉપર ધસી આવતી એની યે પરવા નહોતી, ને બ્રેસિંગ વાયર્સની ગાંડી ચીસોની યે એને પરવા નહોતી. મૅરેટ પ્રત્યેના તિરસ્કાર સિવાય આજ તે બધું ભૂલી ગયો હતો.

'ખટાક' કરતા ઑલ્ટીમીટરના કાંટાએ હજાર ફૂટનો આંક પસાર કર્યો. મૅરેટનો જીવ હવે ન રહ્યો. એ કૉન્ટ્રોલ્સ પર હાથ નાખવા જતો હતો, ત્યાં કર્બીનો કર્કશ અવાજ આવ્યો, 'બસ, બચ્ચાજી! હવે બસ ને!'

મૅરેટ એ કટાક્ષ પાછળ રહેલો ધ્વનિ સમજી ગયો. જીવનનાશની વીતી રહેલી ભયંકર પળો એ ભૂલી ગયો. પણ તરત સમય વિચારી એ સ્વસ્થ બન્યો. પરંતુ વખત વીતી ગયો હતો. . . . . . .

મેદાનને છેવાડે આવેલાં ઝાડને લીધે જ એ મોતના મોમાંથી બચ્યા. બે વિશાળકાય વૃક્ષોની ટોચે વિમાન જઇ અથડાયું. કડાકા કરતી તેની ડાળો તૂટી પડી; પણ એને લઇને વિમાનની પછાડનો વેગ ઘણો ઓછો થઇ ગયો.

વિમાન જમીન સાથે અફળાતાં જ કર્બી કૉકપિટમાંથી બહાર ઉછળી પડ્યો. એનું મગજ ચક્કર મારતું હતું, કાનમાં સણકારા બોલતા હતા, પણ એ સિવાય એ આબાદ બચી ગયો હતો. બે હાથે માથું દબાવી એણે પાછળ જોયું તો વિમાન સળગી ઊઠ્યું હતું.

એ જ પળે એ વિમાન તરફ ધસ્યો ને સળગતા પેટ્રોલની ભઠ્ઠીની પરવા કર્યા વગર કૉકપિટમાં ગાંસડી વળી પડેલા મૅરેટ સુધી પહોંચી ગયો. તેના બેભાન શરીર પર એણે સેફ્ટી હાર્નેસ ચડાવ્યું ત્યાં સુધીમાં તો આગ ખૂબ વધી ગઇ ને જવાળાઓ એનાં હાથ ને મોં ચૂમવા લાગી. પણ કર્બીએ મર્દની જેમ તેમનો સામનો કર્યો ને વ્યગ્ર ઉચ્છ્વાસો નાખતાં તેણે મૅરેટને બહાર ખેંચી કાઢ્યો. એ જ વખતે એ પણ બેભાન થઇ તેને પડખે ઢળી પડ્યો.

થોડી વારે તેને ભાન આવ્યું ત્યારે મૅરેટ તેને સંબોધી રહ્યો હતો: 'કર્બી તેં મારો જાન બચાવ્યો.'

એટલું કહેતાં એણે હાથ લંબાવ્યો. કર્બીએ પણ ધ્રુજતો હાથ તેના હાથમાં સોંપ્યો. મૅરેટના ચહેરા પર એ જ અર્ધ સ્મિત ફરકી રહ્યું હતું. કર્બીએ જોયું કે તે આત્મશ્લાઘા કે ઉપેક્ષાનું ન હતું. આજે પહેલી જ વાર તેને એ સ્મિતનો પ્રત્યુત્તર વાળવાનું દિલ થયું. પણ એટલામાં તો એ પાછો બેભાન થઇ ગયો.


છતાં એ બેહોશીમાં યે તેના હોઠ પર મીઠું નિખાલસ અર્ધું સ્મિત રમી રહ્યું હતું.

(અંગ્રેજી પરથી) **'રતિન'**

વ ન વ ગ ડા નાં વા સી

પંખીપરિચયની લેખમાળા

પીંજરાં અને એનાં જ્ઞાતિબન્ધુ



સ્ટ્રીએટેડ બુશ વૉબ્લર
ચટાપટાવાળું પીંજરું

પેલા અજાણ્યા પંખી વિષે મેં નેચરલ હિસ્ટરી સોસાએટીને નીચે મુજબ કાગળ લખ્યો હતો:

'આ કયું પંખી છે?'

'કદ: ૫–૬ ઇંચ. ચકલીથી નાનું અને દુબળું પણ ફુત્કી કરતાં મોટું અને ભરાવદાર કાયાવાળું.

કોમળઅંગ: ચાંચ: નાની, અણીદાર: ફુત્કીના જેવા આકારની. રંગે આછી ગુલાબી, પણ પગના કરતાં ફીકી. ઉપલા પાંખીઆમાં કાળા રંગની છાંટ. આંખો: કાળી (?) સરખી લાગે છે.

પગ: ઘઉંવરણા, આછા ગુલાબી રંગના. રૂંવાંટી વિનાના, ભીંગડાંવાળા. પાછલું આંગળું સીધું, લાંબું. નહોર વાંકા, શ્વેતરંગી.

રંગ: પીઠ ઉપર: મેલો બદામી. માથું ઘેરા ચળકતા લાલ કે બદામી રંગે: તડકામાં એમાં લીલા રંગના ઓળા દેખાય. પાંખો અને પૂછડી ઘેરા ભૂખરા રંગનાં: એ બંનેમાં ધોળા રંગનું ટપકું સરખું યે નથી દેખાતું.

આંખ ફરતું આછું શ્વેત કુંડાળું: આઘેથી યે દેખાય પણ શ્વેતનયનાના જેટલું સ્વચ્છ નહિ.

હેઠળના ભાગે: ગળું સુંદર શ્વેતરંગી. ગળાની બંને તરફ અને છાતીનો ભાગ આછાં ચળકતા બદામી રંગનાં. પેટ સફેદ, ગળાના શ્વેત રંગ સાથે પાતળા ઊભા સફેદ પટાથી સંધાએલું: એને લીધે એ ધોળો ભાગ, વખત જોવાની શીશી કે ડમરૂના આકારનો લાગે છે.

પૂછડી: દસ લાંબાં અને એની બંને તરફનું એકેક નાનું મળી, કુલ બાર પીછાંવાળી. પીછાં છેડેથી પંખા જેવા વિશિષ્ટ આકારનાં.

ગર્ભાધાન–કાળ: મે માસના છેલ્લા અઠવાડિયામાં માળો બાંધ્યો અને જૂનમાં ઈંડાં મૂક્યાં.

માળો: ગોળ દડા જેવો. થૂવરના મૂળમાં, જમીન ઉપર જ મૂકેલો. ઇંડાં મૂકવાનું અંદરનું પવાલું, ઝાડની પાતળી છાલ વગેરેની સરસ ગૂંથણી કરી બનાવેલું: થરમૉસના ઢાંકણાં જેવા હુબહૂ આકાર અને કદનું. એના ફરતાં કેળનાં સૂકાં પાંદડાં વીંટીને દડો બનાવ્યો હતો. એનું બારણું આથમણું, માળાની વચ્ચોવચ્ચ રાખેલું. અંદર પાતળાં મુલાયમ સૂકાં પાંદડાં બિછાવ્યાં હતાં.

માળાની ગૂંથણીમાં કોઇ પણ સ્થળે પીછાં કે કરોળિયાનાં જાળાં વાપરેલાં જોવામાં ન આવ્યાં.

ઈંડાં: ૪ લંબગોળ (નમૂના પ્રમાણે). રંગમાં સફેદ ભોંય પર, લાલ રંગનાં ટપકાં, લીટીઓ, વગેરેવાળાં. આ છુંદણાં મોટા છેડા તરફ ભગી જતાં લાગે.

આચરણ: બગીચામાં બાજોરાની ગીચ ઝાડીમાં જમીન ઉપરથી, મૂગે મ્હોએ, સૂકાં પાંદડાં ઉપાડતું એ જોડું મેની આખરે પ્રથમ નજરે પડયું. બંને પંખી ખૂબ બીકણ અને શરમાળ. રજમાં ભડકીને નાસી જાય ઝાઝી વાર નજરે પણ ન રહે, એવાં. એકાંતપ્રિય. ચાંચની વિશિષ્ટતાથી જીવાત ખાનારાં જણાય છે. ઊડે છે ત્યારે ઊંચાંનીચાં થતાં નહિ, પણ સીધી લીટીમાં એકધારી ગતિથી, પીંજરાં પેઠે પાંખો ઝડપથી વીંઝતાં. લાંબું ઊડે નહિ પણ ઊડીને બેસે. વળી તરત ઊડે અને થોડે જઇને ફરી બેસે. ઊડે ત્યારે, પંખા પેઠે પૂછડી પહોળી કરીને."

સાથેસાથે મેં મારી માન્યતા પણ દર્શાવેલી કે એની ઊડવાની રીત વગેરે ઉપરથી એ 'બ્રાઉન વૉબ્લર' હોવું જોઇએ. કે પછી 'પીપીટ' તો નહિ હોય?'

卐

ગયો લેખ છપાયા પછી આ પત્રનો જવાબ આવી



સ્મૉલ વ્હાઇટ થ્રોટેડ બૅબલરનો માળો અને ઇંડાં
ફોટો : વનેચર

ગયો છે, જેમાં સોસાયટીએ મારા મતનું સમર્થન કર્યું છે. એમની માન્યતા પ્રમાણે આ પંખી છે: The Small White Throated Babbler[1]. એની એક જાત દક્ષિણ ભારતમાં થાય છે. બીજી જાત મુંબાઇથી ઉત્તરમાં રાજપુતાના અને આબુ[2] સુધી જોવામાં આવી છે.

મને આ સમાચારથી ખૂબ આનંદ થયો છે: એક માત્રા સરખી પણ બચાવવાથી પેલા વૈયાકરણોને થાય છે એટલો નિરવધિ. મારૂં કહેવું સાચું પડ્યું માટે નહિ, પણ એ અજાણ્યા પંખીને ઓળખવામાં હું આખરે ફાવ્યો એથી. એને ઓળખી શક્યો ન હતો ત્યાંસુધી મને ખૂબ લાગી આવતું. એના વિચારમાં મેં કેટલાય ઉજાગરા કર્યા છે. આવી તાલાવેલી મને ક્વચિત્ જ લાગે છે, કારણ અનુભવથી કોઇપણ અજાણ્યા પંખીને પીછાનવાની કળા હું હસ્તગત કરી શક્યો છું. છતાં આ પંખીના સંબંધમાં હું નિશ્ચય ન કરી શક્યો એથી મને અપાર દુઃખ થતું.

પણ આ બધું કદાચ તમને નહિ સમજાય. રજ ફુરસદ મળી કે એ પંખીની પાછળપાછળ ફરવામાં, લોકો ગમે તે ધારે છતાં, રજાના દિવસે દુરબીન લઇ છેટેથી એનાં આચરણ નીરખવા કલાકોના કલાક એક જ સ્થળે બેસી રહેવામાં, બીજી કોઇ રીતે એ હાથમાં ન આવ્યું એટલે એના માળાવાળા વાડોલિયા ફરતો ઓઢો નાખતાં, સાત રૂપીઆની નવી મચ્છરદાનીનો ધાણ કાઢવામાં, એને હસ્તગત કરી, પાંજરાના અભાવે ડેઇઝી ચર્નની કાચની બરણીમાં પૂરીને અવલોકવામાં જે આનંદ આવતો એ પંખીઓના અનુભવી વિના અન્યને કેમ કરી સમજાવવો.

આટલી ઉપાધિ કરાવનાર આ પંખીનું જાતિવાચક અંગ્રેજી નામ Babblers: બૅબલર્સ એટલે 'બડબડિયાં' પંખી. એની પાંચ છ જાતો આપણા પ્રદેશમાં જોવામાં આવે છે.

(૧)

એમાંની એક આ ઉપર વર્ણવી તે. ગુજરાતમાં બારે માસ રહેનારૂં પંખી છે, છતાં દરેક સ્થળે વ્યાપક ન ગણાય.

મે અને જૂન એનો પ્રજનન કાળ. એ વખતે એના માળા વનવગડામાં તેમજ બાગબગીચામાં પણ જોવામાં આવે છે. સ્વભાવે સમૂહચારી છે. પરંતુ આ પ્રસંગે એ બધાં છૂટાં પડી જઇ, દરેક જોડું અલગઅલગ માળો બાંધે છે. આ માળા સાધારણ રીતે જમીન ઉપર જ વાડ કે ઝાડવાંનાં મૂળમાં મૂકેલા હોય છે. ક્વચિત્ જમીનથી એકાદ હાથ ઊંચે મૂકેલા પણ જોવામાં આવે છે. આવો એક માળો ગુજરાત કૉલેજના બગીચામાં કૂંડામાં મૂકેલો મારી નજરે પડ્યો છે.

(૨)

બૅબલરની બીજી જાત તે 'પીંજારાં', 'લૅલાં', હિંદુસ્તાનીમાં સાત ભાઈ અને અંગ્રેજોની Seven Sisters. એનું વ્યાવહારિક નામ The Bengal Babbler.[3]

સૌથી વધારે વ્યાપક જાત આ એકલી જ. વગડામાં તેમજ બાગ-બગીચામાં સ્વચ્છંદે મહાલતાં છતાં, ઝાડપાન વિનાના માણસના વસવાટમાં કદીં પણ નજરે પડતાં નથી.

એમને ઓળખતાં સાવ સહેલાં છે. કાબરથી સહજ મોટા ભરાવદાર, મેલા ધૂળીઆ કે ફિક્કા ધોળા રંગનાં શરીરવાળાં, પીળી આંખ ફરતાં સફેદ કુંડાળા-

૧ Dumetia albugularis abuensis
૨ એથી જ એનું નામ . . . . abuensis=આબુની રહેનારી.
૩ કોઇ કોઇ એને The Jungle B. પણ કહે છે. એનું વૈજ્ઞાનિક અભિધાન Malacocercus terricolor.

વાળાં, ફિક્કી પીળી ચાંચ અને પીળા પગ તથા ઠેકાણા વિનાની લટકતી લાંબી પૂછડીવાળાં, પાંચસાત પખી ભેગાં ફરતાં, 'લૅ-લૅ-લૅ' 'પેં-પેં-પેં' લલકારતાં, જમીન પરથી જીવાત વીણતાં ફરતાં કૂદતાં જુઓ તો એ પીંજારાં જ. એમના વરણમાં રજ પણ ભપકો નથી. ચટાપટાને અને એમને આડવેર છે.

એમનું અંગ્રેજી નામ 'સાત બહેનો' અને હિન્દુસ્તાની 'સાત ભાઇ'૪ પડ્યું છે, એમની સદૈવ સાથે રહેવાની ટેવને લીધે. મુનશીના 'અવિભક્ત આત્મા' જેવો એમનો દૃઢ સહચાર કદી પણ વિશીર્ણ થતો દેખાતો નથી. આખું ટોળું સાથે ફરે, સાથે ચરે. લડવામાં પણ બધાં સાથે સામેલ. ઊંઘે પણ એક જ ઝાડમાં. એકાદ જોડું માળો બાંધીને રહેતું હોય ત્યાં પણ બીજાં બાકીનાં હાજર હોય જ. રખડતાં રખડતાં એકાદ પંખી પાછળ પડી જાય કે વૃક્ષાન્તરે તિરોહિત બને ત્યાં પણ ચિત્કાર કરીને બાકીનાં એની ભાળમાં નીકળી પડે.

બોલે પણ બધાં સાથે. જૅ જૅ જૅ કરીને આખું વાતાવરણ ગજાવી મૂકે. ખુશ થયાં હોય ત્યારે પણ 'પેં-પેં' અને કાગડા બિલાડાંની પાછળ પડ્યાં હોય ત્યારે પણ 'પેં-પેં'. એમના આવા સતતભાષી સ્વભાવને લીધે જ એ 'જંગલર'–'બડબડિયાં' કહેવાયાં છે. એમના સ્વરમાં પણ કેવળ કટુતા જ ભરેલી છે. વિવિધતા હોય તો માત્ર મંદ કે તીવ્ર અવાજ પૂરતી જ; હર્ષ અને ક્રોધ, દુ:ખ અને ઉત્સાહ બધું, માત્ર 'પેં-પેં'ના ધીમા કે ઉતાવળા ઉચ્ચારથી જ વ્યક્ત કરે છે. એથી એમનો પાડોશ ખૂબ અપ્રિય થઇ પડે છે.

આવાં કર્ણકઠોર ગાનવાળાં છતાં, એ બીચાર છે અત્યંત નિરુપદ્રવી અને ખેતીને ભારે ઉપકારક. એમનો આહાર જીવાત. એની શોધમાં એ આખો વખત જમીન પર ભમતાં, પાંદડાં ઉથલાવી ઉથલાવી હેઠળથી જીવાત શોધતાં નજરે પડે છે. ઝાડમાં બેસે, છોડમાં ભમે, વાડમાં ભરાઇ જાય પણ એમનો આહાર મોટે ભાગે જમીન ઉપરથી મેળવે.૫

જમીન પર ભમવાનાં આટલાં બધાં શૉખીન છે, છતાં એમના માળા તો હમેશાં જમીનથી અદ્ધર, ૫ થી ૨૫ ફૂટ ઊંચે, વાડ, માંડવા, ઝાડ વગેરેમાં જ બાંધે છે. જૂન-જુલાઇમાં, ઝાડની છાલ કે સળીઓનો ઊંડા પવાલા જેવો માળો બાંધી, એમાં આસમાની રંગનાં ત્રણથી ચાર ઇંડાં મૂકે છે.

પારકા પાસે પોતાનાં બચ્ચાં ઉછેરાવનારી કૉયલ આપણા સાહિત્યમાં નામચીન બની છે, પરંતુ એના વંશનાં એવાં જ બીજાં 'પરભૃત' બે પંખી સાહિત્યકારોની નજરે ચડ્યાં નથી એટલે દૂષણપાત્ર નથી ગણાયાં. એ બે પંખી તે ચાતક૬ અને બપૈયો.૭ કૉયલ કાગડા પાસે ઈંડાં સેવરાવે છે, ત્યારે એનાં આ બે પીતરાઇ બીચારાં પીંજારાં અને એનાં અન્ય નાતીલાં પાસે સંતાન ઉછેરાવે છે. એમનાં ઇંડાં પણ રૂપેરંગે પીંજારાંનાં ઇંડાંને એટલાં તો આબાદ મળતાં છે કે ભલભલા વિશારદો પણ બંને વચ્ચેનો ભેદ પારખી શકતા નથી!

(૩)

બડબડિયાંની ત્રીજી જાત તે The Striated Bush Babbler.૮. એ પણ ખૂબ વ્યાપક. ફેર માત્ર એટલો કે એ હમેશાં ખેતરપાદરની વસનારી છે. બાગબગીચામાં જોવામાં નથી આવતી.

કદમાં એ સાત ભાઇ કરતાં સહજ નાનું. પણ રંગમાં આંખ ખેંચે એવા ચિત્રવર્ણવાળું. દેખાવ પણ પ્રતિભાસંપન્ન અને સુઘડ: પીંજારાં જેવું ગાભારામ નહિ.

એના શરીરનો ઉપરનો રંગ છીંકણી જેવો, આછો. એના આખા શરીર પર, પીંછે પીંછે મેલાં ધોળાં કે બદામી ટપકાં કે નાના ચાંદલા: એના લીધે આખું શરીર ચટાપટાવાળું (striated) લાગે. ગળું

૪ આનો અર્થ એવો નથી કે દરેક ટોળામાં માત્ર સાત જ 'મરદો' કે સાત જ 'ઓરતો' ભેગી રહે છે. બંને જાતનાં પંખી ભેગાં રહેવા છતાં આવું નામ અપાયું, તે કેવળ ઉપાલંભવૃત્તિનો જ પ્રતાપ.

વળી એમના ટોળાની સંખ્યા 'સાત'ની અંકાઇ છે, છતાં એમાં માત્ર 'સાત' જ પંખી હોય છે એવું પણ નથી. કવચિત્ પાંચનું ટોળું યે જોવામાં આવે છે. અમારી વાડીમાં કાયમી વસવાટ કરનારા ટોળામાં, મેં અવારનવાર ૯–૧૦ પંખી પણ ભેગાં ફરતાં જોયાં છે. વખતે બે જુદાં ટોળાં એકત્ર થવાથી અગર અપકવ અવસ્થાનાં બચ્ચાં માબાપ જોડે રહેતાં હોવાને લીધે પણ આમ બનતું હોય. બાકી સાતનો આંક કેવળ ઔપચારિક છે.

૫ ઝાડનાં પાંદડાં પર ચરતા કીડા પણ શોધી શોધીને ખાતાં મેં જોયાં છે: પણ જુજ પ્રસંગે.

૬ મોતીડો: The Pied-crested Cuckoo.

૭ The Common Hawk Cuckoo.

૮ Chatarrhoea caudata.

શ્વેતરંગી. પૂછડી લાંબી પણ આછા મેલા લીલાશ પડતા બદામી રંગનાં ચઢઉતર પીછાંવાળી. ચાંચ આછા રાખોડી રંગની. પગ મેલા પીળા. આંખ ઘેરી લાલ.

સ્વભાવે એ પણ ટોળે વળીને ફરનારાં: પણ એમનાં ટોળાં સાત ભાઇ જેવાં અવ્યવસ્થિત કે મોટાં નથી હોતાં, તેમ તેમનાં અંતરનો આનંદ કે ઉકળાટ વ્યક્ત કરવાની રીત પણ એટલો શોરબકોર કરનારી નથી હોતી. એમનો અવાજ પણ છે ઝીણો એટલે વારંવાર બોલે તોપણ કર્ણકટુ નથી લાગતો. એ છૂટાં પડે ત્યારે કકળી ઊઠે છે પણ આખો દિવસ વાતવાતમાં વ્યર્થ પ્રલાપ કરવાનું એ નથી શીખ્યાં.

વગડામાં થુવરની વાડમાં, ખરસાંડી કંથેર અને કેરડાનાં જાળાંમાં કે હાથ બે હાથનાં બાવળ ખીજડા કે અણીયારનાં ઝાંખરાંમાં આખો દિવસ આથડ ત અને જીવાત શોધવાના વ્યવસાયમાં પડેલાં નજરે પડે છે. જમીન પર પણ ફરે છે છતાં એમનું પ્રિય સ્થાન તો થુવરની વાડ કે જાળાં ઝાંખરાં જ.[૯] મોટાં ઝાડમાં એ કવચિત્ જ ફરકે છે.

પ્રથમ નજરે જ ધ્યાન ખેંચે એવી એમની ઊડવાની રીત છે. પીંજાતાં ઊડે ત્યારે સામટાં, કશા ઢંગ ધડા વગર જેને જેમ ફાવ્યું તેમ અનિયમિત. પણ આ જાતનાં બડબડિયાંનું ઊડવું એવું ગરબડિયું નથી. એ તો ખૂબ નિયમિત ગતિ અને રીતિથી 'એક કતાર' માં ઊડનારાં. ઊડવાનું હોય ત્યારે 'ટે–ટે–ટે' કરતુંક એક ઊડે. એ ચાલ્યું એટલે એની પાછળ બીજું .. ત્રીજું. . . પછી ચોથું. . . એમ ક્રમેક્રમે સીધી નજરે હારબંધ. આ વાડથી પેલી વાડે જવાનું હોય, વચ્ચે પંદર વીસ હાથ પહોળો ઘોરી રસ્તો પથરાયો હોય તો પણ એમની ઊડવાની પદ્ધતિ આ જ. એમને ઓળખવાને આ એક જ લક્ષણ પૂરતું છે. કારણ આવી રીતે ઊડનાર બીજું કોઇ પંખી મારી જાણમાં નથી.

ઊડવાની વાત કરતી વખતે આ વર્ગનાં પંખીઓની અન્ય એક વિશિષ્ટતા પણ ધ્યાનમાં લેવા જેવી છે.

'ઊડવું' એ પંખીજીવનનું પ્રધાન ભૂષણ હોવાથી અથવા ઊડવાની શક્તિને લીધે જ એમનું પંખીપણું ગણાતું હોવાથી, સામાન્ય રીતે ઓછામાં ઓછા પરિશ્રમે, શરીરને હવામાં તોળી રાખવાની કે આગળપાછળ ઊંચે નીચે લઇ જવાની સુગમતા પંખીમાત્રને સ્વભાવસિદ્ધ હોય છે. કોઇ ધામેથી ઊડે છે તો કોઇ વાયુવેગે, પરંતુ દરેકને કોઇને કોઇ રીતે હવામાં શરીરને સહેલાઈથી તોળવાની સગવડ પ્રકૃતિએ કરી આપેલી છે. આમાં હતભાગી કોઈ રહ્યાં હોય તો આ બડબડિયાં જ. પાંખોના પ્રમાણમાં એમનાં શરીર ભારે ન ગણાય, છતાં એ શરીરને હવામાં લઇ જતાં જાણે અપાર શ્રમ પડતો હોય, બળાત્કારે શરીરને હવામાં તોળી રાખવું પડતું હોય એમ, એ બધાં ઊડે છે ત્યારે પાંખોને ખૂબ જોરથી વીંઝે છે. વીંઝતાં વીંઝતાં જાણે હમણાં એ પાંખો તૂટી પડી શરીરથી છૂટી પડશે કે પાંખોનો વેગ રજ ધીમો પડતાં, શરીર ભોંય પર પટકાઇ પડશે એવી બીકનાં માર્યાં વીંઝતાં હોય એમ પાંખોને પ્રચંડ વેગથી પટ્–પટ્–પટ્–પટ્ હલાવે છે.[૧૦] એમની આ ખાસીઅતને લીધે જ એમનાથી એક સપાટે લાંબું ઊડી શકાતું નથી. થોડું ઊડે ને બેસે; વળી ઊડે, પાછાં બેસે આમ કરીને એ અંતર વટાવતાં જાય. ઊડે ત્યારે સીધી લીટીમાં. ઊંચે નીચે થતાં નહિ. ઊડતાં ઊડતાં હેઠે ઊતરવું હોય ત્યારે પાંખો હલાવવાનું બંધ કરી, પહોળી પાંખો પર તરતાં તરતાં જમીન પર કે ઝાડ પર ઊતરે છે. એ વખતે પહોળી પાંખો એમના વેગને રોકવાની બ્રેકની ગરજ સારે છે.

લગભગ ઊભુ વરસ એ માળા બાંધતાં જોવામાં આવ્યાં છે. જમીનથી બે ત્રણ ફૂટ અદ્ધર, કાંટાળાં ઝાંખરાંમાં, ઘાસ કે પાતળી છાલ ને ઝીણાં મૂળીઆંનો ઊંડા પવાલા જેવો માળો બાંધી, એમાં ચળકતા આસમાની રંગનાં ત્રણચાર ઇંડાં મૂકે છે. ચાતકનાં ઇંડાં સેવવાનું એમના નસીબમાં પણ લખેલું હોવાથી, ઘણી વાર એ ઇંડાં પણ એમના માળામાંથી હાથ લાગે છે.

(૪)

ગુજરાતમાં આ ત્રણ ઉપરાંત એક ચોથી જાતનું બડબડિયું પણ સર્વસાધારણ વસવાટ કરે છે. એને અંગ્રેજો the Large Grey Babbler[૧૧] કહે છે.

---

૯ એથી જ એમનું નામ Bush B. જાળાંમાં રહેતાં બડબડિયાં.

૧૦ અન્ય પંખીઓમાં આવી રાતે ઝડપથી પાંખો હલાવવાની ટેવ માત્ર ducks–આડ્યોને જ હોય છે, એથી દૂરથી પણ એ આવતી જતી ઝટ ઓળખાઇ જાય છે. જો કે આડ્યોને બડબડિયાં પેઠે વારંવાર આરામ લેવા બેસવું પડતું નથી. એ તો એકધારી ગતિથી લાંબે સુધી ઊડી શકે છે.

૧૧ Malacocercus malcolmi.

ભારતવર્ષમાં કોઇકોઇ સ્થળે આને પણ 'સાત ભાઇ' કહેવાનો રીવાજ છે. સૌથી મોટું બડબડિયું આ જ. લગભગ એક ફૂટ લાંબી કાયાવાળું. એની ચાંચ રાખોડી રંગની. પગ મેલા પીળા. આંખ આછી પીળી. પીઠ પરનો રંગ આછો ભૂખરો બદામી. હેઠળનો ભાગ મેલો ધોળો. પીંછાંની વચલી દાંડી ધોળા રંગની.

પીંજારાંના જેવાં પણ રંગમાં ધોળાશ પડતાં અને કદમાં મોટાં આ પંખી આપણા ત્યાં વગડામાં તેમ બાગબગીચામાં પણ નજરે પડે છે. જમીન ઉપર તેમ ઝાડમાં ભટકવાનું એમને સરખું ગોઠે છે. પીંજારાં જેવાં જ સમૂહચારી, એવાં જ ગડબડિયાં અને એટલાં જ આ પંખી બહાદુર હોય છે.

એમના માળા ઊભું વરસ જોવામાં આવે છે. જમીનથી ખૂબ ઊંચે નહિ: માત્ર ત્રણ ચાર હાથ ઉપર જ બાવળમાં ઢીલી ગૂંથણીના પણ સુઘડ અને ઊંડા પવાલા જેવા માળા બાંધી, એમાં પીંજારાના જેવાં જ ચાર ઇંડાં મૂકે છે. ચાતકની (અવ?) કૃપા એના ઉપર પણ ઊતરે છે.


આટલાં આપણાં સામાન્ય બડબડિયાં. બારે માસ આપણી વચ્ચે વસનારાં. એમના ગાનથી, વ્યવહારથી તેમ જ રંગથી આપણને સહેજે પરિચિત થનારાં.

(૫)

એમની જાતનું બાકી રહેલું અન્ય એક બડબડિયું બહુ વ્યાપક ન કહેવાય. અમદાવાદની આસપાસ એ મારા જોવામાં નથી આવ્યું. ઉત્તર ગુજરાતમાં આબુ અને પાલણપુર વચ્ચેના પ્રદેશમાં એ નજરે પડે છે. એનું નામ the Grass Babbler.[૧૨] કાબરથી નાનું ચટાપટાવાળા એટલે પીળાશ પડતા બદામી રંગમાં ઘેરા બદામી રંગનાં ટપકાંવાળાં પીંછાંથી મઢેલા શરીરવાળું પેટનો ભાગ સફેદ. એ પર આછાં મેલાં ટપકાં. પગ રતુમડા. વર્ષાઋતુ એનો ગર્ભાધાન કાળ. ભોંય સરસો ઘાસના દડા જેવો ગોળ માળો બાંધી શ્વેતરંગનાં લાલ ટપકીવાળાં ચાર ઇંડાં મૂકે છે.

વનેચર

૧૨ Chaetornis striatus.



કલાકે ૧૬૦ થી ૨૦૦ માઇલની ઝડપમાં 'એન્સાઇન' પ્રકારનાં આ બે જબ્બર વિમાનો ઇમ્પીરીઅલ એરવેઈઝ (શાહી હવાઇ માર્ગો)નાં મોટાં મુલ્કી વિમાનોમાં ક્રાન્તિકર નીવડે એવી સંપૂર્ણતા ને સુખસગવડવાળાં છે. ઉપલું યુરોપની સફરો માટે અને નીચેનું સામ્રાજ્યના દેશોની સફર માટે છે. ખૂબ મજબૂત ધાતુમાંથી બનાવેલી એની સાઉન્ડપ્રુફ કૅબિનોમાં વિમાનના અવાજની જરાપણ હરકત વિના વાર્તાલાપ કરી શકાય, અને પાંખો ઊંચી હોવાથી ચોમેરના દૃશ્યનો આનંદ લઈ શકાય એવી તેમાં સગવડ છે. છેલ્લામાં છેલ્લાં સંચાલક યંત્રો, વાયરલેસ, અને ૮૦૦ હોર્સ પાવરની એક એવી ચાર મોટરોથી સજ્જ આ વિમાન ભારોભાર ભરાયા છતાં તેની બે મોટરો અકસ્માત અટકી પડે તો યે આંચ ન આવે એવાં સંપૂર્ણ છે. ઉપરના ચિત્રમાં બતાવેલા તેની સગવડોની વિગતો દર્શાવતા વિભાગોનું નિરીક્ષણ રસમય થઈ પડશે.



રસ્તા વચ્ચે મ્યુનિસિપાલિટીએ ગાળેલા ખાડામાં પડીને પગને ઇજા થવા માટે એક ગૃહસ્થે નુકસાનીનો દાવો માંડ્યો તેના બે હજાર રૂપિયા નુકસાનીના તેને મળ્યા. બીજે દહાડે પોતાના સૉલીસીટરને ત્યાં એ રકમ લેવા ગયો ત્યારે સૉલીસીટરે હિસાબ ગણાવ્યો: 'તમારો કેસ લડવામાં ૨૩૦૦ રૂપિયા ખર્ચ થયો છે. તમારી સાથેનો સંબંધ વિચારીને ત્રણસો રૂપિયા માંડી વાળીશું અને તમારા નુકસાનીના આવેલા બે હજાર જમા લઇને હિસાબ સરભર કરી નાખીશું.'

પેલા ગૃહસ્થ વિચારમાં પડ્યા ને પછી ચાલતા થયા. થોડી જ વારમાં એમને પાછા આવેલા જોઇ સૉલીસીટરે પૂછ્યું, 'કેમ કાંઇ શંકા રહી?'

'હા; એટલું જ, કે મ્યુનિસિપાલિટીના ખાડામાં કોણ પડી ગએલું, તમે કે હું?'

ટ્રેન ઉપડવાની તૈયારી હતી ત્યાં બે જણુ દોડતા આવ્યા. એક જણ સામાન લઇ માંડ માંડ ઘુસ્યો ત્યાં ટ્રેન ઉપડી ગઇ ને બીજો માણસ ખેદપૂર્વક તે જોઇ રહ્યો. એટલામાં સ્ટેશન માસ્તરે ત્યાં આવી દિલગીરી દર્શાવી તેને દિલાસો આપ્યો.

'હું પણ દિલગીર છું,' પેલો માણસ બોલ્યો, 'પણ મારો મિત્ર તો સૌથી વધુ દિલગીર થશે. એ મને મૂકવા જ આવેલો!'

'તને નિશાળે જવું ગમે છે?'

'હા, નિશાળે જવું ગમે છે ને આવવું યે ગમે છે; પણ એ બે વચ્ચેનો વખત નથી ગમતો.'

બાબુ: બાપા, શાહમૃગની પાછળ શિકારી પડે છે ત્યારે પોતાનું માથું એ જમીનમાં દાટી દે છે ને?

બાપા: હા, કેમ?

બાબુ: તો પછી એને માથું ક્યાં દાટ્યું છે એ યાદ શી રીતે આવે છે?

શિક્ષક: હું કહું, કે 'હું સુંદર છું,' તો એ કયો કાળ થયો કહેવાય?

એક વિદ્યાર્થી: તમારો બાલ્યકાળ, સાહેબ.

ન્યાયાધીશ: તમે ફરિયાદીના બે દાંત કેમ તોડી પાડ્યા?

આરોપી: એથી વધુ દાંત એના મોઢામાં હતા નહિ તેથી.

'એક અમેરિકન એક અંગ્રેજ દોસ્ત સાથે લંડનનું ટ્રફાલ્ગર સ્ક્વેર જોવા ગયો. તરત જ નેલ્સનના પૂતળા પર તેની નજર ગઇ ને એ કોણ છે તે પૂછી જોયું.

'એ તો નેલ્સન છે.' અંગ્રેજે ગર્વથી કહ્યું.

'એણે શી કામગીરી કરેલી?' અમેરિકને પૂછ્યું.

'અરે, અમારૂં આજનું ઇંગ્લંડ જ એને આભારી છે ને?' અંગ્રેજે વધુ ગર્વથી કહ્યું.

'બહુ ખરાબ, બહુ ખરાબ,' અમેરિકન બોલ્યો. 'તમે અંગ્રેજ લોકો બધા દોષ એક જ વ્યક્તિ પર ઢોળી પાડો એ સારૂં ન કહેવાય.'

ગઇ ક્યાં?

"અરે, ગઇ ક્યાં?
હમેશ તું તો ગૃહ આવવા સમે
હાં ઓટલે ઉંબર પે ઊભી રહી
આતુર આંખે મુજ વાટ જોતી,
સત્કારતી સાદર સ્નેહ ઢોળી;
આજે ન તું, તો તવ સ્નેહ આશ શી?

સાથે જતાં રોજ સવાર સાંજરે,
બજાર બાગે ખરીદે સહેલે
તારા વિના ના પગલું ય માંડતો
મારા વિના શેં તુજથી જવાયું તો?

કદી ય રાખી ન'તી લોકવેણની
તમા જરી મેં તુજ સંગ માણતાં;
રીઝાવતી તું ઉર માહરૂં ને
હું તાહરૂં અંતર રીઝવી રહું,
એ સર્વ ભૂલી ગઈ ક્યાં એકલી?'

"શોધો છ કોને?" ઘરમાંથી પૂછતી.
"તને નહિ. ઉંબર પે ન દેખતાં
પૂછું છું ચંપી—કૂતરી ગઈ ક્યાં?"

જસુ શાહ

ફોટોગ્રાફી

હરીફાઇનું પરિણામ

પહેલું ઇનામ: 'ટોચે'-ભાઈ પૂનમચંદ કમાણી (જમશેદપુર); બીજું ઇનામ: 'હંસ'-ભાઇ રાવજીભાઇ પટેલ (નડીઆદ); ત્રીજું ઇનામ: 'કુદરતને ખોળે'-ભાઈ હાસમ સુતાર (નડીઆદ); ઉત્તેજના પારિતોષિક: 'બેકારી'-ભાઇ ચતુરભાઇ પટેલ'.

ગુણ પ્રમાણે નોંધપાત્ર: (૧) ચતુરભાઇ પટેલ-ખાનપુર, (૨) ચીમનલાલ ત્રિવેદી-નડીઆદ (૩) હરિલાલ અક્કડ-સુરત, (૪) રસિક કમાણી-અમરેલી, (૫) પી. એસ. દેસાઇ-મુંબાઇ.

વર્ષાનાં વાદળાંમાંથી છવાએલા આકાશ તરફ દૃષ્ટિ નાખતા સ્નાયુબદ્ધ માનવીને શિખરની ટોચ પર ઊભેલો જોતાં ભાઈ પૂનમચંદે ચિત્રપ્રસંગની સારી કદર કરી છે. આકૃતિની ઊભા રહેવાની રીત, ઝાડને ઠૂંઠે ટેકવેલ હાથ વગેરેની ગોઠવણમાં સ્વાભાવિકતા છે. આકાશનો પ્રકાશમાન વિસ્તાર માનવપાત્રની પાછળ ગયો હોત અને ઘનઘોર ભાગ તેથી ઉલટી બાજુએ હોત તો ચિત્રમાં વર્ણપ્રમાણ સમતોલ વહેંચાએલું રહેત. પ્રિન્ટને ઉપલી અને જમણી ધારથી પોણો અને દોઢ ઇંચ કાપવાની જરૂરત છે.

ચિત્રસર્જનમાં કલાકારોને સંયોજનનું નિયમન પસંદ નથી. કેટલાક તો એ બંધનથી પર હોય છે. સર્જક સર્જન વખતે નિયમનો વિચાર કરતો નથી. તેને મન સર્જન સહજ છે. કલા-વિવેચક સર્જનમાં છુપાએલાં તત્વો અને નિયમો અભ્યાસથી શોધી કાઢી અભ્યાસી પાસે રજૂ કરે છે અને એવી રીતે શોધાએલા કેટલાક નિયમો સુસંયોજન માટે સર્વમાન્ય થયા છે. જાણે અજાણે દરેક સુકૃતિમાં એ નિયમોનું પાલન થએલું જોવામાં આવે છે. ચિત્રના મુખ્ય વિષયની એક જ ચિત્રમાં નાના કે ઝાંખા સ્વરૂપમાં પુનરાવૃત્તિ (repetition) થાય છે ત્યારે ચિત્રનું આકર્ષણ વધે છે. આ પુનરાવૃત્તિ આકાર, વર્ણ, ભાવ, વિષય વગેરેમાંથી કોઇ પણ એક વસ્તુ હોઇ શકે છે.

'હંસ' ચિત્રમાં બે હંસ છે. ચિત્રનું લક્ષ્ય બંને હંસ નથી જ આગલું હંસ ચિત્રનું કેન્દ્ર સાચવે છે. પાછળનું જે પુનરાવૃત્તિ છે તેને બૅકગ્રાઉન્ડમાં દૂર જવા દઇ પ્રમાણમાં નાનું બનવા દીધું હોત તો આ ચિત્ર ઊંચી કોટીનું બનત. ફોકસિંગ જોઇએ તેટલું તીવ્ર (sharp) નથી.

ભાઇ હાસમ સુતારના વિષયો હમેશાં નવીન પ્રકારના હોય છે. તેમનો કૅમેરા સામાન્ય વસ્તુ તરફ કદી ધરાતો લાગતો નથી. 'કુદરતને ખોળે' ફોટો-ચિત્ર નિહાળો. કબ્રસ્તાનમાં કુદરતને ખોળે સૂતેલ કોઇ અજાણ્યા માનવીની કબરને ચિત્રનો વિષય બનાવવા માટે કળામય આંખ અને ભાવપૂર્ણ હૃદય જોઇએ. વર્ષા ઋતુમાં ફૂલીફાલી વનસ્પતિઓથી આચ્છાદિત થએલી કબરનું નિર્જીવ ને સાધારણ વસ્તુ છતાં ભાવવાહી ચિત્ર ઉપજ્યું છે. આ ચિત્રને અમે સારી પેઠે ટ્રિમ કરીને છાપ્યું છે.

ભાઇ ચતુરભાઇ પટેલનાં બે ચિત્રો નોંધપાત્ર ઠર્યાં છે. તેમાંથી 'બેકારી' વિષય ઘણો સારો હોઇ તેને ઉત્તેજના પારિતોષિક આપવું ઠીક ધાર્યું છે. મુંબાઇના ફૂટપાથ પર પાટીમાં બેઠો બેઠો ઝોકાં ખાતો પાટીવાળો આબાદ ઝડપાયો છે, પણ ફોકસિંગ ખામીવાળું છે. નેગેટિવને અનુરૂપ પેપર વપરાયો નથી એથી પ્રિન્ટ નબળો પડે છે. ઊતરતી ગ્રેડનો–softer–પેપર લેવો જોઇએ. 'સુપ્રભાત'માં પ્રભાતની રમ્યતાનો પૂરો ખ્યાલ આવતો નથી. મનોરમ વાદળાંથી તરવરતા આકાશમાં બે ઊડતાં પક્ષીઓના ભાઇ ત્રિવેદીના ફોટો-ચિત્રને સારી રીતે એન્લાર્જ કરી અનુરૂપ ટ્રિમ કરવાથી સારૂં ચિત્ર નીપજે તેમ છે. ચિત્તોડના 'મીરાંમંદિર'નો ભાઇ અક્કડનો પ્રિન્ટ સારો છે કૅમેરાનો દૃષ્ટિકોણ ઠીક ગણાય. આવા વિષયને ચિત્રમય બનાવવા ઝાડ કે એવા બીજા કોઇ આકારને ફોરગ્રાઉન્ડ-આગળની ભૂમિ-માં દાખલ કરવાની જરૂર રહે છે. આકાશનો વર્ણ પણ ઘેરો જોઇએ અને તે માટે પીળું ફિલ્ટર વાપરવું ઘટે. ભાઇ દેસાઈના 'કુતુબમિનાર'નો દૃષ્ટિકોણ જરૂર નવો ગણાય, પણ આ પ્રકારની ફોટોગ્રાફી કળામય ભાગ્યે જ બને છે. તેને માટે તો ઘણો અભ્યાસ અને મહેનત લેવાવાં જોઇએ.

બલવન્ત ભટ્ટ

ૐ

Good Photography નામનું એક દ્વૈમાસિક, વાર્ષિક દોઢ રૂપિયાના લવાજમથી આગફા ફોટો કંપની તરફથી શરૂ થયું છે. વર્ષમાં તેના છ અંક નીકળે છે અને દરેક દફ્તામાં ગળેલા કેટલાક સારા ફોટોગ્રાફો ઉપર તેમાં વિવેચન આવે છે. એમાંના લેખો ઍમેટરોને ખાસ ઉપયોગી થાય એવા છે. એનો વાંચનાર ઍમેટર દશામાંથી સત્વર આગળ આવશે. વળી તેનો દાવો છે કે સારી ફોટોગ્રાફી કરવા માટે કાંઈ ખર્ચાળ સાધનોની જરૂર નથી. જગતનાં ઘણાં વિખ્યાત ફોટો-ચિત્રો કોઇ સુભગ સંજોગે નાના કૅમેરાથી જ ઝડપાયાં છે. વળી પ્રશ્નોત્તર રૂપે તમે તેમા ટેક્નીકલ એડીટર પાસેથી તમારી મુશ્કેલીઓના ખુલાસા મેળવી શકો છો; અને તમને પોતાને લખવાની જરા આવડ હોય તો સારા કે ચિત્રિત લેખો પણ તેમાં આપી શકશો. આગફા ફોટો કંપની (હૉર્નબી રોડ મુંબાઇ) એ સરનામે લખીને એના ગ્રાહક થઇ શકાશે.

આ મહિનો (ઑક્ટોબર) . . અને એની પ્રતિભા

તા. ૧ સીમલાની સુપ્રીમ કાઉન્સીલે બ્રિટિશ લાગવગ મધ્ય એશિયા સુધી પહોંચાડવા માટે સિંધુની પેલી પાર લશ્કર મોકલ્યું—ઇ. ૧૮૩૮, પણ એમાં તદ્દન નાસીપાસ થઇ ચાર જ વર્ષ પછી ઇ. ૧૮૪૨ના આ જ દિવસે ઇન્ડીઅન કાઉન્સીલના ખાનગી ખાતાએ લશ્કર પાછું સતલજ બોલાવી લીધું.

તા. ૨ લંડનની મહાન આગનો પહેલો દિવસ—ઇ. ૧૬૬૬.

તા. ૫ કોલંબસે કોસ્ટારિકા શોધ્યો—ઇ. ૧૫૦૨ * * મહારાણી ઝિન્દાને લાહોરથી બનારસ દેશનિકાલ કરી લૉર્ડ ડેલ્હાઉસીએ શીખોના ખાલસા સૈન્ય સામે યુદ્ધ જાહેર કર્યું—ઇ. ૧૮૪૮.

તા. ૬ ઇંગ્લંડના રાજકવિ લૉર્ડ ટેનીસનનું અવસાન—ઇ. ૧૮૯૨.

તા. ૮ સ્વામી રામતીર્થનો જન્મ—ઈ. ૧૮૭૩.

તા. ૯ રશિયાએ ઍલાસ્કા દેશ અમેરિકાને સોંપ્યો—ઇ. ૧૮૬૭.

તા. ૧૭ સ્વામી રામતીર્થનું અવસાન—ઇ ૧૯૦૬ (સંવત ૧૯૬૩ની દીવાળી).

તા. ૧૮ સુપ્રસિદ્ધ ફ્રેન્ચ તત્ત્વજ્ઞ હેન્રી બર્ગ્સાંનો જન્મ—ઇ. ૧૮૫૯.

તા. ૧૯ સ્વાતંત્ર્ય યુદ્ધમાં બ્રિટિશ લશ્કર અમેરિકન સેનાપતિ જ્યૉર્જ વૉશિંગ્ટનને શરણે ગયું—ઇ. ૧૭૮૧.

તા. ૨૧ ઇંગ્લંડ ને સ્કૉટલૅન્ડની પહેલી સંયુક્ત પાર્લામેન્ટ મળી—ઇ. ૧૭૦૭.

તા. ૨૨ બ્રાઝીલે પોર્ટુગીઝ સરકાર સામે સ્વાતંત્ર્ય જાહેર કર્યું—ઇ. ૧૮૨૨.

તા. ૨૬ નૉર્વે સ્વીડનથી છૂટું પડ્યું—ઈ. ૧૯૦૫.

તા. ૨૮ કોલંબસે ક્યૂબા ટાપુ શોધ્યો—ઇ. ૧૫૦૨.

તા. ૨૯ ઇંગ્લંડની મહારાણી એલિઝાબેથના પ્રિયપાત્ર ને મહાન દરબારી સર વૉલ્ટર રૅલેનો વધ—ઇ. ૧૬૧૮.

તા. ૩૧ તુર્કી મિત્ર રાજ્યોને શરણે ગયું—ઈ. ૧૯૧૮ * * સર ફિરોઝશાહ મહેતાનું અવસાન—ઇ. ૧૯૧૬.



આ માસની વિભૂતિ
સર ફિરોઝશાહ મહેતા

ઇ. ૧૮૪૫ના ઑગસ્ટની ૪થી તારીખે મેસર્સ કામા ઍન્ડ કં. ના ભાગીદાર મેરવાનજી મહેતાને ત્યાં જન્મ.

ઇ. ૧૮૬૧માં મુંબાઇ યુનિવર્સિટીની મૅટ્રિક્યુલેશન પરીક્ષા પસાર કરી.

ઇ. ૧૮૬૪માં એલ્ફિન્સ્ટન કૉલેજના ગ્રેજ્યુએટ ને ૬ મહિના રહી એમ. એ થયા. ત્યાં તેમની દક્ષતાથી કૉલેજના પ્રિસિડન્ટ સર એલેક્ઝાન્ડર ગ્રાન્ટ ખૂબ ખુશ થએલા ને એમ.એ. થતાં જ તેમને ફેલો નીમી દીધા. એટલું જ નહિ, તેમને બૅરિસ્ટર થવા માટે આર. ડી. જીજીભાઈ સ્કૉલરશિપના નિયામકોને યે ચાંપતી ભલામણ કરી.

ઇંગ્લંડમાં લિંકન્સ ઇનમાં ત્રણ વર્ષ કાયદાનો અભ્યાસ કરી, બૅરિસ્ટર બની ૧૮૬૮માં પાછા મુંબાઈ આવ્યા. ઇંગ્લંડમાં દાદાભાઈ, ઉમેશચંદ્ર બેનરજી, મનમોહન ઘોષ વગેરેના સંપર્કથી રાષ્ટ્રદીક્ષા મેળવી. ત્યાં બેનરજી સાથે મળી એમણે 'લંડન લિટરરી સોસાયટી' સ્થાપેલી.

મુંબાઇમાં આવી થોડા જ વખતમાં એમણે જે પ્રતિષ્ઠા મેળવી લીધી એ માટે કહેવાય છે કે કાયદાના વ્યવસાયમાં એમના જેટલી આવક કરનારી બીજી કેઇ વ્યક્તિ આખા દેશમાં ન હતી. એ પ્રતિભાને લઈ જુદાં જુદાં દેશી રાજ્યોના પણ તે સલાહકાર રહેલા.

ઇ. ૧૮૭૨માં મુંબાઇ કૉર્પોરેશનમાં દાખલ થયા ને ત્યાં મ્યુનિસિપલ સુધારણા માટે પ્રખર લડત ચલાવી મુંબાઇના બેતાજ બાદશાહનું બિરુદ મેળવ્યું.

ઈ. ૧૮૮૬માં મુંબાઇ ધારાસભાના સભ્ય ચુંટાયા. પણ આ બધું છતાં એમને રાષ્ટ્રગતનો જાહેર અવાજ વ્યકત કરવાની વધુમાં વધુ આરઝુ રહેતી. બદરૂદ્દીન તૈયબજી ને જસ્ટિસ તેલંગ સાથે મળી એમણે 'બૉમ્બે પ્રેસિડેન્સી એસોસીએશન' ઊભી કરેલી, અને પછી ૧૮૮૫માં હિંદની રાષ્ટ્રીય કૉંગ્રેસને જન્મ આપવામાં પણ એમનો હિસ્સો સૌથી વધુ હતો. ઇ. ૧૮૮૯ની મુંબાઇની બેઠકના સ્વાગતાધ્યક્ષ અને ૧૮૯૦ની કલકત્તાની બેઠકના પ્રમુખ તરીકે આપેલાં ભાષણો, રાનડે સાથે મુંબાઇ યુનિવર્સિટીમાં ચલાવેલી કેળવણીની પુનર્રચનાની લડતો કે તેલંગ સાથે ધારાસભામાં ચલાવેલી લડતો, મિલ ઉદ્યોગને એમણે આપેલો સહારો, 'બૉમ્બે ક્રૉનિકલ' જેવા પત્રથી રાષ્ટ્રગતને એમણે આપેલો અવાજ, અને કેટલી યે પ્રાંતિક સભાઓ ને એસોસીએશનો સાથેનું એમનું જોડાણ એમની રાષ્ટ્રીય પ્રવૃત્તિ મૂર્ત કરે છે.

એમની બે વસ્તુઓ સૌથી યાદગાર રહી છે. એક એમનો રૂવાબ અને બીજું એમનું વકતૃત્વ એમનો આગ્રહ શૌર્યભર્યો સ્વભાવ ગમે તેવાને ડારી દેતો. એ સ્વભાવને લઇને એ જીવતા ત્યાં સુધી કૉંગ્રેસના સરમુખત્યાર જેવા જ બની રહેલા. કૉંગ્રેસના પ્રમુખ બાજુએ રહી જતા ને એ જાતે જ રૂલિંગ આપતા! 'મુંબાઇના સિંહ'ની આ આત્મગૌરવભરી ગર્જનાઓ એટલી તો ખ્યાત થઈ હતી કે પ્રિન્સ અને પ્રિન્સેસ ઑવ વેલ્સ મુંબાઇ આવ્યા ત્યારે એમનો ઑટોગ્રાફ માગ્યો હતો!

ઇ. ૧૯૧૬ના ઑક્ટોબરની ૩૧મી તારીખે આ આજન્મ ઓજસ્વી નેતા ને બીનહરીફ વક્તાએ છેલ્લો શ્વાસ લીધો.



જીવનનું પરોઢ

ભાગ બીજો

પ્રકરણ તેરમું • આખરે એ દિવસ આવ્યો

ફીમે ફીનિક્સમાં આવ્યું તો યે હું તો ઘરનો કેદી જ હતો. ભણવા ટાણે ત્રણચાર કલાક નિશાળે જવા મળતું. અને ખેતરાઉ કામ થતું ત્યારે અવારનવાર ત્યાં પહોંચી જતો ખરો, પણ અનેક રીતે હું બધાથી વેગળો ને વેગળો જ હતો. બધા છોકરાઓ કલ્લોલ કરતા, એક સાથે જમતા; હું મારે ઘરને ખૂણે આંખો નીચી રાખી એકલો જમી લેતો. બધા છોકરાઓ બપોરે છાપખાનામાં કામ શીખવા જતા; મારે ઘરમાં એકલા બેઠે દાખલા ગણવા પડતા અને વાચન કરવું પડતું. બધા છોકરાઓ સાંજે ને શનિ–રવિવારે આખો દિવસ લખોટી રમતા, ક્રિકેટ રમતા, નાળે જઇ પાણીમાં ગેલ કરતા; અને મારે પિતાશ્રી પાસે શાંતિથી બેસી તેઓ કરાવે તેમ કરવાનું રહેતું. આ વેગળાપણું યે ખમી શકાય એવું હતું. એ અંકુશ આકરો હતો પણ અકારો ન હતો. પણ મારાથી નહોતું ખમાતું બાપુજીથી આઘે રહેવાનું.

જ્યાં સુધી બાપુજી ટૉલ્સ્ટૉય ફાર્મ પર હતા ત્યાં સુધી તો ત્યાં જવાની રઢ રહી અને મનમાં એમ રહ્યું કે ટ્રાન્સવાલ પહોંચી જાઉં એટલે બાપુજી પાસે પહોંચી જવાશે. પણ ફીનિક્સમાં તો બાપુજી આવી ગયા, એમની પાસે ભણવાનું યે મળ્યું, છતાં રાતદિવસ જેમ બીજા છોકરાઓને જેવી બાપુજીની ઓથ હતી એવી મને ન હતી એ અનુભવ કડવો હતો. અધુરામાં પૂરૂં ટૉલ્સ્ટૉય ફાર્મ જવું છે એમ તો હજુ કહી શકાતું, પણ ઘર છોડી બાપુજી પાસે રહેવા જવું છે એમ કહેવાને જીભ ન ઉપડતી.

પણ આખરે ભગવાને સામું જોયું. અણધારી રીતે બાપુજીએ જ મને પોતાની પાસે બોલાવી લીધો.

એકવાર લાગલાગટ સાત દિવસ સુધી મૂશળધાર વરસાદ વરસ્યો. એવી હેલી હતી કે અર્ધો કલાક પણ માંડ વરસ્યા વિનાનો વીતતો હશે. ફીનિક્સની જમીન ગોઠણ સુધી પગ ઊતરી જાય એટલી પોચી પડી ગઇ. આવે વખતે ખેતરનું કામ થવું અશક્ય હતું. સાધારણ રીતે આવે સમયે ખૂણે બેસી માણસને કવિતા વાંચવાનું મન થાય. પણ બાપુજીએ તો બીજો ઉદ્યોગ શોધી કાઢ્યો.

એમણે છાપખાનું ઉખેળ્યું. વરસોનાં વરસ સુધી ન વપરાએલાં બીબાંનાં ખોખાં સાફ કરાવ્યાં. જૂનાં થોથાં પરનાં જાળાં ઝપટાવ્યાં અને સાત દિવસમાં બધું ચોકખું ચાંદની કરી મૂક્યું. ધોધમાર વરસાદનો અનધ્યાય મળવાને બદલે બાપુજીના રાજમાં અમને ખેતરની મહેનત કરતાં યે બમણી મહેનત થઇ પડી. છતાં આખું ફીનિક્સ જે બે ચાર કલાક એ એક ઘરમાં એકઠું મળતું તેનો આનંદ જુદો હતો. મૂંગે મોઢે કામ થતું, પણ સૌ ઉત્સાહમાં રહેતા, બાપુજીની હાજરીને લીધે કૌટુંબિક હૂંફ અનુભવતા અને પ્રસન્ન રહેતા.

વરસાદની આ ભેજભરી મોસમ અને તડકાનો અભાવ મને નુકસાનકારક નીવડ્યો. મારા આખા શરીરે ગૂમડાં ફૂટી નીકળ્યાં. આખી પીઠ ગૂમડે ભરાઇ ગઇ. રાત્રે પડખાંભર કે પીઠભર સૂઇ યે ન શકાતું. બાપુજીએ મીઠું મસાલા ખાવાનું બંધ કરાવ્યું અને એકલી રોટી ને દૂધ પર મને રાખ્યો, પણ ગૂમડાં મટ્યાં નહિ. જેટલાં સુકાય એટલાં વળી નવાં થાય. માટીના પણ અનેક પ્રયોગ ચાલ્યા. રાત્રે મારા ખાટલામાં ગોદડું કે ગાદલું ન પથરાતાં એક ચાદર બિછાવી તે પર એક ડોલ ભરીને પાતળો ગારો પાથરવામાં આવતો અને તે પર પાછી ચાદર વાળી તેના ઉપર મારે સૂવું પડતું. કોઇ પણ ગાદલા કરતાં એ વધારે પોચું અને વધારે ઠંડક આપનારૂં ગાદલું હતું. એમાં મને બહુ મજાની ઊંઘ આવી જતી. આ ક્રમ લગભગ એક મહિનો ચાલ્યો, પણ મારાં ગૂમડાંમાં કંઇ ફેર પડ્યો નહિ.

ઘણે દિવસે વરસાદ બંધ રહી તડકો પડ્યો એટલે અમારા આનંદનો પાર ન રહ્યો. ફીનિક્સમાં વરસાદ પડી રહી તડકો પડવા માંડે ત્યારે ચોમેર આનંદ

આનંદ પ્રસરી રહેતો. પક્ષીઓ યે છાનાંમાનાં બેઠાં હોય એ બેવડા ઉત્સાહથી ગાવા લાગે. ખેતરો અને ઝાડો પણ ધોવાઇધોવાઇને ઊજળાં બની જતાં ને નવો તડકો સોનેરી સોનેરી બની પથરાઇ રહેતો. વરસાદની ઝડીઓના મારથી બીડમાંના લાંબા ઊંચા ઘાસની કેડ ભાંગી જવાથી એ સૂઇ જતું એટલે એમાં રખડવાનો આનંદ અનેરો આવતો. અહીં આપણાં ગામડાંઓમાં વરસાદ પછી ફરવા નીકળવું એ માથાનો ઘા થઇ પડે છે. આસપાસના ઉકરડા સડવાથી ગંધાઇ ઊઠયા હોય, શેરીનો કીચડ સૂગામણો થઇ ગયો હોય, વરસાદને લીધે લોકોએ શેરીને જ પાયખાનાના રૂપમાં ફેરવી દીધી હોય ત્યારે વરસાદ પછી ઘરની બહાર નીકળતાં મનમાં એમ થઇ જાય કે 'હે ભગવાન! આ વળી વરસાદ કયાંથી આવી પડ્યો!' પણ ફીનિક્સમાં તો વરસાદ પડી રહે કે ઘાસની અંદર જુદી જુદી જાતનાં અને રંગબેરંગી ફૂલો ખીલી નીકળતાં. એ સોહામણાં ફૂલ વીણવાની ખટપટમાં ન પડતાં જમીન પર આડા પડી સુંઘી લેવાની અને મધમાખીની જેમ એક ફૂલથી બીજા ફૂલ પર દોડાદોડ કરી મૂકવાની મને બહુ લહેર આવતી. ફૂલ સૂંઘવાની અને ઝુંડોમાં સંતાઇ જાતજાતનાં ગાન સંભળાવતાં પક્ષીઓને સાંભળવાની મજા એવી આવતી કે હું કયાં છું ને મારે કયાં જવું છે એ ભૂલાઇ જતું.

આ વખતે વરસાદ અટકયો ત્યારે કુદરતની મજા તો હતી જ, પણ સાથે સાથે ઘરમાં પૂરાઇ રહ્યા હતા તેમાંથી છૂટવાનો ભારે આનંદ હતો. પણ એ બધી મજા મારે નસીબે ન હતી. મારાં ગૂમડાં ખૂબ જ વધી પડ્યાં—સાથળ વગેરેમાં પણ થયાં એટલે મને ચાલવાની બંધી થઈ. ફક્ત સવારે ઊઠીને એકવાર બાપુજીને જીભ બતાવવા જવાની અને આખા દિવસમાં શું કરવું તે પૂછવા જવાની રજા મને મળી હતી. મારી જીભ ઉપર છારી કેટલી તે તપાસીને બાપુજી નક્કી કરતા કે મને આગલા દિવસનું ખાવાનું કેટલું પચ્યું છે અને આજે કેટલું ખાવું જોઇએ.

આ પ્રમાણે એક દિવસ સવારે દાતણમાંથી પરવારીને હું બાપુજીને મારી તબીઅત બતાવવા પ્રેસમાં ગયો. પ્રેસની આસપાસ ઘાસ કાઢવાનું કામ ચાલતું હતું પણ બાપુજી ન હતા. તેઓ જોડા શીવવાની કોડમાં ગયા હતા. જોડા શીવવાના હુન્નર પાછળ પણ બાપુજીએ સારી પેઠે ધ્યાન આપેલું. અને જે છોકરાઓ એ શીવતા તેની ખોડ-ખાંપણ કાઢી તે બનાવવાની એમને ભારે ચીવટ હતી. જોડાનું શીવણ પોલિશ વગેરે પોતે પણ કરી બતાવતા ને સુધારતા.

બાપુજી પ્રેસમાં ન મળ્યા એટલે મને રખડવાનું મળ્યું તે મને બહુ ભાવ્યું. રસ્તો તો પાંચસાત મિનિટનો હતો. પણ વચ્ચે ઘાસમાં આમતેમ ફૂલ સૂંઘતો, ઝાડો પરનું પાણી ખેરવતો, અર્ધો પોણા કલાકે હું બાપુજી પાસે પહોંચ્યો અને મારી જીભ બતાવી. જીભ કાળી થઇ ગઇ હતી. એ જોઇ બાપુજીએ મારી સામે તીક્ષ્ણ નજર કરી. હું તો ડરી ગયો. 'સાંજની પ્રાર્થનામાં જ્યારેત્યારે ન ખાવાની કેટલી યે વાર મના કરી છે, છતાં જાંબુ ખાધાં ને?' તેમણે પૂછ્યું. મેં કહ્યું, 'ના બાપુજી, મેં તો કંઇ નથી ખાધું'. 'તું સાચું કહે છે? કંઇ નથી ખાધું તો આ જીભ આટલી બધી કાળી કેમ છે?' 'મને શી ખબર?' 'શી ખબર શું? પ્રેસમાં થઇને જ તું અહીં આવ્યો ને?' 'હા જી' 'તો પછી રસ્તે નાળાના પૂલ પર જાંબુ ખરી પડ્યાં છે એ તેં નથી લીધાં?' 'લીધાં'તાં પણ લઇને મેં એ ચોળી નાખ્યાં છે; જુઓ મારા હાથ પણ કાળા છે. પાટલે બેસીને ખાધા સિવાય કંઇ પણ ખાવાની તમે મનાઇ કરી છે એટલે મેં એક પણ જાંબુ મોંમાં નથી મૂક્યું.' 'ઠીક ત્યારે, જો તેં કંઇ ન ખાધું હોય અને તારી જીભ આવી હોય તો તો બહુ જ ખરાબ કહેવાય. તું સીધો ઘેરે જા, હું થોડી વારમાં આવું છું. જો હવે જાંબુ નહિ ખાતો. જોકે મારા માનવામાં નથી આવતું કે તું સાચું જ બોલે છે.'

હું રડવા જેવો થઇને ચાલ્યો ગયો. મને બહુ માઠું લાગ્યું. હું સાવ સાચું બોલ્યો હતો. છતાં બાપુજીએ મને જૂઠો માન્યો. હું જૂઠું નહોતો બોલતો એમ નહિ, પણ બાપુજી પાસે જૂઠું બોલવાની મારી હિંમત જ નહોતી ચાલતી. એમ કરવું એ ભારેમાં ભારે પાપ છે એમ મને લાગતું. આમ છતાં બેત્રણ વાર એવા પ્રસંગો બન્યા છે કે જ્યારે સાચું બોલવા છતાં બાપુજીને એ મારૂં જૂઠાણું લાગ્યું હોય. તેવા પ્રસંગોમાં આ પહેલો પ્રસંગ વિસર્યો વિસરાય એવો ન હતો.

મારા ઘેર પહોંચવા પછી થોડી વારે બાપુજી

અમારે ત્યાં પહોંચ્યા. આવીને તેમણે બા સાથે વાતચીત કરી. જતાં જતાં મેં એમને એટલું કહેતાં સાંભળ્યા, કે 'જો તમે તૈયાર હો તો હું પરભુદાસને મારે ત્યાં લઇ જવા ધારું છું. પંદર વીસ દિવસ એને મારે ત્યાં રાખો. હું જ એને ટોસ્ટ તૈયાર કરીને ખવડાવીશ.' પિતાશ્રી ઇંડિયન ઓપિનીઅનની ઉઘરાણી કરવા બહારગામ ગયા હતા, એટલે એમને પૂછાવવાનું હતું જ નહિ. મગનકાકાની પણ સંમતિ મળી અને મને વીસ દિવસ માટે બાપુજીને ત્યાં જવાની રજા મળી. મારા આનંદનો પાર રહ્યો નહિ. હું મારું બધું દુઃખ ભૂલી ગયો. અને વહેલો વહેલો મોટે ઘેર પહોંચી ગયો. એ વધામણી ખાતો બધા મિત્રોમાં ફરી વળ્યો. તેમણે બધાએ પણ મને એટલા જ ઉત્સાહથી વધાવી લીધો.

મોટે ઘેર પહોંચ્યો તો ખરો, પણ મનમાં હજુ ડંખ હતો. ૨૦ દિવસ પછી પાછું ઘેર જવાનું હતું. પાંચેક દિવસમાં મારા પિતાશ્રી આવવાના હતા. તેઓ શું કહેશે એ ખબર ન હતી. 'એમને નહિ ગમે તો?' એ વાત આખો દિવસ મગજમાં ઘોળાયા કરતી હતી. ૨૧મા દિવસનું ભૂત મને પજવતું હતું. બાપુજી પાસે ગયા પછી મારી સારવારમાં કંઇ ફેર નહોતો પડ્યો. સારવાર તો એ જ ચાલુ હતી, ફક્ત એમની પાસે રહેવાના આનંદરૂપી ઔષધામૃતનો વધારો મને મળ્યો. એ વીસ દિવસનો એવો ઉપયોગ મેં કરી લીધો કે ત્રણ ત્રણ દિવસ સુધી ઘેરે જતો જ નહિ.

પિતાશ્રી આવ્યા ત્યારે એમને આ સ્થિતિ ગમી જ નહિ. એક દિવસ ખાઇ પી હું દાબ્યે પગલે ઘેરે ગયો ત્યારે પિતાશ્રી અને મગનકાકા જમતા હતા. એમણે મને જોયો એટલે પાસે બોલાવ્યો, બેસાડ્યો. થોડી વારે પિતાશ્રીએ ધીમેકથી પૂછ્યું, 'અમે તને એટલા બધા કડવા લાગીએ છીએ કે તું આખા દિવસમાં ઘેરે પણ ન આવે? તારી બા પાસે આવવાનું પણ તને મન નથી થતું?' મારી આંખમાં ઝળઝળીઆં આવી ગયાં. મને મનમાં થયું કે 'શા માટે મને આટલો બધો વઢે છે?' બધા જમી રહ્યા ત્યાં સુધી મૂગો મૂગો બેઠો રહ્યો અને પછી ઊઠીને બાપુજી પાસે દોડી ગયો. એમને જોયા એટલે ગળે બાઝેલો ડૂમો ઉતરી ગયો અને આનંદમાં આવી ગયો, પણ આ બનાવ પછી રોજ બે વાર તો ઘેર જઇ આવવાનો નિયમ મેં રાખ્યો જ.

વીસ દિવસ થઇ રહ્યા, પણ બાપુજીને સાતઆઠ દિવસ પછી જોહાનિસબર્ગ જવાનું હતું એટલે એટલા દિવસ વધારે એમની પાસે રહેવાનું ઠર્યું. તેઓ ગયા એટલે હું ઘેર આવ્યો. દસેક દિવસ પછી બાપુજી પાછા આવ્યા ત્યાં સુધીમાં મારાં ગૂમડાં પાછાં વધ્યાં હતાં એટલે નક્કી થયું કે મારે બાપુજી પાસે જ રહેવું. આ વખતે ઘરના બધા વડિલોએ ઉત્સાહભેર અનુમતિ અને આશીર્વાદ આપ્યા અને મને કહ્યું પણ ખરૂં કે 'તને જ્યાં સુધી આનંદ આવે ત્યાં સુધી તું બાપુજીને ઘેર જ રહે. ત્યાં છો એટલે તારૂં ભલું જ થવાનું છે વગેરે.'

જે દિવસ માટે હું લગભગ ચાર વર્ષ સુધી ઝંખી રહ્યો હતો એ દિવસ આખરે આવ્યો. બીજા છોકરાઓની પેઠે હું પણ ત્યાંનો એક નિશાળીઓ બની ગયો અને દેવદાસકાકા સાથે હું પણ બાપુજીની ગોદમાં જ રહેવા લાગ્યો. હવે હું જાણે એક નવો જ છોકરો બની ગયો હોઉં એવું મને લાગ્યું. મારામાં નવાં જ ઉત્સાહ અને તેજ આવ્યાં. આ વખતે હું મોટે રસોડે રોગી પેઠે નહોતો ફરતો, માણસ તરીકે નિઃસંકોચ હરતો ફરતો. હવે ઘરના મુરબ્બીઓને યાદ કરીને મનમાં ક્ષોભ પામવાનું મને કારણ નહોતું રહ્યું. નવ દહાડાનો નવો નિશાળિયો હું મટી ગયો અને બધાની પેઠે હું પણ દરેક કામમાં પલોટાવા લાગ્યો. સૌ છોકરાઓ મારૂં કૌતુક કરતા બંધ થયા અને બાપુજીએ પણ મને પંપાળવાનું સાવ મૂકી દીધું તો યે એક પણ દિવસ એવો ન ઊગ્યો કે મને પાછું ઘેર જઇને રહેવાનું મન થયું હોય. જેમ જેમ દિવસ જતા ગયા તેમ તેમ હું ત્યાં વધારે ને વધારે જામતો ગયો. અને બધી વાતમાં મને વધુ વધુ રસ આવતો ગયો.

એક રીતે તો મારી કસોટી ત્યાં વધુ આકરી થતી હતી. ઘરમાં તો મારી રોટી ને ફ્રાંસી અથવા પાછળથી મળવા લાગેલી ખીર ખૂણે બેસીને ખાઇ લેતો, પણ અહીં બાપુજીને ત્યાં બધાની સાથે ટેબલ પર બેસીને મારે ખાવાનું હતું. અમે વીસેક જણા ખાવા બેઠા હોઇએ તેમાં નીરસ રોટી અને રોજ ખાઇને અમણે પડી ગએલી ખીર એકલા મારા ભાણામાં જ હોય. બાકી બીજા બધાના ભાણામાં રોજ

નવી નવી જાતની રસોઇ પીરસાય. કોઇ વાર રોટલી તો કોઇ વાર નળેલી રોટી, કોઈ વાર ગળી ને પોચી પોચી રોટી તો કોઇ વાર થેપલાં જોડીદારોનાં ભાણામાં હોય. બગીચામાંથી તાજાં ઉતારેલાં ભાતભાતનાં શાક અને તેમાંનો મસાલો મ્હેકી રહ્યો હોય એ વળી જુદું. કોઇ વાર લલચાવનારાં ભજીઆં, પતરવેલીઆં, ગરમા ગરમ કઢી વગેરે વાનગીઓથી ઘેરાઇને મારે ટેબલ પર જમવા બેસવું પડતું. આવી દશામાં મન મારવું એ બહુ આકરૂં થઇ પડતું; તેમાં યે જ્યારે મારા સાથીઓ મને પોતાનું ખાવાનું બતાવતા જતા હોય ત્યારે. પણ આ દશા મેં સહન કરી લીધી. મનમાં તો કેટલી યે વાર થઇ જતું કે 'હમણાં બાપુજી એમાંનું થોડુંક મારા ભાણામાં પીરસી જશે. થોડું પીરસે એમાં ક્યાં ગુમડાં વધી પડવાનાં હતાં? બધાને બાપુજી હોંસે હોંસે પીરસે અને મને થોડું પણ ન પીરસે એવું બને જ નહિ.' જમવા બેસું ત્યારથી જમીને ઊઠું ત્યાં સુધી મારા મનમાં ઉપર મુજબ તરંગો ચાલ્યા કરતા. તેમાં યે જ્યારે તેઓ પીરસતા પીરસતા મારી પાસેથી નીકળે ત્યારે એ વિચારનો અતિરેક થઇ જતો અને હૈયાનું હોઠે આવી જતું કે 'બાપુજી થોડુંક આપો.' પણ કોઇ દિવસ એ શબ્દ મારા હોઠની બહાર નીકળ્યો નહિ; તેમ બાપુજીએ પણ કોઇ દિવસ મને ચાખવા પૂરતું યે આપ્યું નહિ. જો મેં જરાક માગણી કરી હોત તો બાપુજી મને કદાચ આપત. પણ એ માગણી કરીને મેં સ્વાદિષ્ટ ખાવાનું મેળવ્યું હોત તો મારૂં પાણી ઊતરી ગયા વિના ન રહેત. થોડા દિવસ મારા મનમાં ગભરાટ રહ્યો, પણ પછીથી તો મને મારા એ સંયમ માટે મગરૂરી થવા માંડી. બધા છોકરાઓ વચ્ચે ઘણી બાબતમાં મારે ભાગે ન્હાનમ રહેતી, પણ આ બાબતમાં તો હું માથું ઊંચું કરી ફરી શકતો અને મારી પ્રતિષ્ઠા જાળવી શકતો.

(ચાલ્લુ)

પ્રભુદાસ છગનલાલ ગાંધી



નાચતું રીંછ (ચિત્ર-રમકડું)

ઉપર આપેલા મદારી અને રીંછના ચિત્રને કાપી લઇને રદ્દી પોસ્ટકાર્ડ પર ચોડી અસ્ત્રાની બ્લેડ કે ઝીણી કાતર વડે તેના ચોગરની રેખાએથી કાગળ કોરી કાઢો. પછી, ઉપર જમણે ખૂણે બતાવ્યા મુજબ એક કાગળની પટ્ટીના અરધા ભાગ પર સોય મૂકી તેનો બાકીનો અરધો ભાગ ગુંદરથી સોયવાળા ભાગ પર ચોડી દો. હવે, રીંછવાળા રમકડાની નાચેની પટ્ટીને રીંછ અને મદારીના પગ પાસેના ભાગ આગળથી કાટખૂણે વાળો, અને એ રીતે વળેલી પટ્ટી પેલી સોયવાળી પટ્ટી પર ચોડી દો. આ રીતે તૈયાર થએલા રમકડાને, ચિત્રમાં નાચેને જમણે ખૂણે બતાવ્યા પ્રમાણે, બાજોઠ ઘાટે વાળેલા કાર્ડ પર મૂકી નીચે લોહચુંબક ફેરવવાથી રીંછ અને મદારીને નચાવી શકાશે.

વેદનાનું સુખ

કોઇ દલીલ કરવાની હિંમત મારામાં નહોતી. આશ્રયદાતાની મુખાકૃતિ કહી રહી હતી કે કંઇ પણ જવાબ સ્વીકારાશે નહિ. એટલે કંઇ પણ બોલ્યા ચાલ્યા વિના જ હું બહાર નીકળી ગયો. આ વખતની મારી વેદના વિવિધ સ્વાદવાળી બની ગઇ.

વેદનાઓમાં રહેલું દુઃખ જેણે સુખની દૃષ્ટિએ જોયું છે તેણે જ સંસારને સ્વર્ગ બનાવ્યો છે. સુખને સુંવાળું, સુગંધીદાર અને સસ્તું કલ્પીને તે પાછળ પડનારને સુખનું સત્ત્વ કદી સાંપડતું નથી. પરિશ્રમને છેડે જ સુખ તો બેઠેલું છે.

ત્રણ આના મારી પાસે હતા. ગયામાં ભાતદાળ ખાવાનો સામાન્ય નિયમ છે. ભાવ પણ સામાન્ય. એક આનામાં થાળી આપે. એક વીશીમાં જઇ મેં પણ એક આનાના ભાત ખાધા. ફલગુને કિનારે આખો દિવસ વીતાવ્યો. રાત્રે પૂલ નીચે સૂઇ રહ્યો. બીજે દિવસે પણ એક આનાએ મારૂં પેટ ભર્યું.

ત્રીજે દિવસે મારા પેટને મારે રોવડાવવું પડ્યું. બપોર થયા હશે. અદાલત પાસે એક બગીચો છે. વચ્ચે ઠીકઠીક મોટું તળાવ છે. તેમાં બતકો તર્યા કરે છે. એક ઘાટ પર બેસીને તે જોયા કરતો હતો. બે ત્રણ માણસો કપડાં ધોતા હતા. એક છોકરો કપડાંની પોટલી લઇને આવ્યો. હું જ્યાં બેઠો હતો તેની નીચે તેણે કપડાં મૂક્યાં.

'એય . . . આ બાજુ મૂકને ?' એક પ્રૌઢ માણસને મેં દૂર ઊભો રહીને ધીમેથી બોલતો સાંભળ્યો. મારૂં ધ્યાન બતક તરફ હતું. છોકરે કપડાંનું સ્થાન બદલવાની તકલિફ ન ઉઠાવવાનું ધાર્યું હશે. પેલો પુરુષ બોલ્યોઃ 'જોતો નથી? મુફલિસ બેઠો છે!' આ શબ્દો મારા કાનપર પડતાં જ મેં તેની સામે જોયું. તેનો ઇશારો મારા તરફ હતો. તેણે મારો ફિક્કો ચહેરો જોઇને કલ્પી લીધેલું કે લાગ મળે તો 'अयं निजः परोवेत्ति गणना लगुचेतसाम्' મંત્ર ભણીને હું પલાયન થઇ શકું છું. ભૂખથી, ચિંતાથી અને વ્યથાથી મારા મોંનો રંગ એવો બદલાઇ ગયો હશે કે મારા પર વિશ્વાસ બેસી શકે એટલું યે તેજ ન રહ્યું ? તરતજ હું ઊઠીને ચાલતો થયો.

ગજવામાં ચાર પૈસાની ગરમી હતી. ભૂખ સખ્ત લાગી. એક પૈસાના ચણા લીધા અને ખાધા. વિના દામે મળતું અને જેનો સેંકડો કુટુંબો અરધો કલાક ઊભા રહ્યા પછી એક ઘડો ભરીને લાભ લેતાં એવા, સુખરાઇના મહાન ઉદારતાના નમૂના ૩૫ નળમાંથી પાણી વડે પેટ ભર્યું.

પંદર દિવસની હજામત ચડી હતી. ચહેરાનાં રૂપરંગ ઉડાવવામાં અરધો હિસ્સો તેનો હતો, એટલે હજામની દુકાને ગયો. દાઢીમુંડનનો ભાવ સાંભળતાં જ મારી મહાભૂલ અને અગમચેતીનો અભાવ રહી ગએલો એ યાદ આવ્યું. ચાર પૈસા તો ગજવામાં હતા. ગયા જેવા શહેરમાં બે પૈસે મૂંડનારો જરૂર હશે એમ સમજીને એક પૈસાના દાળિયા ફાકી ગયો. એક પૈસો મુંડન પછી પણ બચી રહેવાની આશાએ ઉત્સાહ ટકાવી રાખ્યો હતો. પણ ચાર પૈસામાં એક પાઇ પણ ઓછી નહિ થાય એમ દૃઢતાપૂર્વક ત્રણચાર નાયી બ્રાહ્મણ (હજામ) બંધુઓની વેદી (દુકાન) પર પૂછતાં માલૂમ પડ્યું, ત્યારે મારી દાળિયા ફાકીને એક પૈસો ઓછો કરી નાખવા જેટલી અસંયમી વૃત્તિ માટે કંઇક લાગી આવ્યું. પણ હવે શું? મને એ પણ ખબર ન રહી કે ગયામાં મુંડનનું જ મહા માહાત્મ્ય છે. કોઇ પણ યાત્રી વિના મુંડન કરાવ્યે ગયા બહાર જાય તો પુણ્ય જ ન મળે. તો પછી મુંડનના ભાવ પણ પાકા જ હોય એમાં નવાઇ શી ?

છેક સાંજે એક ઉપાય સૂઝ્યો. બે પૈસાનું પાનું (સેફટી રેઝરનું) ખરીદ્યું. પણ અરીસા વિના હાથથી શી રીતે દાઢી મુંડવી? ગયો ફલગુને કિનારે. કુદરતનો એ મોટો આરસો વગર પૈસે મારી મૂંઝવણ ટાળવા તૈયાર હતો. એક નાના ખાડામાં ભરાઇ રહેલા પાણીમાં મારૂં પ્રતિબિંબ દેખાયું. ચહેરો ઝાંખો દેખાતો હતો. પાણી ચોળીને ધીમેથી પાનું હાથમાં લીધું. જાળવી-જાળવીને હજામત કરી લીધી. ખૂબ આનંદ થયો. એક પૈસો પણ બીજા દિવસના ચણા માટે બચી રહ્યો.

બીજે દિવસ એક પૈસાના ચણા પર ગયો. રાતે

સૂતો ત્યારે આંતરડાં ગાળો ભાંડતાં હોય તેમ લાગ્યું. ભૂખ્યે પેટે ઊંઘ પણ ન આવી. જેમતેમ રાત પૂરી કરી. રખડી ભટકીને દિવસ કાઢવાની પણ હવે તો તાકાત ન રહી. ભૂખની વેદનાનો સારો અનુભવ થવા માંડ્યો. નદીકાંઠે દૂર એક ઝાડ તળે પડ્યો પડ્યો સૂર્ય ભગવાનની ગતિનો હિસાબ કરવા માંડ્યો. મારે મન આજે એની ગતિ ધીમી હતી. સામે એક ખેતર જોયું. ચીભડાના અને કાકડીના વેલા ફાલ્યાફૂલ્યા જોયા. કોઇ રખેવાળ પણ દેખાતો નહોતો. લાલચ થઇ કે લાવને એક કાકડી તોડી લઉં. પેટ આશીર્વાદ આપશે. પણ હૃદય ના પાડતું સાંભળ્યું. ન કરે નારાયણ અને કોઇ જોઇ લે તો? શી ઇજ્જત? નહિ, ભૂખની વેદના કરતાં બેઇજ્જતીની વેદના વધારે ટકાઉ છે. પાપ તો ન જ કરવું. પાછો ફર્યો. દૂર જામફળીનું ખેતર ભાળ્યું. ગયો, જોયું, પણ એકેય ફળ મારા ભાગ્યનું ત્યાં અવતર્યું નહોતું. હા, કુમળાં પાન હતાં. કદાચ તેને મારી દયા આવે. પાંચ સાત કુમળાં પાન તોડ્યાં અને કડછાં લાગવા છતાં ખૂબ ચાવીને ગળે ઉતાર્યો. પણ ગળું જાણે કે સંકોચાઇ ગયું. મોંમાંનું અમી પણ તેણે બગાડી નાખ્યું. કુદરત મને હજી તાવવા ઇચ્છે છે, જ્યારે હું તેની સામે મિથ્યા પ્રયત્ન કરું છું. દોડ્યો નદી કાંઠે. ખૂબ કોગળા કર્યા ત્યારે ગળું સાફ થયું.

નદીમાં તણાઇને કિનારે નમાલાં મોજાંનો માર ખાતો એક આદુના આકારનો કકડો જોયો. વાહ, આ તો કંઇક વનસ્પતિ છે. ડુંગરામાંથી વહેતી ફલગુ ખેંચી લાવી હશે. ટુકડો ઉઠાવ્યો અને મોંમાં મૂક્યો. એક જ દાઢે ચાવી ગયો પણ મોં પહોળું ફાટી રહ્યું. જીભ એવી બળે કે જાણે કોઇએ ચીરાચીરા કરીને ઉપર મરચાં મૂક્યાં. શ્વાસ મોં વડે લઉં તો જીભમાં સોય ભોંકાવાની વેદના! એ ત્રણ કલાક આ દશા સહી. ધીમે ધીમે કંઇક શાંતિ વળતી ગઈ.

આ ટુકડો કંદ નામક જમીનમાં થતા સુરણના જેવા કંદનો હતો. પહાડમાં વસતી ગરીબ ભીલ પ્રજાનો એ ખોરાક છે. પાણીમાં ખૂબ ધોઇને બાફી નાખે છે, એથી તેની તીખાશ અને ચરચરાપણું જતાં રહે છે. તેને દળીને કે ખાંડીને રોટલા બનાવે છે અને મીઠા સાથે ખાય છે. પલામઉના જંગલમાં વસતા ભીલોની સ્થિતિ આપણે ત્યાંના પંચમહાલના ભીલો કરતાં ઘણી જ ખરાબ છે. સામાજિક દશા તો લગભગ બંનેની સરખી છે. ઠક્કર બાપા જેવા એકાદ બાપાની અહીં જરૂર છે. હમણાં હમણાં કોઇ કોઇનું ધ્યાન ગયું છે, પણ પૂરી ખબર કોઇએ નથી લીધી.

સૂર્ય આથમવા લાગ્યો તેમ મારી ભૂખ પણ બેસવા માંડી. બિચારીને આખરે થાક લાગ્યો ખરો. ધીરે ધીરે સામે કાંઠે જવા ચાલ્યો. વિચાર આવ્યો: કોઇની પાસે મગાશે તો નહિ. આપમેળે કશું મળી જવાનું નથી. તો પછી ભૂખે મરી જવાનું? ભલે ખુશીથી મરી જવું. ભગવાન ગૌતમે જીવતાં જે શાંતિ મેળવી એ શાંતિ હું મરતાં મરતાં અનુભવીશ. જગતની કોઇ ચિંતા મારે માથે નથી. ફલગુને કિનારે, એકાંત જગ્યામાં જ્યાં મન ઠરશે ત્યાં બેસી જઇશ અને મૃત્યુને વધાવી લઇશ.

સામે કાંઠે જઇને પૂલ પાસે બેઠો. સામે જ એક મકાન ચણાતું હતું. સાંજ થઇ હતી. મજૂરો કામથી પરવારીને ઘેર જવાની તૈયારી કરતાં હતાં.

ઓહ! હું નકામો શાને મુંઝાઇ રહ્યો છું! મરણ એક જ આ સ્થિતિમાંથી છૂટવાનો ઉપાય છે એવી કાયરના જેવી માન્યતા કેમ લઇ બેઠો છું? સાંભર્યું, ‘उद्योगिनम् पुरुषसिंहमुपैति लक्ष्मी।’ ખડતલ માણસ ધારે તે કરે. મારી પાસે બીજું તો અર્થપ્રાપ્તિનું સાધન નથી. પણ શરીર તો છે! આ મજૂરો એ વડે જ પૈસો મેળવે છે ને? મારે પણ શરીરની તો ઉત્તમ ભેટ છે! શા માટે મુંઝાઉં? સવારમાં જ આ મકાનના ચણતરમાં મારો હિસ્સો આપીશ. મજૂર બનીશ. ચાર છ આના જે મળશે તે વડે મારૂં પેટ ભરીશ.

આ ઉપાયે મારી ભૂખ અને મારૂં દુઃખ બંને ઊડી ગયાં. પૂલ નીચે નિરાંતે ઊંઘ્યો.

સવારમાં ઢંગ વગરની કાછડી પહેરી, બને ત્યાં સુધી મજૂર જેવા દેખાવાની બનાવટ કરતો મુકાદમને જઇ મળ્યો. ચાર આના રોજ નક્કી થયું. ઈંટોના ટોપલા ઉઠાવવાનું કામ મળ્યું. પહેલો ટોપલો તો ઉત્સાહના બળથી સીડી પર ચડીને આપી આવ્યો, પણ બીજે ટોપલે હાડકાંમાંથી પરસેવાનાં ટીપાં ખેંચી કાઢ્યાં. છતાં હાર્યો નહિ. સાંજે ચાર આના મળશે એ આશાએ બળ આપ્યું. ત્રણ દિવસનો ભૂખ્યો હતો

છતાં સાંજ સુધી ઈંટ અને ચૂનાનાં તગારાં ઊંચક્યાં. બપોરે ખાવાની છૂટી મળી ત્યારે મેં મોં સંતાડ્યું. ખાવાનું ક્યાં હતું તે ખાઉં? ન ખાઉં ને બેસી રહું તો સહયોગીઓ મજાક ઉડાવે ને? પૂલ પર રખડી આવ્યો અને કામે લાગી ગયો. સાંજે છૂટી થઈ. ચાર આના રોકડા મળ્યા.

શું કહું? એ ચાર આનાની ગરમીએ મારૂં ઠંડું અંતર જગાડ્યું. એ ચાર આનામાં કેવી મિઠાશ છે તે વિચારતો ત્યારે તો અપ્રાપ્ય જ વસ્તુ મને મળી છે એમ લાગતું. આ ચાર આનાની જેટલી કીમત હું કરી શક્યો છું, એટલી કીમત હજારો રૂપિયા ગુમાવતી વખતે પણ નથી થઇ. મહેનતનો મીઠો પૈસો મેં આ વખતે અનુભવ્યો.

(ચાલુ) જીવરામ જોષી

મથુરાનો ગાંધી

મથુરા નગરીમાં ગુપ્ત નામે ગાંધીને ઉપગુપ્ત નામનો પુત્ર હતો. ઉપગુપ્તના જન્મ પહેલાં પિતાએ વાંછના કરી હતી કે મને સત્સંગપ્રિય સન્તાન થાય; એ પ્રમાણે ઉપગુપ્ત નાનપણથી જ વૈરાગ્યવાન્ હતો. પિતાના કહેવાથી તે હરિચન્દન, કસ્તૂરી, કપૂર તથા અગરુનો વેપાર કરતો હતો.

ઉપગુપ્તને હાટે વાસવદત્તા નામે ગણિકાની દાસી નિત્ય ગન્ધ લેવા આવતી; એણે વાસવદત્તાને વાત કરી, કે ઉપગુપ્ત બહુ રૂપાળો અને ગુણવાન્ છે. આ સાંભળીને ગણિકાને એને મળવાની ઇચ્છા થઇ, એટલે એણે ઉપગુપ્ત આગળ દૂતીને મોકલી. દૂતીની વાત સાંભળી લઇને ઉપગુપ્ત હસ્યો, ને બોલ્યો, 'હું વાસવદત્તાનાં દર્શન અવશ્ય કરીશ, પણ એવો અવસર આવે તહિં, આજ નહિ.'

એક વાર વાસવદત્તાના ઘરમાં એક જુવાન વણિકપુત્ર હતો, ત્યાં કોઇ ધનવાન્ સાર્થપતિ ઉત્તરાપથથી આવી ચડ્યો. વણિકપુત્રને તો ગણિકા ચૂસી ગઇ હતી. એની પાસે એણે તાંબિયો પણ રહેવા દીધો નહોતો એટલે ગણિકાએ એની મા સાથે વિચાર કર્યો કે તેનું કામ કાઢી નાખવું, ને એવી રીતે સાર્થપતિ સારૂ મારગ કરવો. આ પ્રમાણે આસવમાં વિષ દઇને ગણિકાએ વણિકપુત્રનો વધ કર્યો.

ગણિકાના ઘરમાં પેસતાં દીઠો હતો, પણ નીકળ્યો નથી, એમ કરીને વણિકપુત્રના સગા એને ગોતતા-ગોતતા ત્યાં આવ્યા ને જોયું તો તે મરેલો પડ્યો હતો. તરત તે તો મહીપતિ આગળ ગયા, ને એનું સાંભળીને રાજાએ વાસવદત્તાને ઉગ્ર દંડ કર્યો.

વાસવદત્તાને વધ્યભૂમિએ લઇ ગયા, ને ત્યાં તેના હાથપગ તથા નાકકાન કાપી નાખ્યાં. પોતાના શોણિતથી બનેલા કાદવમાં એ આળોટે છે, અને એની દાસી ખાવા આવતા જંગલી પશુઓને રોકે છે.

વાસવદત્તાની વિષમ દશાની વાત ઉપગુપ્તને કાને આવી, એટલે હવે અવસર આવ્યો છે એમ એને થયું, અને તે તરત વધસ્થાને આવ્યો. એને જોઇને વાસવદત્તાએ કહ્યું,

'અરેરે. મેં મોટો પ્રયત્ન કર્યો, પણ એ સમયે તમે ન આવ્યા. હવે તો મારાં અંગ છેદાઇ ગયાં છે, મારૂં શરીર લોહીથી ખરડાએલ છે અને હું ક્લેશસાગરમાં બૂડું બૂડું થાઉં છું, એવી સ્થિતિમાં મને મંદભાગિનીને આપનાં દર્શન થાય એમાં શું સાર? આ તે કાંઇ મળવાનો અવસર છે કે?'

એમ કહીને એ બોર બોર જેવડાં આંસુ સારવા મંડી. ઉપગુપ્તે કહ્યું,

'જો, બહેન, કાયા ઉપર વસ્ત્ર નાખ્યાં હોય, વિભૂષણ પહેર્યાં હોય, સુગન્ધ છાંટ્યાં હોય, વિવિધ શોભા કરી હોય એ વેળાએ એનો ક્ષણભંગુર સ્વભાવ ધ્યાનમાં આવતો નથી. હજી પણ તને સુગત કરે. ને શરીરનો મોહ છૂટી જાય, અને તું બુદ્ધ, ધર્મ ને સંઘ એ રત્નત્રયીનું શરણ લે, એટલે ક્લેશને ઠેકાણે તારા જીવને પરમ શાન્તિ મળે.'*

*ક્ષેમેન્દ્રની બોધિસત્ત્વાવદાન કલ્પલતા ઉપરથી

દેસાઇ વાલજી ગોવિંદજી



અમૃતપાન

બાળવિભાગની વાર્તા



'રાજાના માથા પર અકલુંચકલું!'

એક હતો રાજા. આખો દિવસ એ પોતાનો સોનાનો ભારે મુગટ માથે મૂકી રાખતો. કારણકે એની રાણીએ એક વાર કહ્યું હતું કે તમે મુગટ ઉતારો છો ત્યારે જરા યે રાજા જેવા નથી લાગતા. કેવા લાગો છો એ રાણીએ નહોતું કહ્યું. પણ રાજાને ખાતરી થઇ ગઇ હતી કે રાજા જેવા દેખાવા માટે માથે મુગટ રાખવો જ જોઇએ, તેથી તે સૂવાના સમય સિવાય હમેશાં માથે મુગટ રાખતો જ.

એક દિવસ એ મહેલના ઝરૂખામાં બેઠો બેઠો હવા ખાતો હતો. માથે ભારે મુગટ હતો. એવામાં એની કુંવરી દોડતી આવી અને ગેલમાં એને બાઝી પડી. પણ બિચારીને રાજાનો ભારે મુગટ નાક પર વાગ્યો! કુંવરીએ મુગટ ઉતારી આઘો મૂકી રાજાના માથાના વાળમાં આંગળાં વડે રમત કરવા માંડી. રાજાને પણ લાડકડી દીકરીની એ રમત ગમી, એટલે એણે મુગટ માથેથી ઊતર્યો તેનો અફસોસ કર્યો નહિ.

એકાએક કુંવરી આશ્ચર્ય પામી બોલી ઊઠી: 'ઓહ! આ શું?'

રાજાએ પૂછ્યું: 'શું છે?'

કુંવરી હસીને બોલી: 'તમે કહો, શું હશે? તમારા માથામાં કંઇક છે!'

રાજાએ કહ્યું: 'કીડીમકોડો તો માથામાં આવે ક્યાંથી? સસલું હોય તો કોણ જાણે!'

કુંવરી બોલી: 'સસલું નથી સિંહ નથી, કીડી નથી મકોડો નથી, જૂ નથી જનાવર નથી, જીવતું નથી મરેલું નથી,—બોલો, શું હશે?' એમ કહી એ તો ગાવા મંડી: 'રાજાના માથા પર અકલુંચકલું!'

રાજાએ અનેક વસ્તુઓનાં નામ કહ્યાં, પણ એકે ખરૂં પડ્યું નહિ. છેવટે થાકીને તે બોલ્યો: 'તું જ કહે.'

હસીને કુંવરી બોલી: તમારા માથા પર ધોળો વાળ!'

'હેં? ધોળો વાળ! ખોટી વાત! હોય જ નહિ. હું ક્યાં ઘરડો થયો છું કે મારે માથે ધોળો વાળ આવે?'

કુંવરી બોલી: 'ઘરડા થયા છો કે નથી થયા એની તમને ખબર, પણ ધોળો વાળ તો છે. લ્યો જુઓ.' કહી કુંવરીએ ધોળો વાળ તોડી રાજાના હાથમાં મૂક્યો.

એ જોઇ રાજા મનમાં ગણગણ્યો: 'મારે ઘરડા નથી થવું! હું ઘરડો નથી થયો, નથી થવાનો. મારા માથામાં ધોળો વાળ શા માટે?'

એ એકદમ વિચારમાં પડી ગયો. કુંવરીને આઘી ખસેડી દીધી. 'રાજાના માથા પર અકલુંચકલું' ગાતી ગાતી એ તો આ સમાચાર એની માને કહેવા દોડી ગઇ. રાજા ફરી મુગટ માથે મૂકી વિચારમાં પડ્યો.

થોડી વારે એણે એકદમ બૂમ પાડી: 'કોઇ હાજર છે કે? જા, વજીરને બોલાવી લાવ.'

વજીર આવ્યો. રાજાએ તેને કહ્યું: 'ભારે આફત! ભારે આફત! હું આજે અધમૂઓ થઇ ગયો છું.'

શાથી? કોઇ ઘા તો નથી લાગ્યો.'

'ઘા જ લાગ્યો છે! માથામાં લાગ્યો છે!'

'હેં!? ઘા? માથામાં? તલવારનો તો નથી ને?'

'ના, તલવારનો નથી; વાળનો છે.'

'વાળનો?' વજીર મુંઝાયો: 'મહારાજ, મને કાંઇ સમજાતું નથી.!'

'ઓહ! આવા જાનવરને તે કોણે વજીર બનાવ્યો! ધોળો વાળ! મારા માથામાંથી ધોળો વાળ નીકળ્યો!'

હવે વજીરમાં કંઇક અક્કલ આવી. બોલ્યો:'આપના માથામાંથી ધોળો વાળ નીકળ્યો—એમ ને? ઓહ! તો એમાં શું? માથામાંથી વાળ ન નીકળે તો શું માકણ નીકળે? મહારાજ આપ તો સમજુ છો. 'આ મારા માથા—' બોલતાં બોલતાં વજીરે માથું ખુલ્લું કર્યું. પણ રાજા વચમાં જ બોલ્યો, 'તારા માથા પર તો ખાસ્સી ટાલ છે! શું દેખાડે છે!'

'મહારાજ, એક વખત આ માથા પર—'

'બસ કર, તારું જીવનચરિત્ર મારે નથી સાંભળવું. મારે શું કરવું તે કહે. મારે ધોળા વાળ નથી જોઇતા, મારે ઘરડા નથી થવું, મારે હમેશાં જુવાન ને જુવાન રહેવું છે.'

'ઠીક, તો હું આપણા પંડિતોને પૂછી જવાબ દઇશ,' કહી વજીર ઘેર ગયો.

પંડિતોએ શાસ્ત્રોનાં પોથાં ફીંદી ફીંદી છેવટે જાહેર કર્યું કે દેવોએ અમૃત નામનું એક પ્રવાહી પીધું છે તેથી તેઓ હમેશાં જુવાન રહે છે. એવી અમૃતની કૂપીઓ કેટલાક રાક્ષસો અને રાજકુંવરો પાસે હતી એવું અમારી ડોશીમાઓની વાર્તાઓમાં આવે છે. એવી જો કોઇ કૂપી હાથમાં આવી જાય તો રાજા કદી ઘરડો થાય જ નહિ.'

રાજાએ એ કૂપી લઇ આવવા નોકરોને હુકમ કર્યો. પરંતુ નોકરો કૂપી ખોળવા માટે ધનની કોથળી લઇ નીકળી પડતા દેખાતા, પણ પાછા આવતા દેખાતા નહિ.

છેવટે થાકી, રાજાએ ઢંઢેરો પીટાવ્યો કે જે કૂપી લઇ આવશે તેને ચોથા ભાગનું રાજ આપવામાં આવશે. ઘણા માણસો કૂપી શોધવા નીકળી પડ્યા, પણ કોઈ શોધીને આવ્યું નહિ!

ઘણે દહાડે એક યુવાને દરબારમાં આવી અવાજ કર્યો: 'મહારાજ! અમૃતની કૂપી ક્યાં છે તે હું જાણું છું—ચોખૂંટ ધરતી પર હું જ એકલો એ જાણું છું.'

'તો લઇ આવ જા.' રાજાએ હુકમ કર્યો.

'પણ મહારાજ! ચોથિયું રાજ એ તે કંઇ રાજ કહેવાય? ચોથિયું રોટલો તો કૂતરાં પણ નથી ખાતાં—'

'તો અરધું લેજે, જા.' રાજાએ ઝટ જવાબ દીધો.

'બસ, અરધું જ!' યુવકે હસીને કહ્યું, 'મહારાજ! આપની ઇચ્છા વિરુદ્ધ મારાથી શું કહેવાય—પણ હું તો એમ કહેતો હતો કે રાજકુંવરીને મારી સાથે પરણાવવાનું વચન આપો.'

'પણ કુંવરી ના કહેશે તો?'

'એ મારે માથે.'

'તો કબૂલ', રાજાએ કહ્યું.

પખવાડિયા પછી પેલો યુવક હાથમાં એક સુંદર ચાંદીનો કૂજો લઇ આવી પહોંચ્યો. રાજાએ પૂછ્યું: 'લાવ્યો, અમૃતકૂપી?'

'હા. મહારાજ!'

'તો લાવ, પી જાઉં.' રાજાએ ઉતાવળ દેખાડી.

'સબૂર મહારાજ, થોડું કહેવાનું છે.'

'શું? કહે, ઝટ કહે.'

યુવકે કહ્યું: 'આ અમૃત પીવાથી આપ અમર થઇ જશો. પછી આપને કોઇ મારી શકશે નહિ, આપને કદી ઘડપણ નહિ આવે, આપના માથાના વાળ કદી ધોળા નહિ થાય, આપ કદી માંદા નહિ પડો; પણ એક—એક ચીજથી આપે બીવાનું છે.'

'કઇ ચીજ?'

'અકસ્માત! અકસ્માત સિવાય બીજી એકે વસ્તુથી આપે ડરવાનું નથી. એ સિવાય બીજું કોઇ—પશુ, પક્ષી, માણસ, અગ્નિ, જળ, આકાશ, વાયુ, પૃથ્વી—કોઇ આપને કશું કરી શકે તેમ નથી. એક માત્ર અકસ્માત સિવાય આપ કદી મરવાના નથી.'

'બસ એ જ ને? છટ્! હું એથી ડરતો નથી. લાવ, હવે પી જાઉં.'

યુવકે કૂજો રાજાના હાથમાં આપ્યો. રાજા ભરી સભામાં ઘટઘટાવી ગયો.

યુવકે કહ્યું: 'મહારાજ! મારું ઇનામ?'

રાજાએ ગળું ફુલાવી હસીને કહ્યું: 'ઇનામ? હં, ઇનામ! બરાબર છે, ઇનામ માગવાનો તારો હક છે. પણ જો ભાઇ, વાત એમ છે કે હમણાં રાજના ભાગલા પડી જાય તો રાજ્યની બહુ કફોડી દશા થાય. એટલે મારા મરણ પછી અરધું રાજ તને મળશે.'

'અને કુંવરી?'

'તું અત્યારે ગરીબ હાલતમાં છે. તારે ઘેર મારી કુંવરી શું ખાશે પીશે? માટે તારા હાથમાં રાજ્ય આવે—તું રાજા બને ત્યારે કુંવરી માગવા આવજે.'

આખી કચેરી હસી પડી. યુવક ગુસ્સામાં ને ગુસ્સામાં ત્યાંથી જતો રહ્યો.

રાજાનો હરખ તો માતો નથી. એણે સીધા મહેલમાં જઇ રાણીને ને કુંવરીને અમૃતપાનની વાત કરી. રાણી સાંભળીને ક્રોધ કરી બોલી: 'મને મૂકીને એકલાં અમૃત પીધું! તમે જુવાન રહો અને હું બુઢ્ઢી થાઉં, કેમ? તમે જરા યે રાજા જેવા નથી લાગતા!'

રાજાને બહુ ખરાબ લાગ્યું. તે તરત જ ઘોડાગાડીમાં બેસી નદીકાંઠે ફરવા નીકળી પડયો. રસ્તે જતાં એક પથ્થર પર પૈડું ચડી જતાં ગાડી જોરથી પછડાઇ—જબ્બર આંચકો લાગ્યો.

'અકસ્માત!' ગાડીવાળો બોલી ઊઠયો. 'અકસ્માત' શબ્દ સાંભળતાં જ રાજાના હોશ ઊડી ગયા. પેલું મરણ તો આવત ત્યારે આવત, પણ આ અકસ્માત તો હમણાં જ આવીને ઊભો!

એ વખતે તો એ બચી ગયો, પણ એના દિલમાંથી ધ્રાસ્કો ઓછો થયો નહિ.

એણે ગાડીમાં ફરવા જવાનું બંધ કર્યું; પગે ચાલીને જ નીકળી પડયો. નદીના ભાઠામાં એક દેડકાને કૂદકા ભરતો જોઇ રાજાને એકાએક એ ચાલ શીખવાનું મન થઇ આવ્યું હો કે ગમે તેમ, પણ ઓચિંતાની એક ઠેસ વાગતાં એણે ત્રણચાર ઠેકડા ભરી લીધા. જમણા પગના અંગુઠાનો નખ જરા ચીરાયો. થોડુંક લોહી દેખાયું. અકસ્માત!

વળી પાછો અકસ્માત!

રાજા સીધો મહેલમાં આવી પોતાના ખંડમાં સૂઇ ગયો. આંખો મળવા આવી ન આવી ત્યાં કુંવરીએ જોરથી બારણું ઉઘાડી અંદર પ્રવેશ કર્યો. ભડકીને રાજા ઊંઘમાંથી જાગી ઊઠયો. તેને લાગ્યું, જાણે આખું મકાન તેની ઉપર ઢગલો થઇ તૂટી પડે છે!

'અકસ્માત!' એ ચીસ પાડી ઊઠયો.

આ અકસ્માતની અસરમાંથી સ્વસ્થ થયો, ને બાજુના ખંડમાં હાથમોં ધોઇ મોં લૂછતો લૂછતો પાછો આવતો હતો, ત્યાં આરસની ફરસબંદી પર ભીનો પગ લપસ્યો—રાજા ચતોપાટ થઇ પડયો. હાય અકસ્માત!

રાજાને લાગ્યું કે આ અકસ્માત નક્કી મારી પાછળ પડયો છે. એનો કંઇ ઉપાય કરવો જ જોઇએ. છેવટે એણે પેલા યુવકને બોલાવ્યો.

'મારે તો ભાઈ, અમર નથી થવું. આ અકસ્માત મારી પાછળ પડયો છે. એવું હવે કંઇ છે જે પીધાથી પાછો હું હતો તેવો થઇ જાઉં?'

યુવક બોલ્યો: 'હા, છે—અને મને એકલાને જ એની ખબર છે.'

'તો જા, લઇ આવ.'

'મારૂં ઇનામ?'

'ઓહ! અરધું રાજ અને રાજકુંવરી ને?'

'એ તો પહેલાં પણ તમે કહેલું. પછી આપ્યું કર્યું કંઇ નહિ! માટે હવે તો પહેલાં આપો, પછી વાત.'

રાજાએ મુગટ ઉતારી એના માથા પર મૂકી દીધો. તત્કાલ કુંવરીને બોલાવી લગ્નની સંમતિ લઇ લીધી.

પછી રાજાએ કહ્યું: 'હવે પેલું જાદુઇ જળ?'

યુવક રાજાનો હાથ પકડી તેને પાણિયારે લઇ ગયો, પછી પાણીની ગોળી દેખાડી બોલ્યો: 'આમાંથી એક પ્યાલું પાણી પી જાઓ, એક જ, વધારે નહિ!'

'શું?' રાજાએ ગુસ્સે થઇ કહ્યું: 'આ તો સામાન્ય જળ છે!'

'સામાન્ય નથી, અસામાન્ય છે. પીતાં ને પીવડાવતાં આવડવું જોઇએ. પેલું અમૃતપાન કરેલું, એ પણ આ જ જળ હતું, આ જ ગોળીનું જળ હતું. ન માનતા હો તો પૂછો રાણીમાને, પૂછો તમારી કુંવરીને!'

'હેં?' રાજાએ જીભ કાઢી કહ્યું: 'સાદું જળ! અને રાણી પણ જાણે છે!'

આ નવું જ્ઞાન થતાં, રાજા ખૂબ હસ્યો, ખૂબ હસ્યો. રાણી એ જોઇ બોલી: 'હવે તમે રાજા જેવા લાગો છો!'

રમણલાલ સોની

બાળજોડકણાં

ભજિયાં ખાઇ લો

ભીંતે ભીંતે સુંદર ભાત,
બાએ કીધી લાંબી વાત;
વાતે વાતે મજા પડી,
આજ નિશાળે રજા પડી;
રજા પડી ને પહોંચ્યા ઘેર,
ભજિયાં ખાધાં સારી પેર.

ગુલાબસિંહ બારહટ



મધુકરી

પ્રતિપદા

અમાસે ડૂબેલાં તિમિર–ભરતીના જગતને
થતું કે હાવાં તો ગરબ્રુ વિબ્રુ આરો અવર ના;
ઉતારો કે તારો નહિં કયહીં કિનારો નજરમાં
હવે તો હોડીનો કબર બનવાની જલધિમાં.

ત્યહીં અંધારાનાં જલથી જગદુદ્ધાર કરવા
પ્રભુએ નાખીને ગલ શું શશીનો હોડી જગની
તણાતી રોકી, ને અતલ તમના સાગર થકી
કિનારે પ્હોંચાડી જ્યહીં વિલસતી પૂનમ હતી.

પછી જાણ્યું સૌએ તિમિર ચડતું ને ઉતરતું
રહે છે નિત્યે તો કયમ ઉર નિરાશાથી ભરવું?
ખિલેલી જ્યોત્સ્નામાં કુમુદ વીણવાં પાલવ ભરી,
અમાસે તારાઓ વીણીવીણી લઈ ઝોળી ભરવી.
તને હો પૂજીશું નમણી સખી! પંચાંગુલિ થકી
અમોને આશા ને બલ અરપજે હો પ્રતિપદા!

('પ્રતિપદા'માંથી) —સુન્દરમ્



પદભ્રષ્ટ
હેલસિલાસી

પ્રજાસંઘના ઇતિહાસમાં એ કાળામાં કાળો દિવસ હતો. બ્રિટને એ દિવસે ઇટલીએ કરેલી હબસીનિયાની પચાવ-ગીરીને મંજૂરી આપી. એ આખો દિવસ હબસીનિયાનો શહેનશાહ ખામોશી પૂર્વક એના રાષ્ટ્રનો દ્રોહ સાંભળી રહ્યો હતો. છેવટે પ્રમુખ મંટર્સ બોલ્યો, 'હવે હું હિઝ મૅજેસ્ટી હેલસિલાસીને કાઉન્સીલ ટેબલ પર આમંત્રું છું.'

આ શબ્દોનો મર્મ જુઓઃ 'હિઝ મૅજેસ્ટી ધી એમ્પરર ઑવ ઇથીઓપિયા'ને ન્યાય આપતી લીગમાં મુસૅાલિનીની બીકે એ માત્ર 'હિઝ મૅજેસ્ટી હેલસિલાસી' બની ગયો!

એ શબ્દો સાથે ચિંતા, થાક અને ઉદાસીથી જીર્ણ બન્યા છતાં ગૌરવશીલ હેલસિલાસીએ કાઉન્સીલ ટેબલને એક છેડે પોતાની બેઠક લીધી. ગ્રીસ કે મિસરના 'રાજા'ને પણ સલામી આપનાર પ્રજાસંઘના સભ્યોને આ 'શહેનશાહ'ને એટલું પણ સંમાન આપવું અયોગ્ય લાગ્યું. એના આગમન પ્રત્યે પણ ભાગ્યે જ કોઇએ લક્ષ આપ્યું.

અને એની દલીલો પછી પ્રજાસંઘે એને આપેલો ન્યાય તો જગતવિદિત છે.

જેમના ઉપર ન્યાય અને સહાનુભૂતિની મોટી મોટી ઇમારતો બાંધેલી એ બધાં રાષ્ટ્રોની કૃતઘ્નતાનો ભોગ બની આ હેલસિલાસી આજે ઇંગ્લંડમાં પદભ્રષ્ટ જીવન ગાળે છે. આપણા એક હિંદી તરુણ શ્રી અમીયચન્દ્ર ચક્રવર્તીએ થોડા જ સમય પર તેમની મુલાકાત લીધેલી. 'વિશ્વભારતી'માં એ મુલાકાતનો અહેવાલ આપતાં એ લખે છે:

'આ મુલાકાતે મારો એ નિર્ણય વધુ દૃઢ કર્યો કે હેલ-સિલાસી આપણા યુગની મહાન પ્રતિમાઓમાંની જ એક વ્યક્તિ છે. અસાધારણ સંયોગો વચ્ચે હાલ તો છાયાચિત્ર સમી બની ગએલી આ વ્યક્તિને જતે દહાડે પણ ઇતિ-હાસને સન્માનવી પડશે, કારણ અધિકારભ્રષ્ટ થયા છતાં એ

આદર્શભ્રષ્ટ નથી બન્યા. એનું વ્યક્તિત્વ વ્યુત્પન્ન થઈ શકે એવું યે નથી, કારણ, વ્યક્તિઓની ગુણમત્તા કે સિદ્ધિપ્રાપ્તિના કુલ સરવાળા કરતાં પણ જે વિશેષતર આંતરિક મહત્તા કેટલાક મહાનુભાવોમાં રહેલી હોય છે એ એનામાં છે.

હબસીનિયાના સ્વાતંત્ર્ય સંગ્રામ પર વાત નીકળતાં વિષાદ ભર્યે ચહેરે એમણે આત્મવ્યથા રેડવા માંડી: 'અમારું વીરત્વ રસાયણોએ નિષ્ફળ બનાવ્યું. મસ્ટાર્ડ ગૅસ ને હવાઈ મશીનગનોએ ઘરનાં ખૂણામાં ફૂંક મેળવતાં સ્ત્રી-બાળકોને પણ રહેંસી નાખ્યાં. એ યુદ્ધ નહોતું, કયામત હતી.'

હેલસિલાસી નરદમ લૂખા આદર્શવાદમાં માનનારા નથી. હિંદ તરફની સહાનુભૂતિનો ઉલ્લેખ કરતાં જ તેમણે જણાવ્યું, 'ના, અમારી પ્રજા માટે હિંદ કરી શકે એવું કંઇ જ નથી પણ હું તમને કહું છું કે દુનિયામાં નૈતિક જવાબદારી જેવું તત્ત્વ હશે તો વહેલોમોડો અમારા કષ્ટનો અંત આવશે જ.

આ ગણ્યા ગાંઠ્યા શબ્દોનો અર્થ સમજવામાં આવે તો એ લાંબાંચોડાં વ્યાખ્યાનો કરતાં પણ વિશેષ સારગર્ભ છે.

કુમાર એડીસન

વિજ્ઞાનના જાદુગર ગણાઇ ચૂકેલા મર્હૂમ ટૉમસ આલ્વા એડીસનના નામથી તો તમે વાકેફ હશો જ. પણ આ 'કુમાર એડીસન'નું નામ તો અમેરિકાના ગ્રેનાઇટ ફૉલ્સના ફ્રાન્કલીન લી નામના છોકરાને મળેલું છે. માત્ર તેર જ વર્ષની તેની વય છે છતાં મોટા મોટા ઇજનેરો કરતાં યંત્રો ને વીજળીનું તેનું જ્ઞાન વધી જાય છે. ઘરગથ્થુ ઇલેક્ટ્રિક જેનરેટર્સ ને દીવાઓથી આકર્ષક રીતે ઓપતી ગૅરેજ એ તેનું કારખાનું તેના એક ખૂણામાં એણે પોતે જ બનાવેલું એક ઇલેક્ટ્રો-મૅગ્નેટ ગોઠવ્યું છે, જે સો રતલ સુધી વજન ઊંચકી શકે છે. એ સિવાય જૂનાં સાહિત્યોમાંથી એણે કેટલા યે સંચેડા, મોટરો ને ટ્રાન્સફૉર્મરો ઊભાં કર્યાં છે.

લીના દેખાવ કે એની ચાલચલગત પરથી એની બુદ્ધિની કુશાગ્રતાનો ખ્યાલ ન આવે, પણ એની દસ જ વર્ષની વયે તો ઘડિયાળના જુદાજુદા ભાગો ને લોઢાના ટુકડાથી તેણે પહેલવહેલી એક વીજળીક મોટર બનાવી હતી અને તે ચાલતી હતી! એમાં શાફ્ટને ઠેકાણે એણે ગૂંથવાનો સોયો ગોઠવેલો.

એના લાગતાવળગતાઓ બધા તેના મનની વૈજ્ઞાનિક વલણ જાણતા હોઇ, નાતાલના દિવસોમાં એને ભેટો પણ બધી યાંત્રિક ઓજારોની જ મળતી રહે છે. એની ગૅરેજની એક આખી બાજુ ચોપડીઓની છાજલીઓથી જ ભરેલી છે, જે એક સંપૂર્ણ વૈજ્ઞાનિક પુસ્તકાલય બની રહે છે. ગૅરેજને મથાળે વળી એણે સ્વનિર્મિત સર્ચલાઇટ મૂકી છે, જે દસ માઈલ સુધી એના પ્રમાણિક પ્રયાસોનો પ્રકાશ પાથરતી રહે છે.

એને મુકાબલે તેર વર્ષનો કોઇ હિંદી કુમાર આપણે જોઇએ તો?

હિંદી કુમારોનું નૌશિક્ષણ

ભાગ્યે જ સાડા પાંચ થયા હશે. લંગર નાખી પડેલા જહાજ 'ડફરિન'ની પૂર્વે આવેલી અંધારી ટેકરીઓની ટોચો પર અરુણનો પ્રકાશ પથરાય છે ને ધીમે ધીમે ટેકરીઓની પશ્ચાદ્ભૂમિનું ધુમ્મસ ઊંચે ને ઊંચે વળોટાતું જાય છે.

ત્યાં થોડી જ વારે 'ડફરિન'નું ચાર ઘંટડીઓવાળું 'ગૅન્ગવે ક્લૉક' ઘડિયાળ છના ટકોરા વગાડે છે, તેની સાથે જ બ્યુગલર પણ 'રૅવિલે' વગાડવા માંડે છે ને એક સામટા એકસો ને આડત્રીસ કડેટો (Cadets) બહાર નીકળી પડે છે.

દિવસ શરૂ થઇ ચૂક્યો છે.

શૌચાદિથી પરવારી કડેટો પોતાના ઓવરૉલ્સ ચડાવી સીધા રસોડામાં ઘુસે છે, જ્યાં બિસ્કીટ, માખણ ને ગરમાગરમ કૉફી તેમની રાહ જોઇ રહ્યાં હોય છે.

દરમિયાન બ્યુગલરની ચકોર આંખો તો ઘડિયાળ પર જ મંડાએલી હોય છે. છ ઉપર વીસ મિનિટ વીતતાં જ તે 'ફૉલ ઇન'નો નાદ કરે છે ને બધા કડેટો બહાર નીકળે છે. પાંચ મિનિટની પ્રાર્થનામાં દરેક પોતાની રીતે મહાન પ્રભુને નમે છે.

પ્રાર્થના બાદ કામગીરીની શરૂઆત થાય છે. બધા કડેટો, જાણે પોતાનું જ જહાજ હોય તેમ ખભેખભા મેળવી ખંતથી મંડે છે ને થોડી વારમાં તો આખું જહાજ સાફ સાફ થઇ જાય છે. પિત્તળકામ પણ જળાંહળાં થઈ ઊઠે છે ને પછી અમલદાર આવી કામગીરી પર સંતોષની નજર નાખે છે.

૭-૨૦ થતાં બ્યુગલર પાછો 'રીટર્ન સ્ટોર્સ'નો સાદ ફૂંકે છે અને એ સાથે જ લૂછવાના કકડા, બાલદી, સાવરણી વગેરે સફાઇનો બધો સરંજામ તેની યોગ્ય જગાએ ગોઠવાઈ જાય છે.

દસ જ મિનિટ પછી, ૭-૩૦ની બ્યુગલરની 'ફૉલ ઇન'ની તાકીદ વખતે તો કડેટો બિલકુલ બદલાઇ ગએલા લાગે. સ્વચ્છ ને રોનકદાર છતાં હળવાં કપડાંમાં સૌ નંબરને અનુક્રમે ગોઠવાઇ જાય છે, એટલે કૅપ્ટન-ઇન-ચાર્જ આવી સૌને જુદીજુદી વ્યાયામક્રિયા કરાવે છે ને તે કેટલો વખત ચાલુ રાખવી એની સૂચના યે સાથોસાથ આપી દે છે. આ ક્રિયા દરેક કડેટ પોતાની મરજી અનુસાર સભાનપણે કરતો હોવાથી તેને પોતાની સંકલ્પશક્તિ અને સ્નાયુબળ પર પણ અજબ કાબૂ આવે છે, જે એ ક્રિયાને યાંત્રિક બનતી અટકાવે છે.

કસરત પતતાં કડેટો નાહીધોઇ પાછા વાદળી યુનિફૉર્મમાં સજ્જ થઇ જાય છે ને ૮-૧૦નું બ્યુગલ થતાં જ શાળામાં જઇ અભ્યાસમાં રત બને છે.

'ડફરિન'નો અભ્યાસક્રમ જ એવો છે કે પહેલેથી તે છેવટ સુધી સતત ને એકચિત્ત કાર્ય કરતા રહેવાથી જ સફળતા મેળવી શકાય. અને એ કાર્ય પણ એવી રીતે યોજાએલું છે કે ત્રણે વર્ષ સુધી કડેટોનો બધો ઉત્સાહ ટકાવી રાખે છે.

૮-૪૦ વાગતાં બ્યુગલરના આખા દિવસના સૌથી આકર્ષક

નાદમાંનો એક ગાજી ઊઠે છે: 'ફૂકસ!' એ અવાજ થતાં જ કડેટો નાસ્તા માટે ઝપડે છે.

૯–૩૦ કલાકે પાછી શાળા શરૂ થાય છે. શિક્ષણના બે વિભાગો છે: સામાન્ય અને ધંધાદારી. પહેલામાં મૅટ્રિક જેવો સામાન્ય ક્રમ, જ્યારે બીજામાં ખાસ અમલદારો મારફત માસ્ટર્સ એક્ઝામિનેશનને લગતું સઘળું સૈદ્ધાંતિક ને પ્રાયોગિક શિક્ષણ. સામાન્ય ને ધંધાદારી અભ્યાસ, હસ્તકામ ને રમતગમતો વગેરે એવી રીતે ગોઠવાયાં છે કે કંટાળો જ ન આવે.

૧૦–૫૫ થતાં તુતક પર કડેટોના વિભાગો પાડી બૅન્ડ મારફત કૂચની તાલીમ આપવામાં આવે છે.

૧૧–૨૦ વાગતાં વળી વર્ગશિક્ષણ શરૂ થાય છે ને ૧૨–૪૫ થતાં તો પાછો બ્યુગલરનો પેલો પ્રિય પોકાર આવે છે: 'ફૂક્સ.' તરત રસોડું કડેટોથી ભરાઇ જાય છે અને ભોજનને ઇન્સાફ આપવામાં આવે છે.

ભોજન પછી અરધો કલાક રેડિયો ચાલે છે ને એટલા વખત સુધી કામનો બધો બોજો ને અભ્યાસના કલાક ભુલાઈ જવાય છે. પણ એ મીઠા સ્વપ્નામાં ભંગ પાડતું ૧–૨૫નું બ્યુગલ ફૂંકાય છે ને બધા શાળામાં જાય છે.

બ્યુગલર જાગતો જ રહે છે. ૪–૨૦ થતાં જ 'કૅરી ઑન'નો નાદ કરી તે અભ્યાસનો અંત આણે છે.

હવે રમતગમતનો વારો આવે છે ૪–૪૦ થતાં એક 'વૉચ (ટુકડી) રમવા માટે કિનારે ઊતરી પડે છે, જ્યારે બીજો 'વૉચ' હોડી તરાવવી, મુક્કાબાજી વગેરે વિવિધ ખેલોમાં પરોવાય છે. ખલાસી જીવનના ઘડતરમાં ઉપયોગી કે આત્મશ્રદ્ધા જગાવતી હરેક રમત રમવાની એમને છૂટ હોય છે.

કલાકો તો દરિયાનાં મોજાં જેમ પસાર થતાં જ જાય છે. રમતગમતનો કલાક પસાર થતાં 'ગેમ્સપાર્ટી' પાછી જહાજ પર આવે છે, ને એ નહાય, કપડાં બદલે ત્યાં સુધીમાં તુતક પર રહેલો 'વૉચ' સિગ્નલિંગની તાલીમ લે છે. બોર્ડ ઑવ ટ્રેડ એક્ઝામિનેશન્સમાં સિગ્નલો અગત્યનો ભાગ ભજવતા હોઈ તેનું સંપૂર્ણ જ્ઞાન કડેટોને આવશ્યક છે.

૭–૧૦ એ રાતના વાળુનો સમય છે. ત્યાર બાદ ૮–૪૫ સુધી કડેટો લગભગ છૂટા જેવા હોય છે. આ ટૂંકા આરામ દરમિયાન સંગીત, નૃત્ય ને સ્કાય-લાર્કિંગની બહાર ચાલે છે.

પણ એ સુખી કલાકોનો ૮–૪૫ થતાં જ બ્યુગલર 'ટૅપ્સ'ના પોકારથી અંત આણે છે ને બધા કડેટો તુતક પર રવાના થાય છે. પાંચેક મિનીટ પ્રાર્થના ચાલે છે; અને તે પછી ૯–૧૫ મિનીટે બ્યુગલરના 'લાસ્ટ પોસ્ટ'ના છેલ્લા સૂરો રમતા હોય છે ત્યાં તો બધા દીવા ઓલવાઇ જઇ, દિવસના પરિશ્રમના પરિહારાર્થે સઘળા કડેટો પથારીની હૂંફમાં પડે છે.

દરેકે દરેક કડેટ સમજતો જ હોય છે કે નૌશિક્ષણમાં શિસ્ત એ જબરામાં જબરી માનસિક ને નૈતિક કેળવણી છે. અને ડફરિનનું શિક્ષણ એનું મહત્ત્વ ને એની અગત્ય એમના મનમાં પૂરાં ઠસાવે છે.

નૌશિક્ષણ માટે એકલો દરિયા તરફનો ચાહ બસ નથી. પ્રબળ ચારિત્ર્ય ને નૈતિક દૃઢતા પણ તેમાં ખાસ જરૂરી છે; ઉપરાંત, ખલાસીજીવનને લગતી મુશ્કેલીઓ ને અગવડો જીવનમાં બરદાસ્ત કરવાનું ખડતલપણું તો અનિવાર્ય જ ગણાય.


દરિયો જોયો પણ ન હોય એવા યે ઘણા હિંદી કુમારો નૌશિક્ષણની તાલીમ અર્થે 'ડફરિન' પર જોડાય છે. એમાંના કોઇક દરિયો ખેડવા અશક્ત બને છે, છતાં પોતાના શિક્ષણનો એ પૂરતો લાભ ઉઠાવી શકે એટલા માટે આપણા દેશની ઘણીખરી યુનિવર્સિટીઓએ 'ડફરિન'ની ફાઇનલ પરીક્ષાને મૅટ્રિક્યુલેશનની પરીક્ષા સમાન જ ગણેલી છે.

આપણા હિંદના પુરાણા ખલાસીજીવનનો પુનરુદ્ધાર કરવા જેટલા કુમારો આ નૌશિક્ષણમાં જોડાય તેના પર જ આપણા ભાવિ હિંદની સાગરરાષ્ટ્ર તરીકેની સુસ્થિતિનો મદાર છે.

ઝિપ!

બરાબર એવો જ અવાજ કરતી એ નામની યુક્તિથી આજ કોણ અજાણ્યું હશે? બૂટ, ગંજીફરાક, હૅન્ડબૅગો, આલ્બમો, –એવી અનેક ચીજોને બંધ કરવા માટેની તે પર આજકાલ જોવામાં આવતી એ પ્રયુક્તિએ છેલ્લાં ત્રણચાર વર્ષમાં એટલી તો પ્રગતિ સાધી છે ને એની ઉપયોગિતા એટલી તો વધી છે કે દુનિયાની તેને આઠમી અજાયબી કહીએ તો યે ચાલે. સુધરેલા જગતનો કોઇપણ માણસ તેનાથી અજાણ નથી. છતાં એના રહસ્યનો હજુ પૂરતો સ્ફોટ નથી થયો. એની કોણે શોધ કરી? એ કેવું કામ આપે છે?

કાપડના કકડા પર કાણું પાડી તેમાં બટન ભેરવવાની શોધ કોણે કરી? ભૂતકાળના ધુમ્મસમાં એનું નામ ગુમ થયું છે, છતાં એ શોધ બહુમૂલ્ય હતી ને એના પછી સદીઓ બાદ થએલી આ 'ઝિપ ફાસનર'ની શોધ પણ એવી જ બહુમૂલ્ય છે. એની પહેલી ઉત્પાદક પ્રતિભા ચિકાગોનો ડબલ્યુ.



A સ્લાઇડર; B ઉઘાડવાસ માટેનો જરૂરી કાણું; C દાંતો; D પોલાણ; E અરધા ચપટ દાંતા; F સંપૂર્ણ ચપટ દાંતા.

એલ. જડસન. એણે ઇ. ૧૮૯૩માં પહેલો નમૂનો ઊપજાવ્યો.

જો કે આજના વિકસિત સ્વરૂપની સરખામણીમાં જોઇએ તો તો એ નમૂનો કઢંગો જ લાગે, પણ એના પાછળ એક નવું જ દિશાજ્ઞાન રહેલું હતું. છતાં સાચું કહીએ તો, જડસન તો તેના સ્વરૂપમાં સંપૂર્ણતા નહોતો જ આણી શકેલો.

એ સંપૂર્ણતા આણવાનું માન તો અમેરિકાના એક લક્ષાધિપતિ વકીલ કર્નલ લૂઈ વૉકરને ફાળે જ જાય છે. આજની સંપૂર્ણતાએ પહોંચ્યા પહેલાં એને એ પાછળ લાંબો ડૉલરો વેડફવા પડેલા ને વીસ વરસ સુધી લાગલાગટ મથવું પડેલું. અનેકાનેક શોધો, અખતરાઓ, નવાં નવાં યંત્રો ને ઓજારો એ માટે યોજવાં પડેલાં. આખરે કોઇ ગિડિયન સન્ડબૅક નામના એક શખ્સના કૌશલ્યે તેને છેલ્લી સફળતા આપી ને પરિણામે આજના પરિવર્તનશીલ જમાનામાં 'ઝિપ' એટલું તો સમાદર પામ્યું કે વીસ વરસ પર કર્નલ વૉકરે રોકેલી મૂડી જેટલો તો હાલ દર સાલ તેને ચોકખો નફો મળે છે! એની કંપનીના શેરોના માંડ દોઢસો જેટલા શેરહોલ્ડરો છે, પણ એ શેરોની કીમત એટલી વધી ગઇ છે કે ૩૫૦૦ ડૉલરની કીમતે પણ તેમાંથી એકાદ શેર વેચવા કોઇ તૈયાર નથી. આજે તો અમેરિકામાંથી અનેક દેશોમાં એ ઉદ્યોગ વિસ્તર્યો છે.

આ ઝિપ ફાસનરની બનાવટ તદ્દન સાદી છે. તેની બંને બાજુએ ધાતુના દાંતા હોય છે ને દરેક દાંતાની સામી બાજુ એટલી જ પોલાણ હોય છે, એટલે તેના હાથાને ઉપર ખેંચતાં જ એ દાંતા સામેની પોલાણમાં ભરાઇ જઇ ચપટ થઇ જાય છે; એની વિરુદ્ધ દિશામાં ખેંચતાં પાછા ખુલી જાય છે.

જોકે કોઇ વખત દાંતા એકબીજામાં અટવાઈ પણ જાય છે, પણ એના માટે બે વરસ પહેલાં ઇમ્પીરિયલ કેમિકલ્સે ધાતુ જેવો જ એક પદાર્થ બહાર પાડેલો. હળવી ચીજો માટે તો તેનો વપરાશ થવા માંડ્યો છે, પણ ભારે ચીજો માટે કોઇ રસાયણશાસ્ત્રી ધાતુના ગુણધર્મોવાળું કોઇ નવું પ્લાસ્ટિક શોધી કાઢે ત્યારે ખરૂં.

ગોળ કે સાકર?

ખાંડ અને ગોળ બેમાંથી ખાદ્ય પદાર્થ તરીકે ઉત્તમ કયું? રસાયણશાસ્ત્રીઓ અને ખોરાકશાસ્ત્રીઓએ ખાંડ કરતાં ગોળને ખોરાક તરીકે શ્રેષ્ઠ ઠરાવ્યો છે. પણ ગોળનાં રંગ-રૂપ તેના ગુણ જેટલાં સારાં નહિ તેથી કે ગમે તે કારણે તેનો વપરાશ ઓછો થતો જાય છે.

હિંદમાં જ્યારે ખાંડ નહોતી ઉત્પન્ન થતી અને જે થતી તેનું પ્રમાણ અતિ જૂજ હતું ત્યારે ખાંડ-સાકર પરદેશી હોવાને કારણે પણ બહિષ્કારને યોગ્ય મનાતી. પણ હમણાં બિહાર અને બંગાળમાં સાકરનાં સ્વદેશી કારખાનાં વધ્યાં અને ખાંડ સ્વદેશી બની એટલે હવે લોકોને તે વાપરવામાં બિલકુલ સંકોચ થતો નથી.

પરંતુ ખાંડ સ્વદેશી બની એટલે તેમાં ગોળના ગુણ પેસી જતા નથી. પણ આજના વીસમી સદીના સુધારાનું જ કંઇક એવું લક્ષણ છે કે લોકોને ગુણ કરતાં દેખાવ, રૂપ-રંગ વધુ આકર્ષે છે. એટલે ગોળ તેના ગુણ છતાં સફાઇના અભાવે અપ્રિય બનતો જાય છે.

રસાયણશાસ્ત્રની દૃષ્ટિએ આપણા ખોરાકના ત્રણ વિભાગ પાડી શકાય: પ્રોટીન્સ, ફૅટ(ચરબી), કારબોહાઇડ્રેટ્સ. ગોળની ગુણવત્તામાં આ છેલ્લો વિભાગ વિચારવો જરૂરી છે.

કારબોહાઇડ્રેટ્સનું ઉદ્‌ભવ સ્થાન વનસ્પતિ છે. ગળપણ એ તેનો એક મહત્ત્વનો વિભાગ અથવા સ્વરૂપ છે. ત્યાં કુદરત પશુ, પક્ષી અને માણસના ઉપયોગ અર્થે તે હમેશાં તૈયાર જ છે.

ગોળની રસાયણિક કિંમત વિચારતાં શારીરિક દૃષ્ટિએ ગોળ, સાકર વગેરે ગળપણો પચવામાં કેવાં હોય છે અને લોહીમાં કોણ પહેલું અને કઇ રીતે ભળી જાય છે તે જાણીએ:

શરીરશાસ્ત્રની દૃષ્ટિએ ગળપણના બીજા ત્રણ વિભાગ છે. તેના એક વિભાગમાં દ્રાક્ષ, ફળો, અને દૂધનું ગળપણ આવે છે જે ખાતાંની સાથે જ સીધું લોહીમાં ભળી જાય છે. પરિણામે પાચનક્રિયા પર આવા ગળપણને પચાવવાનો બોજો બિલકુલ પડતો નથી અને શરીરને તેનો પૂરતો લાભ મળે છે. ગોળ અને સાકરમાં ગુણની દૃષ્ટિએ જે ફેર છે તે આંહીં જ છે. કારણ કે સૂક્ષ્મ દૃષ્ટિએ બન્નેના ગળપણમાં ભેદભાવ છે.

પંજાબના તંદુરસ્તી ખાતાએ ગોળનું પૃથક્કરણ આ પ્રમાણે કર્યું છે: સુક્રોઝ (એક જાતનું ગળપણ) ૬૩ ટકા, ફ્રુક્ટોઝ (ફળોમાં રહેતું ગળપણ) ૧૯ ટકા, નહિ ઓગળતાં તત્ત્વો ૩ ટકા, પાણી ૧૨ ટકા, મીઠું ૩ ટકા.

એટલે, આગળ જણાવ્યું તેમ લોહીમાં સીધી રીતે ભળી જતું ફળફળાદિમાં રહેલું ગળપણ તે ગોળમાં ૧૯ ટકા છે, જ્યારે સાકરમાં બિલકુલ નથી! એટલે ગોળ પાચનક્રિયા ઉપર ભાર વધાર્યા સિવાય શરીરને તત્કાળ ફાયદો કરે છે, જ્યારે ખાંડને પચાવવી પડે છે અને પછી જ તે લોહીમાં ભળી શકે છે. પરિણામે ગળપણ માટે ગોળ કરતાં ખાંડ જેટલી વધારે લેવાય તેટલો પાચનશક્તિ ઉપર બોજો વધે છે. અને તેના ઉપર ઘસારો પડે છે.

આથી ખાંડનો એક બીજો ગેરલાભ પણ થયો છે, અને તે મીઠી પેશાબનું દર્દ વધ્યું છે તે. પાચન શક્તિના ઘસારાનું આ સીધું પરિણામ છે.

ગોળના સીધા લોહીમાં ભળી જવાના ગુણને લીધે તે થાકેલા ને હતાશ થઇ ગએલા શરીરને સ્ફૂર્તિવાળું બનાવે છે. આ કારણે તો સંયુક્ત પ્રાંત અને બિહારના જમીનદારો અને ખેડૂતો સખ્ત મહેનત પછી ગોળ ખાય છે અને થાક ઉતારે છે. શક્તિ લાવવા માટે સુવાવડીને ગોળ, ઘી અને સૂંઠ અપાય છે. અત્યારે આપણે ગોળ છોડ્યા પછી ગ્લુકોઝ વાપરતા થયા છીએ.

ખોરાકશાસ્ત્રીઓએ તો ગોળના બીજા ગુણો પણ શોધ્યા છે. દક્ષિણ હિંદ–કુનુરનો પોષણ સંશોધનખાતાનો વડો કહે છે કે ગોળમાં લોહ, ફોસ્ફરસ અને કૅલ્શ્યમ રહેલાં છે, જેની પોષણની દૃષ્ટિએ શરીર ઉપર ભારે અસર થાય છે. વૈજ્ઞાનિકો કૅલ્શ્યમનું મહત્ત્વ દિવસે દિવસે વધારતા વધારતા એટલે સુધી ગયા છે કે હવે તો ક્ષયરોગનું નિવારણ અને તેની ચિકિત્સામાં તે અનિવાર્ય બન્યું છે. (ફુલછાબ)

હિંદનું નવું વર્ષ

જૂનું વર્ષ વીતીને નવું શરૂ થાય તેવા પ્રસંગો હિંદમાં વર્ષ દરમ્યાન એક કે બે નથી હોતા પણ કેટલાયે હોય છે. હિંદમાં રહેતા યુરોપિયનો, પશ્ચિમના સંસર્ગમાં રચ્યાપચ્યા રહેનાર હિંદીઓ અને એવા બીજાઓ જાન્યુઆરીની પહેલી તારીખે શરૂ થતા નવા વર્ષમાં આનંદોત્સવ કરે છે. અધિકારીઓનું વર્ષ એપ્રિલથી માર્ચ સુધીનું હોય છે. પારસી લોકો પર પશ્ચિમની ખૂબ અસર હોવાથી તેઓ ખ્રિસ્તીઓના નવા વર્ષના ઉત્સવમાં ભાગ લે છે, છતાં સાથેસાથે તેઓ ધાર્મિક દૃષ્ટિ તથા દેશાભિમાનથી પ્રેરાઇને ૫મી સપ્ટેમ્બરે પારસી નવા વર્ષની ઉજવણી કરે છે. ધંધામાં રચ્યાપચ્યા રહેનાર ગુજરાતીઓ દિવાળીના દિવસે મુહૂર્તના સોદા કરે છે. આંધ્રના લોકો ૧લી એપ્રિલે નવું વર્ષ ઊજવે છે. તામીલ લોકો ૧૩મી એપ્રિલે, બંગાળી લોકો ૧૪મી એપ્રિલે તથા મલાયલીઝ લોકો 'ઓનમ' (Onam)ને દિવસે નવા વર્ષની ઊજવણી કરે છે. હિંદી નવા વર્ષની તારીખો કે પંચાંગનાં વર્ષ પ્રમાણે નિર્ણિત નથી વર્ષે વર્ષે તેમાં ફેરફાર થતો આવે છે. હિંદી સરકાર પોતાનું નવું વર્ષ ૧લી એપ્રિલથી શરૂ કરે છે તો જુદાજુદા દેશી રાજ્યોમાં જુદીજુદી રસમો પ્રચલિત છે. માઇસોર તથા હૈદ્રાબાદમાં વર્ષ જુલાઇથી શરૂ થઇ જૂનમાં પૂરું થાય છે. ત્રાવણકોરનું વર્ષ ૧૬મી ઑગસ્ટે શરૂ થાય છે.

—છોટાલાલ માનસિંગ કામદાર



હરીફાઈનાં ઈનામો તરીકે આપણા દેશમાં યુરોપના અનુકરણ રૂપે 'કપ' આપવાનો ચાલ પડ્યો છે. આ 'કપ' દારૂ પીવાના કપના જ ઘાટના હોય છે અને આપણી સંસ્કૃતિ સાથે કોઈ રીતે સંગત થતા નથી છતાં મયદાની રમતો તેમજ શાળા કે મંડળોમાં તેનો કોઇએ વિરોધ કર્યો નહોતો. પૂનાના ગુજરાતી બન્ધુ સમાજની રંગોળીની હરીફાઈમાં આ વિજય પ્રતીક બદલવાનો યશ સૌ. શાન્તાબેન કવિ લઇ જાય છે. તેમણે કપને બદલે હાથી ઉપર મૂકેલો કળશ આપવાની પ્રથા દાખલ કરી સુંદર શરૂઆત કરી છે. વિદ્યા કે કુશળતામાં અગ્રગણ્ય ગણાતાં પાત્રોને આવો રૂપાનો કળશ મળે એ વિચાર ખૂબ આદરણીય છે. ઉંચાઇમાં આઠ ઇંચનો આવો કળશ તૈયાર કરાવવાનું ખર્ચ ૬૦થી ૭૦ રૂપિયા આવે છે.

વિકસતું વિજ્ઞાન

માસાચુસેટ્સના મિ. જ્યૉર્જ ડબલ્યુ. શેફરે એક જ બાજુ શાહી લાગે એવી ટાઇપરાઈટરોની રિબનો બનાવી છે, જેથી યંત્રના ચલ ભાગોમાં બીજી બાજુની શાહી ભરાઇ કશો ખોટપો ન કરે. રિબનનો કોરો ભાગ જ સન્મુખ રહેવાથી આંગળાં બગડવાની પણ એથી બિલકુલ ધાસ્તી રહેતી નથી.

સંધીવાના ઇલાજ માટે હવે મગરીના ડંખનો ઉપયોગ થવા લાગ્યો છે અને તે માટે ખાસ ભમરીનો ઉછેર કરવામાં આવે છે! કામ કરનારા ભમરીનો ડંખ એક કાગળ ઉપર પડાવે છે; એ કાગળ ઉપર પ્રથમથી જ ડંખ ચૂસનાર રસાયણ લગાડેલું હોય છે. રોજના આવા ૬૦૦૦ ડંખ તૈયાર કરી તેમાંથી સંધીવા ઉપર લગાડવાનો મલમ તૈયાર કરવામાં આવે છે.

વરસોના અખતરા બાદ જર્મન ડૉક્ટર હૅન્સ ફૉર્ટે સીસા જેવું જ નરમ લોખંડનું પ્લાસ્ટિક તૈયાર કર્યું છે. વજનમાં ખૂબ હલકું છતાં ઉત્પાદનમાં એ સીસાથી યે સસ્તું પડે છે. અને સીસાના બધા ઉપયોગ આપે છે લોખંડના ચૂર્ણને હાઇડ્રોજનના વાતાવરણમાં ૨૦૦૦ ડિગ્રી ફેરનહાઇટ ગરમી આપતાં આ પ્લાસ્ટિક બનાવી શકાયું છે.

અમેરિકામાં હવે કાચની ઈંટોનાં જ મકાન બનાવવાનું શરૂ થઇ ગયું છે. મોટા મોટા સ્ટોરો અને શાળાઓ માટે તેને ખાસ અગત્ય આપવામાં આવી છે. કારણ, પ્રકાશના સઘળા લાભો એથી મળવા ઉપરાંત તેની દીવાલોમાંથી બહારનો ઘોંઘાટ ઓછામાં ઓછો પસાર થઇ શકે છે.

૧૯૩૪ના પરિભ્રમણ વેળા નાગપુર પાસે ટ્રેનમાં ગાંધીજીનો ખાદીનો ટુકડો ખોવાઇ ગયો. બહુ તપાસ છતાં ન મળતાં મહાદેવભાઇએ બીતાંબીતાં પૂછ્યું, 'નવો દઉં?' ગાંધીજીએ કહ્યું: 'એ કટકો તો છ મહિના ચાલે એવો હતો; હવે બીજા છ માસ સુધી હું કટકા વિના ચલાવીશ. મારાથી દેશને આમ વેડફી ન દેવાય.'

અનેકાર્થી શબ્દ: **સાલ**=વર્ષ; પાકની મોસમ; વર્ષાસન; વીંધમાં બેસે તેવો છેડો, બંધબેસતો સાંધો; નડતર, આડ ખીલી; ગિલ્લીદંડાની એક રમત.

ગણિત ગમ્મત

$૧+૩=૨^{૨}$

$૧+૩+૫=૩^{૨}$

$૧+૩+૫+૭=૪^{૨}$

$૧+૩+૫+૭+૯=૫^{૨}$

$૧+૩+૫+૭+૯+૧૧=૬^{૨}$

$૧+૩+૫+૭+૯+૧૧+૧૩=૭^{૨}$

$૧+૩+૫+૭+૯+૧૧+૧૩+૧૫=૮^{૨}$

$૧+૩+૫+૭+૯+૧૧+૧૩+૧૫+૧૭=૯^{૨}$

એ મુજબ આગળ જેમ જેમ એકી સંખ્યા અનુક્રમે ઉમેરતા જઇએ તેમ તેમ સરવાળો ઉત્તરોત્તર એકએક વર્ગ વધતો જશે.

વકતા: આપણા દેશમાં ઘઉંનો મોટો પાક થવાની જરૂર છે.

એક: ઘાસનો શા માટે નહિ?

વકતા: અત્યારે તો હું માણસોના ખોરાક વિષે કહું છું; પણ પછી તમારો યે પ્રશ્ન હાથ ધરીશું.

આ વાક્ય તમે જરા યે તોતડાયા કે ખચકાયા વિના બોલી જાઓ તો ખરા!

'You'll have no need to light a night light on a night like to-night. For a night light lights a slight light and to-night's a night that's light. It is really not quite right to light a night light on a light night like to-night.




ડેટ્રોઇટ શહેરનો આ આલ્ફ્રેડ લૅન્જીવન આંખ વડે ફૂંક મારીને નાની મીણબત્તી ઓલવી શકે છે!

સીસું ૬૨૦F. ડિગ્રી ગરમીથી અને કલઇ ૪૪૬F. ડિગ્રીએ ઓગળે છે; પણ એ બંને ધાતુઓને ભેગી કરો તો ૩૫૬ ડિગ્રીએ ઓગળશે. આ મિશ્રણ પતરાંને રેણ કરવામાં વપરાય છે.

ફોટોગ્રાફિક ફિલ્મોની બનાવટ પાછળ દર વરસે દસ લાખ રતલ રૂપું વપરાય છે.

ટમાટાંની પહેલી આયાત યુરોપમાં દક્ષિણ અમેરિકામાંથી ૧૫૮૩માં થઇ.



સંયોજનાચિત્ર

દેખીતા ત્રણ ઘોડાના બનેલા આ ચિત્રમાં, ખરી રીતે ષટ્કોણની છ બાજુએ છ ઘોડા દેખાય એવી ચાતુરીભરી રચના છે. એમાં એક એકને અંતરે ત્રણ ઘોડા દોડતા જણાશે. અને તે પછીના અનુક્રમાંતરે ઠોકર ખાઇને ઢળી પડતા ઘોડા માલૂમ પડશે

આપણે 'હુર્રે' કહીએ છીએ એ હુર્રા (Hurrah) શબ્દ મૂળ કોઇક ભાષાનો છે: Hu Raj—હુ રાજ એટલે સ્વર્ગ.

યુનાઇટેડ સ્ટેટ્સમાં દર પાંચ માણસે એક મોટર ફાળે આવે છે, ગ્રેટ બ્રિટનમાં દર ૨૫ માણસે, જ્યારે હિંદુસ્તાનમાં દર ૧૪૨૬ માણસે એક.

જન્મ પહેલાં ચાર મહિનાથી બાળકના હૃદયની ગતિ શરૂ થઇ જાય છે.

એક રતલ રેડિયમની મદદથી બે હજાર વરસ સુધી ઘરને ગરમ રાખી શકાય.

રાતા વાળવાળા માણસોના લોહીમાં લોહતત્ત્વ પુષ્કળ હોય છે.

વિષુવવૃત્તની બરાબર રેખા ઉપર તો દુનિયામાં માત્ર એક શહેર આવેલું છે, ને તે ક્વીટો. ત્યાં સૂર્યોદય ને સૂર્યાસ્ત બારે માસ બરાબર છ વાગ્યે જ થાય છે.



દરિયાઇ ઘોડાના નામથી ઓળખાતી માછલીની આ જાતમાં નરને એક કોથળી હોય છે, જેમાં માદા ઇંડાં મૂકે છે. ને એ સેવાઇ રહેતાં બાપ બચ્ચાંને જન્મ આપે છે!

વિરોધી અર્થવાળી કહેવતો: 'ધીરજનાં ફળ મીઠાં'—'તુરત દાન ને મહા પુન્ય.'